વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

એક વૈશ્વિક વિચારધારા

Vishv UMIYA Foundation
આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

Published on - 01 January 2026 | ₹ 50-00
Editor- Prof. Dr. J. M. Panara | તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા



# Grand Launching

## VUF BUSINESS NETWORK App

ગામ થી ગ્લોબલ સુધીનું પ્લેટફોર્મ

Vishv UMIYA Foundation

# VUF Business Network

Connect ● Trade ● Grow



VUF બિઝનેસ નેટવર્ક એપ
Android & iOS

સ્કેન કરી ડાઉનલોડ કરો

## Application for WHAT & WHY ?

આ એક પ્રોફેશનલ નેટવર્કિંગ એપ છે. જ્યાં તમે બિઝનેસ, જોબ, પ્રોફાઇલ અને પ્રોજેક્ટ્સ એક જ જગ્યાએ સરળતાથી મેનેજ કરી શકો છો. બીજા ધંધાર્થીઓ સાથે કનેક્ટ થઈને પ્રોફેશનલ ગ્રોથ, સંકલન, નવી તકો થકી આપના કેરિયર અને બિઝનેસને નવી ઊંચાઈ પર લઇ જાઓ.

## VUF Business App Features

**Digital Business Network**
ઉદ્યોગકારો, બિઝનેસમેન, પ્રોફેશનલ્સ સાથે કનેક્ટ થવા માટેનું પ્લેટફોર્મ

**Business Growth Tools**
લીડ જનરેશન, બ્રાન્ડ વિઝિબિલિટી અને ડિજિટલ ઓળખ વધારવા માટેનું Tool

**Project Collaboration**
ઔધોગિક પ્રોડ્કટસ - સર્વિસીસ એક્ષ્પર્ટ અને ટીમ રીસર્ચ માટેનું ઉત્તમ નેટવર્ક.

**B2B & B2C Business Contact**
વેપારીઓ વચ્ચે વ્યવસાયિક ભાગીદારી અને નવા ધંધાકીય અવસર

**Jobs & Hiring Market Place**
નોકરી શોધનાર અને આપનાર માટે સીધી, ઝડપી અને પારદર્શક પ્રક્રિયા

**Digital Profile Management**
આપની પર્સનલ અને પ્રોફેશનલ ઓળખને ડીજિટલ પ્રોફેશનલ્સ રીતે રજૂ કરી શકાશે

**Benefits of Connecting with Angle Investor**
**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને હોદ્દેદારશ્રીઓના નેટવર્કનો લાભ**

## સ્પોર્ટ્સ

**રમતગમત દ્વારા સ્વાસ્થ્ય જીવન શૈલી અને ટીમ ભાવના પેદા થાય તેવો અભિગમ**

- સમાજના યુવાવર્ગમાં રમતગમત થકી કેરિયર વિકસે તેવા પ્રયાસો.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સમાજનું ગૌરવ વધે તેવા પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા.
- રમતગમતને વ્યવસાય તરીકે વિકસાવવા સમાજની સામાજિક મૂડી સમાન યુવાનોને તૈયાર કરવા.
- ગ્રામ્ય - શહેરી વિસ્તારોના યુવાનોને સમાન તક મળે તે માટે રમતગમતનો વિસ્તૃત વ્યાપ વધારવો.
- રમતગમતના માધ્યમથી યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને આત્મ વિશ્વાસ વિકસે તેવા પ્રયાસો.
- પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ અને માર્ગદર્શન માટે તાલીમ શિબિરોનું આયોજન.

ISO 9001

+91 72020 80222/333 | contact@vuf.org | www.vuf.org

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

**Endometriosis Clinic** by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

**MAYFLOWER AESTHETICS**

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

**Fertility Solutions** by Mayflower

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

**Obstetrics Clinic** by Mayflower

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

**85,000+** Surgeries

**1 Lac+** Happy women

**20,000+** Fertility Enhancing Surgeries

**21+** Years of Care

+91 6352 800 850 | care.mayflowerhospital.com | www.mayflowerhospital.com

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**જાન્યુઆરી ૦૧, ૨૦૨૬**
January 01, 2026
**વર્ષ : ૦૪,** Year : 04
**સળંગ અંક : ૪૪** Ank : 44
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**Owner :** Vishv Umiya Foundation

ISO 9001





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel





**તંત્રી -** પ્રો. ડો. જે. એમ. પનારા
**Editor -** Prof. Dr. J. M. Panara

**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી : Consultant**

પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ | પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ
Padmashri-Devendra Patel | Padmashri-Dr. Kumarpal Desai

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :**
ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :**
ભાવિક પટેલ **Art Director :** Bhavik Patel

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** umasrushti@vuf.org
**Mobile :** +91 7202080222/333

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham, Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road, Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad & **Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ અમદાવાદ

# અનુક્રમણિકા

Vishv UMIYA Foundation


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વિશ્વ ઉમિયાધામના આંગણે યુવાશક્તિ અને બિઝનેસનો મહાકુંભ | પ્રમુખશ્રીની કલમે | ૦૫ |
| ૨. | યુવા બિઝનેસ મહાસંમેલનની ઝલક | | ૦૮ |
| ૩. | મીરાંનો સાધન - પથ (ગતાંકથી શરૂ...) | શ્રી ભાણદેવજી | ૧૩ |
| ૪. | યોગા નહીં યોગ | જસ્મીન એસ. ભીમાણી | ૧૫ |
| ૫. | પ્રજાસત્તાક દિવસ : ગૌરવ, સંકલ્પ અને જવાબદારી | ડો. જે. એમ. પનારા | ૧૭ |
| ૬. | શિક્ષણની દિશા બદલીએ | ગુલાબભાઈ જાની | ૨૨ |
| ૭. | સુખ માટે સંતોનું પ્રિસ્ક્રિપ્શન | ડો. અમૃત કાંજિયા | ૨૪ |
| ૮. | આજનું ભણતર ભારરૂપ કે ભેજારૂપ? | મિત પટેલ | ૨૫ |
| ૯. | હિન્દુ લગ્નમાં સપ્તપદીનું મહત્વ | સંજયભાઈ પટેલ | ૨૬ |
| ૧૦. | સ્ત્રી શિક્ષણ વિના અંધારા કેમ ઉલેચાશે ? | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૮ |
| ૧૧. | સ્ત્રી સ્વર્ગનો આનંદ ભોગવી શકે છે | પ્રાગજીભાઈ પટેલ | ૨૯ |
| ૧૨. | જીવન જીવવાના માર્ગ કેટલા ? | ભદ્રાયુ વછરાજાની | ૩૧ |
| ૧૩. | સંબંધોની વહેતી સરિતા પર વમળો | ડો. ભાવેશ જેતપરિયા | ૩૨ |
| ૧૪. | જીવન એક આશીર્વાદ | નવીન વી. વાછાણી | ૩૪ |
| ૧૫. | તમિલનાડુના દર્શનીય સ્થળો | ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૬ |
| ૧૬. | પોલીટ્રોમાના દર્દીઓની ક્રિટિકલ - કેર | ડો. શાંતિ ભૂષણ પ્રસાદ | ૩૮ |
| ૧૭. | આટલી બાબતે ખ્યાલ, ખેતીમા કાયમ ન્યાલ! | હીરજી ભીંગરાડિયા | ૪૧ |
| ૧૮. | કિચન ગાર્ડન માટે ઉપયોગી બિયારણો | ગિરીશ પટેલ | ૪૩ |
| ૧૯. | જિરાફનો ન્યાય | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૫ |
| ૨૦. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૬ |
| ૨૧. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૮ |


⌘ ⌘ ⌘

## પ્રમુખશ્રીની કલમે

# વિશ્વ ઉમિયાધામના આંગણે યુવાશક્તિ અને બિઝનેસનો મહાકુંભ



પ્રિય બંધુ-ભગિનીઓ,

આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના અભિયાન અંતર્ગત યુવાનોના સર્વાંગી વિકાસ માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે. સંસ્થા યુવાનોને સ્પોર્ટ્સ સાથે જોડીને શારીરિક સ્વસ્થતા, શિસ્ત અને ટીમવર્કના ગુણો વિકસાવે છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા ભારતીય સંસ્કાર અને પરંપરાને જીવંત રાખવાનો સંદેશ આપવામાં આવે છે. મહિલા સશક્તિકરણ માટે વિવિધ કાર્યક્રમો દ્વારા મહિલાઓને આત્મવિશ્વાસ, નેતૃત્વ અને સ્વાવલંબન માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. સાથે જ યુવાનોને બિઝનેસ તથા ઉદ્યોગ સાહસિકતા સાથે જોડીને રોજગાર સર્જન અને આત્મનિર્ભરતાનો માર્ગ મંદિરના માધ્યમ થકી કંડારવામાં આવે છે. આધ્યાત્મિક મૂલ્યો અને આધુનિક વિચારધારાના સંમિશ્રણથી સંસ્થા યુવાનોમાં સકારાત્મક દ્રષ્ટિ અને જવાબદારીની ભાવના વિકસાવે છે. આવા વ્યાપક પ્રયાસો દ્વારા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સમાજને મજબૂત, સંસ્કારવાન અને પ્રગતિશીલ બનાવવા મહત્વની ભૂમિકા ભજવી રહેલ છે.

ભારતીય સંસ્કૃતિમાં શક્તિ અને ભક્તિનો સમન્વય હંમેશા રહ્યો છે. અમદાવાદના જાસપુર ખાતે આકાર લઈ રહેલું વિશ્વનું સૌથી ઉંચુ (૫૦૪ ફૂટ) જગતજનની મા ઉમિયાનું મંદિર માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર નથી, પરંતુ તે સામાજિક અને આર્થિક ક્રાંતિનું પણ ઉદ્ગમ સ્થાન બની રહ્યું છે. આ દિશામાં એક ઐતિહાસિક કદમરૂપે ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના યુવા સંગઠન દ્વારા અમદાવાદ - જાસપુર ખાતે એક વિશાળ **"યુવા બિઝનેસ મહાસંમેલન"**નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન ગામથી ગ્લોબલ અને વિલેજ થી વિદેશ સુધીની પાટીદાર યુવાનોની મહત્વકાંક્ષાને વાચા આપતું એક પ્લેટફોર્મ બન્યું.

**YUVA** : Yeelding Universal Vision of Atmanirbharbharat.

**BUSINESS** : Building Unity & Strengthening International Network by Enabling Spiritual Support System

આ મહાસંમેલન એક વિચાર, એક આંદોલન અને એક દ્રષ્ટિ છે, જેનો હેતુ યુવાનોને આધ્યાત્મિક ચેતના દ્વારા વ્યાવસાયિક કુશળતા અને વૈશ્વિક વિચારસરણી સાથે જોડવાનો છે. આજના ઝડપી અને બદલાતા સમયમાં, જ્યાં ટેકનોલોજી, નવીનતા અને ઉદ્યોગ સાહસિકતા વિકાસના મુખ્ય આધારસ્તંભ બની રહ્યાં છે, ત્યાં આ પ્રકારનું સંમેલન યુવાનો માટે દિશાસૂચક સાબિત થશે. ભારત આજે વિશ્વના સૌથી યુવા દેશોમાં સ્થાન ધરાવે છે. દેશની પ્રગતિ, આત્મનિર્ભરતા અને વૈશ્વિક પ્રતિષ્ઠા માટે યુવાનોની ભૂમિકા નિર્ણાયક બની રહી છે.

આ ભવ્ય મહાસંમેલનનું ઉદ્ઘાટન દૃઢ મનોબળ, ત્વરિત નિર્ણયશક્તિ અને પ્રબળ ઈચ્છાશક્તિ ધરાવતા ભારતના ગૃહ અને સહકારિતા મંત્રી - માન. શ્રી અમિતભાઈ શાહના કરકમળો દ્વારા કરવામાં આવ્યું, શ્રી અમિતભાઈ અત્યારે દેશના રાજકીય અને વહીવટી ક્ષેત્રમાં એક શક્તિશાળી અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ આજે રાષ્ટ્રીય એકતા અને સુરક્ષાના પ્રતીક તરીકે દરેક સનાતનીઓના હ્રદયમાં સ્થાપિત થઇ ચૂક્યા છે, ત્યારે તેમની ઉપસ્થિતિ જ યુવાનોમાં પ્રેરણા અને ઊર્જા પૂરી પાડે છે, સાથે જ ગુજરાત રાજ્યના સરળ અને સાલસ સ્વભાવ ધરાવતા આપણા સૌના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબીનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ અને જીતુભાઈ વાઘાણી તેમજ પૂર્વમંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા, RSSના ગુજરાત પ્રાંતવાહક શ્રી શૈલેષભાઈ પટેલ, અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન તથા અન્ય ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

**એક લાખ બિઝનેસમેનું વૈશ્વિક નેટવર્કિંગ :** આ સંમેલનની વિશાળતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, વિશ્વ ઉમિયાધામની પવિત્ર ધરતી પર ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી ઉત્સાહથી થનગનતા ૨૫૦૦૦ જેટલાં યુવાનો આ કાર્યક્રમના સાક્ષી બન્યા હતા. સમજો કે યુવાનોનું મહાપૂર આ સંમેલનમાં ઉમટી પડ્યું હતું, એટલું જ નહીં, ટેકનોલોજી અને નેટવર્કિંગના માધ્યમથી વિશ્વના સાત જેટલા જુદા જુદા દેશોના સમસ્ત પાટીદાર સમાજના એક લાખ જેટલા બિઝનેસમેન અને યંગ આંત્રપ્રિન્યોર્સ એક જ પ્લેટફોર્મ પર જોડાયા હતાં. આ આંકડો માત્ર સંખ્યા નથી, પરંતુ પાટીદાર સમાજની વ્યાપારિક શક્તિની ઓળખ છે. સ્વાભાવિક રીજે જ જ્યારે આટલી મોટી સંખ્યામાં અનુભવી બિઝનેસમેન અને નવા વિચારો ધરાવતાં યુવાનો એકઠાં થાય, ત્યારે નવા ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને રોજગારીની અગણિત તકોનું સર્જન થાય છે.

આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા અને યુવાનોને રાષ્ટ્રચેતના સાથે રાષ્ટ્રીય સંકલ્પોને સામાજિક જવાબદારી તરીકે સ્વીકારી વિલેજથી વિદેશ સુધી ઉદ્યોગ અને વ્યાપાર ક્ષેત્રમાં અગ્રેસર બનાવવા સંસ્થા કટિબદ્ધ છે, ત્યારે સમસ્ત પાટીદાર સમાજની યુવા શક્તિ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચંડ આત્મવિશ્વાસ સાથે વ્યાવસાયિક વિકાસમાં અગ્રેસર રહીને દેશનું ગૌરવ વધારવામાં હિસ્સેદાર બને તેવા અભિગમ સાથે 'યુવા બિઝનેસ મહાસંમેલન - ૨૦૨૫' નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

**ગામથી ગ્લોબલ અને વિલેજથી વિદેશનો મંત્ર :** આજના વૈશ્વિકરણના યુગમાં કોઈપણ યુવાન પોતાને મર્યાદિત ન રાખે તે આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. ગામમાં પેદા થયેલી પ્રોડક્ટ ગ્લોબલ માર્કેટ સુધી કેવી રીતે પહોંચે ? અને ગામડાનો યુવાન વિદેશના બજારમાં કેવી રીતે સફળતાપૂર્વક નેતૃત્વ કરી શકે ? તે અંગે સંમેલનમાં વ્યાપક મંથન કરવામાં આવ્યું હતું. ગામથી ગ્લોબલ એટલે સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરીને આંતરરાષ્ટ્રીય ગુણવત્તાવાળી વસ્તુઓનું નિર્માણ કરવું અને વિલેજ ટુ વિદેશ એટલે ગ્રામીણ ક્ષેત્રમાં રહેલી પ્રતિભાને વિશ્વના નકશા પર સ્થાપિત કરવી.

માન. ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે પોતાના પ્રેરણાદાયી પ્રવચનમાં યુવાનોને સ્થાનિક સ્તરે મજબૂત બની વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ સ્થાપિત કરવા માટે હાકલ કરી હતી. તેમણે કહ્યું કે આ પ્રકારનું વૈશ્વિક નેટવર્કિંગ યુવાનો માટે અણમોલ તક સાબિત થવાનું છે. આ સંમેલન અનુભવીઓ અને નવોદિત ઉદ્યોગ સાહસિકો વચ્ચે વિચાર વિમર્શ, માર્ગદર્શન અને સહકારની નવી સંભાવનાઓ ઉભી કરશે. વૈશ્વિક સ્તરે કાર્ય કરતા ઉદ્યોગપતિઓના અનુભવો યુવાનોને વ્યવસાયિક પડકારો સામે સજ્જ કરશે.

**આધ્યાત્મિક ચેતના અને વ્યવસાયિક વિકાસ :** આજના યુગમાં વ્યવસાય માત્ર નફા સુધી સીમિત નથી રહ્યો, તેમાં મૂલ્યો, નૈતિકતા અને સમાજ પ્રત્યેની જવાબદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન માને છે કે નૈતિક મૂલ્યો વગરની આર્થિક પ્રગતિ અધૂરી છે. આ સંમેલન દ્વારા યુવાનોને જગતજનની આદ્યશક્તિ મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરની આધ્યાત્મિક ચેતના સાથે જોડવાનો વિશિષ્ટ પ્રયાસ છે. જ્યારે એક આંત્રપ્રિન્યોર આધ્યાત્મિક રીતે જાગૃત હોય છે, ત્યારે તે નૈતિક રીતે વેપાર (Ethical Business) કરે છે, જે સમાજ અને રાષ્ટ્ર માટે હિતકારી હોય છે જે યુવાનોના સર્વાંગી વિકાસ માટેનું માધ્યમ બને છે.

વિશ્વ ઉમિયાધામ એ માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પરંતુ તે સંસ્કૃતિ, એકતા અને સેવા ભાવનાનું કેન્દ્ર છે. ત્યાં આયોજિત આ મહાસંમેલન એ સંદેશ આપે છે કે આધ્યાત્મિકતા અને આધુનિકતા એક બીજાના વિરોધી નથી પરંતુ પરસ્પર પૂરક છે. જ્યારે યુવાનો આધ્યાત્મિક મૂલ્યો સાથે વ્યવસાયિક ક્ષેત્રે પ્રવેશે છે, ત્યારે તેઓ માત્ર પોતાનું નહીં પરંતુ સમગ્ર સમાજનું અને રાષ્ટ્રનું કલ્યાણ કરે છે. આ યુવા બિઝનેસ સંમેલનનો મુખ્ય હેતુ યુવાનોને તેમની શક્તિઓનો પરિચય કરાવી, આત્મનિર્ભર બનવા માટે પ્રેરિત કરી સ્વાવલંબન, સંશોધન અને નેતૃત્વ ક્ષમતા વિકસાવવાનો છે. ભારત સરકારના "મેક ઈન ઈન્ડિયા", "સ્ટાર્ટઅપ ઈન્ડિયા" અને "આત્મનિર્ભર ભારત" જેવા અભિયાન સાથે સંકળાઈને યુવાનોને રાષ્ટ્રિય વિકાસમાં ભાગીદાર બનાવવાનો છે.

**VUF બિઝનેસ નેટવર્સ એપ્લિકેશન :** યુવા બિઝનેસ મહાસંમેલનની એક વિશેષ અને મહત્વપૂર્ણ ઘટના એ છે કે આ મહાસંમેલનમાં ફ્રેંહ્ર બિઝનેસ નેટવર્ક એપ્લિકેશનનું ગ્રાન્ડ લોન્ચિંગ માન. ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતું. આ એપ્લિકેશન વિશ્વભરના સમસ્ત પાટીદાર સમાજના બિઝનેસમેન અને યુવા આંત્રપ્રિન્યોર્સને એક જ ડિજિટલ પ્લોટફોર્મ પર જોડવાનું શક્તિશાળી માધ્યમ બનશે. આ એપ્લિકેશન દ્વારા બિઝનેસ નેટવર્કિંગ, સહયોગ, માર્ગદર્શન અને નવી તકોનું સર્જન થશે. યુવાનો વિવિધ ક્ષેત્રના અનુભવી ઉદ્યોગપતિઓ સાથે સીધો સંપર્ક સાધી શકશે. "લોકલથી ગ્લોબલ" વ્યવસાય વિસ્તરણ માટે આ એપ એક અસરકારક સાધન બનશે.

સદર એપ્લિકેશનના માધ્યમથી જોડાયેલા યુવા ઉદ્યોગ સાહસિકો માટે **VUF બેંક ફોર બિઝનેસ શરૂ કરાશે.** જેમાં નેટવર્ક થી નેટવર્થ, વિઝડમ બી ફોર વેલ, ટ્રસ્ટ કેપીટલ સાથે દરેક જીલ્લામાં ૧૦૦ - ૧૦૦ ઉદ્યોગકારોની બિઝનેસ બેંકની યોજના બનાવવાની જાહેરાત કરીને એક નવી જ કેડી કંડારવાનો સંસ્થાએ સંકલ્પ કર્યો છે. આનાથી સમાજ ડિજિટલ ક્ષેત્રે વધુ સશક્ત બનશે અને વિશ્વભરમાં ફેલાયેલા પાટીદાર ઉદ્યોગપતિઓ વિદેશ ગયા વિના આંગળીના ટેરવે એકબીજા સાથે જોડાઈ શકશે. આધુનિક સમયમાં નેટવર્કિંગ જ સાચી નેટવર્થ છે, અને આ એપ્લિકેશન તે દિશામાં એક ક્રાંતિકારી પગલું સાબિત થશે.

**વર્લ્ડ રેકોર્ડ :** આ મહાસંમેલનમાં અમેરિકા, કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, કેન્યા, આફ્રિકા, યુએઈ, બહેરીન સહિત વિવિધ દેશોના ૧૦૦ ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ મહાસંમેલનમાં ૨૫ હજાર જેટલા યુવા ઉદ્યોગ સાહસિકોએ આત્મનિર્ભર ભારત - ૨૦૪૭ ના સંકલ્પને મજબૂત બનાવવા માટે એક મંચ પરથી **આત્મનિર્ભર ભારતનો સંકલ્પ લઈ વર્લ્ડ રેકોડ સ્થાપિત કર્યો હતો.** ભારતીય સેનાને વધુ મજબૂત બનાવવા માટે ડિફેન્સ ઈન્ડસ્ટ્રીઝના ઉદ્યોગ સાહસિકોને પણ જોડવામાં આવ્યા હતા. સ્વદેશી ઉત્પાદનની દિશામાં આ મોટુ પગલું છે. આ પ્રયાસથી રાષ્ટ્રપ્રેમની ભાવના પણ મજબૂત થશે.

**નિષ્કર્ષ :** અંતમાં એટલું કહી શકાય કે આ મહાસંમેલન માત્ર એક દિવસનો કાર્યક્રમ નહીં પરંતુ આવનારા દાયકાઓ માટેની દિશા નિર્ધારિત કરનાર ઘટના બનશે. જે માત્ર પાટીદાર સમાજ માટે જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે એક દીવાદાંડી સમાન સાબિત થશે. આ પ્રયાસ સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક સ્તરે યુવા શક્તિને નવી ઉંચાઈઓ તરફ દોરી જશે.

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી**
**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ**



વિશ્વ ઉમિયાધામ ખાતે યુવા બિઝનેસ મહાસંમેલનમાં પધારેલ માન. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ તથા ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું સ્વાગત કરતાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી દિપકભાઈ પટેલ, ડી. એન. ગોલ તથા સુરેશભાઈ પટેલ નજરે પડે છે.

# યુવા બિઝનેસ મહાસંમેલનની ઝલક













વિશ્વ ઉમિયાધામ ખાતે યુવા બિઝનેસ મહાસંમેલન કાર્યક્રમમાં ઉપસ્થિત કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે તથા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિલા પૂજન કરી જગતજનની મા ઉમિયા અને દેવાધિદેવ ઉમેશ્વર મહાદેવનો જળાભિષેક તથા પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી.

# યુવા બિઝનેસ મહાસંમેલનની ઝલક



વિશ્વના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) નિર્માણાધીન જગતજનની મા ઉમિયાના મંદિરનું નિરીક્ષણ કરતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ. સંસ્થાના પ્રમુખશ્રીએ મંદિર બાંધકામની વિગતે માહિતગાર કર્યા હતા.




યુવા બિઝનેસ મહાસંમેલનનું માન. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરી VUF બિઝ્નેસ નેટવર્ક એપનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ સાહેબ, સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબ તેમજ રાજ્ય સરકારના માનનીય મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, VUF ના માન ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિતિ રહ્યા હતા.

કાર્યક્રમમાં સંબોધન કરતા કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે હું વિશ્વઉમિયાધામ સાથે જોડાયો નહોતો પરંતુ પ્રમુખશ્રી આર.પી.પટેલે મને માના મંદિર સાથે જોડ્યો તેનો મને આનંદ છે. મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી. ભારતને વિશ્વગુરુ બનાવવામાં પાટીદાર સમાજનું ખુબ મોટું યોગદાન રહેલ છે. વિશ્વ ઉમિયાધામની બિઝનેસ એપ્લિકેશન આત્મનિર્ભર ભારત અભિયાન માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.



યુવા બિઝનેસ મહાસંમેલનમાં અમેરિકા-કેનેડા-ઓસ્ટ્રેલિયા અને બ્રિટન સહિત ૭ દેશમાંથી પાટીદાર યુવા ઉદ્યોગસાહસિકો પણ પધાર્યા હતા. આ સાથે જ ૨૦ હજારથી વધુ પાટીદાર યુવા ઉદ્યોગસાહસિકોએ **'આત્મનિર્ભર ભારત'** નો સંકલ્પ લઈ વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો.

# યુવા બિઝનેસ મહાસંમેલનની ઝલક



શ્રી અમીતભાઈ શાહ સાહેબનું સંસ્થાના હોદ્દેદારો દ્વારા ભાવભર્યું સન્માન



શ્રી અમીતભાઈ શાહ તથા ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનું સંસ્થાના યુવા સંગઠન દ્વારા ભાવભર્યું સન્માન



શ્રી ભૂપેન્દ્રભાઈ સાહેબનું ભાવભર્યું સન્માન





# સંસ્થાના દિલેર દાતાશ્રીઓનું
# માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે સન્માન



શ્રી કાંતિભાઈ પટેલ (રામ)



શ્રીમતી રીનાબેન દિપક પટેલ (ઓઝોન)



શ્રી રૂપેશભાઈ પટેલ (બાટા)



શ્રી ધિરેનભાઈ પટેલ (બાટા)



શ્રી મનિષભાઈ/સુનિલભાઈ પટેલ (એડવોકેટ-સુરત)



શ્રી સોમાભાઈ એ. પટેલ (કામેશ્વર)



શ્રી ઉદયભાઈ સી. પટેલ (લાયનો મેટીક)

કાર્યક્રમ દરમિયાન નીચે મુજબના દાતાશ્રીઓને વિશેષ રીતે બિરદાવી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી દિલીપભાઈ પી. પટેલ (મોન્ટેકો ડેવલપર્સ),
શ્રી આલાપભાઈ એસ. પટેલ (સોમ ઈન્ફ્રા.)
શ્રી જયેશભાઈ પી. પટેલ (સ્વપ્નીલ ગ્રુપ)
શ્રી રામજીભાઈ પટેલ (બોટાદ)
શ્રી ગિરીશભાઈ ભાલાણી
શ્રી ધર્મેશભાઈ કનેરીયા
શ્રી શાંતિભાઈ પી. પટેલ, શ્રી ગોરધનભાઈ પટેલ (બોટાદ)



વિશ્વ ઉમિયાધામમાં શ્રી અમિતભાઈ શાહ - માન. ગૃહમંત્રીશ્રી, ભારત સરકાર અને ગુજરાતના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૨૦ હજાર પાટીદાર યુવાનોએ આત્મનિર્ભર ભારતના સંકલ્પ લઈ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો.

# યુવા બિઝનેસ મહાસંમેલનની ઝલક

## મહાસંમેલનને પ્રેરક સંબોધન



શ્રી અમિતભાઈ શાહ - માન. ગૃહમંત્રીશ્રી, ભારત સરકાર



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ - માન. મુખ્યમંત્રીશ્રી ગુજરાત



શ્રી ઋષિકેશભાઈ પટેલ - માન. કેબીનેટ મંત્રીશ્રી




શ્રી જીતુભાઈ વાઘાણી - માન. કેબીનેટ મંત્રીશ્રી



શ્રી જયેશભાઈ રાદડીયા - માન. પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી



શ્રી આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી, VUF



શ્રી જીતુભાઈ બી. પટેલ - ચેરમેનશ્રી, યુવા સંગઠન



ડો. રૂપલબેન એ. પટેલ - ચેરપર્સનશ્રી મહિલા સંગઠન
મહાસંમેલન કાર્યક્રમના એન્કરીંગ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# મીરાંનો સાધન - પથ

(ગતાંકથી શરૂ...)

આપણે લૌકિક અર્થમાં પતિ-પત્નીના ભાવ અને સંબંધનો જે અર્થ કરીએ છીએ, તેવો અર્થ મધુરભાવની ભક્તિનો નથી. મધુરભાવ ભક્તિનું એક સ્વરૂપ છે, સંબંધનું સ્વરૂપ નથી. જીવ ગોપીરૂપ અને ઈશ્વર પતિરૂપ છે, તેમ ગણવામાં આવે જ છે. મધુરભાવની ભક્તિને પતિ-પત્નીના સંબંધોથી સમજાવવામાં આવે છે, તે તો કહેવાની એક પદ્ધતિ છે, અને તેથીયે આગળ જોઈએ તો ઉપાસનાની અને ચિંતનની પદ્ધતિ છે. આ સંબંધ તો બાહ્ય ઢાંચો છે. મધુરભાવની ભક્તિનો આત્મા છે ભક્તની ભગવાન પ્રત્યે પ્રગાઢ પ્રીતિ.

મીરાંને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે એવી પ્રગાઢ અને અનન્ય પ્રીતિ હતી કે શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈને હૃદયપૂર્વક પતિરૂપે સ્વીકારી શકે નહિ.

મધુરભાવ એટલે પતિ-પત્નીનો સંબંધ નહિ, પરંતુ મધુરભાવ એટલે પરમાત્મા પ્રત્યે જીવની પ્રગાઢ પ્રીતિ. આવી પ્રીતિ મીરાંને કૃષ્ણ પ્રત્યે હતી. આ મીરાંના મધુરભાવનો આંતરિક અર્થ છે.

**૪. સમર્પણ :** અધ્યાત્મપથ અનેક રહસ્યોથી ભરપૂર માર્ગ છે. અધ્યાત્મજગત મૂલ્યવાન રહસ્યોની ખાણ છે. તેથી જ અધ્યાત્મવિદ્યાનું બીજું નામ 'રહસ્યવિદ્યા' છે.

અધ્યાત્મપથનાં રહસ્યોમાં સૌથી મહત્વપૂર્ણ, સૌથી મૂલ્યવાન અને સર્વોચ્ચ રહસ્ય કયું છે ? આ અધ્યાત્મ-ખાણના કિંમતી હીરાઓમાં કોહીનૂર કોણ છે ?

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને આ પ્રશ્નનો ઉત્તર આપે છે. - વસ્તુતઃ અર્જુનને નિમિત્ત બનાવીને માનવજાતને વચન આપે છે:

**સર્વ ગુહ્યતમં ભૂયઃ શૃણુ મે પરમં વચઃ।**
**ઈષ્ટોઽસિ મે દૃઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્॥ - ગીતા**

"સર્વ ગોપનીયથી પણ અતિ ગોપનીય મારા પરમ રહસ્યપૂર્ણ વચનને તું ફરીથી સાંભળ. તું મને અતિશય પ્રિય છે, તેથી પર હિતકારી વચન કહું છું."

આટલી ભૂમિકા બાંધી પછી ભગવાન પરમ રહસ્ય પ્રગટ કરે છે :

**સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।**
**અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ॥ - ગીતા,**

"બધા ધર્મો છોડીને મારે એક ને જ શરણે આવ. હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. ચિંતા ન કર." અહીં ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને અધ્યાત્મનું 'સર્વગુહ્યતમં' (સર્વ ગોપનીયથી પણ અતિ ગોપનીય) રહસ્ય બતાવે છે, કારણ કે અર્જુન શ્રીકૃષ્ણને પ્રિય છે. આ રહસ્ય છે - સમર્પણ.

**સમર્પણ એટલે શું ?**

સમર્પણ એટલે પોતાની જાત ભગવાનને આપી દેવી. સમર્પણ એટલે પોતાની અંગત એષણાઓનો ત્યાગ કરવો. સમર્પણ એટલે પોતાની સર્વ આકાંક્ષાો, સર્વ આયોજનો, સર્વ ધારણાઓ, સર્વ રૂચિ-અરુચિ ભગવાનનાં ચરણોમાં સોંપી દેવી. સમર્પણ એટલે પોતાની અંગત અહંકારી ચેતનાનું ભાગવત ચેતનામાં વીલિનીકરણ. સમર્પણ એટલે ભગવાનની ઈચ્છા પ્રમાણે જીવવાની કળા. સમર્પણ એટલે ભગવાનનું વિશુધ્ધ નમ્ર કરણ બનવું. સમર્પણ એટલે અંશનું અંશીમાં તદ્રુપ બનવું. સમર્પણ એટલું અને એવું પ્રબળ અધ્યાત્મસાધન છે કે સમર્પણ દ્વારા સાધકના જીવનમાં આમૂલાગ્ર રૂપાંતર ઘટિત થાય છે. સમર્પણ દ્વારા પરમ આધ્યાત્મિક ક્રાંન્તિની ઘટના ઘટે છે.

જ્યારે સાધક પોતાની જાત ભગવાનનાં ચરણોમાં પૂર્ણતઃ અને સમગ્રતયા સમર્પિત કરે છે. ત્યારે ભગવાન તેના જીવનની સઘળી જવાબદારીઓ પોતાના મસ્તકે સ્વીકારી લે છે. સમર્પિત સાધકે પોતાના આધ્યાત્મિક વિકાસ માટે પોતાના તરફ કશું કરવાનું બાકી રહેતું નથી. તેણે પોતાની જીવનશુદ્ધિ માટે પોતાના તરફથી કોઈ પ્રયત્ન કરવાનો રહેતો નથી. પ્રભુકૃપાની અનરાધાર વર્ષા જ એને માટે આવશ્યક તેવું બધું કરે છે અને સાધક માટે જે કાંઈ કરાવવું જરૂરી હોય તે કરાવી પણ લે છે.

આ માટે સમર્પણ પૂર્ણ અને સમગ્ર હોવું આવશ્યક છે. પૂર્ણ એટલે પોતાની જાતને સહેજ પણ બચાવ્યા વિના નિઃશેષ સમર્પણ અને સમગ્ર એટલે આપણી ચેતનાના બધા ભાગો - અંતરાત્મા, મન, પ્રાણ અને શરીર અને તેમનાં એકેએક અંગોનું ભગવાનનાં ચરણોમાં અર્પણ. આવું પૂર્ણ અને સમગ્ર સમર્પણ સિદ્ધ થાય એટલે સાધક પોતાના જીવન અને પોતાની સાધનાના સમગ્ર કર્તૃત્વમાંથી મુક્ત થાય છે.

મીરાંનું સમર્પણ આવું પૂર્ણ અને સમગ્ર છે. મીરાંના સમગ્ર વ્યક્તિમાં કે મીરાંની ચેતનામાં એવું એક પણ અંગ કે એવું એક પણ પાસું નથી કે જે ભગવાનને સમર્પિત થવામાં અવરોધરૂપ બનતું હોય. મીરાં પોતાના કૃષ્ણ પ્રતિ અર્પણનું સ્વરૂપ પ્રગટ કરે છે :

**જો પહિરાવૈ સોઈ પહરું, જો દે સોઈ ખાઉં।**
**જહાં બૈઠાવે તિત હી બૈઠું, બેચૈં તો બિક જાઉં॥**

મીરાં પોતાની સીધીસાદી ભાષામાં પોતાની સમર્પિત ચેતનાનું કેવું સચોટ વર્ણન કરે છે ! મીરાં કહે છે - બેચૈં તો બિક જાઉં। જો મારા કૃષ્ણ મને વેચી નાખે તો વેચાઈ જવા તૈયાર છું, અર્થાત કૃષ્ણ જેમ જિવાડશે, તેમ જીવવાની મીરાંની તૈયારી છે. મીરાંને પોતાની કોઈ પસંદ નથી. કૃષ્ણની પસંદ તે જ મીરાંની પસંદ છે. મીરાં પોતાનું અંગત વ્યક્તિત્વ છોડીને કૃષ્ણમાં વિલીન થવા રાજી છે. આ જ તો છે યથાર્થ સમર્પણ !

# ધર્મ સૃષ્ટિ

આવું સમગ્ર અને પૂર્ણ સમર્પણ શું પ્રથમ પગલે જ થાય છે ? થઈ શકે તો ઉત્તમ ! પૂર્ણ સમર્પણ પ્રથમ દૃષ્ટિએ લાગે તેવું સરળ નથી. હા, મીરાં માટે પૂર્ણ સમર્પણ પ્રથમ સોપાને જ સિધ્ધ થાય છે, મીરાં માટે સમર્પણ સરળ છે, કારણ કે સહજ છે ! પરંતુ મીરાં તો મિહિરા છે !

**યહ તો ઘર હૈ પ્રેમ કા ખાલાકા ઘર નહીં ।**
**શિશ ઉતારે ભૂંય ધરે વો પૈઠે ભીતર માંહી ॥**

સમર્પણનો માર્ગ તો પ્રેમનો માર્ગ છે. પોતાનું મસ્તક પોતના હાથે કાપીને ચડાવી દેવાની વાત છે. મસ્તક ચડાવવું એટલે અહંકારનું સમર્પિત થવું. જે પોતાના અહંકારનું સમર્પણ કરે તે જ ખરું સમર્પણ કરે છે, તે જ પ્રેમ - ભવનમાં પ્રવેશી શકે છે. પરંતુ આવું સાહસ, આવું સમર્પણ વિરલ છે. મીરાં પ્રથમ છલાંગે જ સમર્પણ સિદ્ધ કરે છે. સૌ કોઈ માટે આમ બનવું શક્ય નથી. સમર્પણનો સર્વજનસુલભ માર્ગ ક્રમિક વિકાસનો માર્ગ છે. સમર્પણની વિકાસયાત્રા આ પ્રમાણે થાય છે.

(૧) સૌથી પ્રથમ તો સાધક એમ સમજે છે કે પોતે ભગવાનનો છે અને પોતાની જાત ભગવાનને અર્પણ કરવી એ જ પરમ કૃતાર્થતા છે. ભાગવત જીવનની પ્રાપ્તિ, ભાગવત ચેતનામાં જીવવું, તે જ જીવનની કૃતાર્થતા છે અને તે અવસ્થાની પ્રાપ્તિ પોતાની જાત ભગવાનને સોંપીને જ થઈ શકે છે. આવી સમજથી સાધક ભગવાન પ્રત્યે આકર્ષણ અનુભવ છે. સાધક ભાવપૂર્વક સમજપૂર્વક કે બંનેના સમન્વયપૂર્વક ભગવાનને સમર્પિત થવાનો સંકલ્પ કરે છે. આ સંકલ્પપૂર્વક સાધક પોતાની જાત ભગવાન સાથે જોડે છે. ભગવાનનું વચન છે કે જે ભક્ત ભગવાનને સમર્પિત થવાનો સંકલ્પ કરે છે, તેનો તે અચૂક સ્વીકાર કરે છે. જો એક વાર પણ ભક્ત સચ્ચાઈપૂર્વક એમ કહે, 'હે પ્રભુ ! હું તારે શરણે છું,' તો ભગવાન તેનો હાથ ગ્રહણ કરે છે, અને ભગવાન જેનો હાથ પકડે તેનો છોડતો નથી, તેવું તેનું વચન છે.

**સકૃદેવ પ્રપન્નાય તવાસ્મીતિ ચ યાચતે ।**
**અભયં સર્વભૂતેભ્યો દાદમ્યેતદ્ વ્રતં મમ ॥**

-વાલ્મીકીય રામાયણ, યુદ્ધકાંડ ૧૯-૩૩

"મારે શરણે આવનાર અને માત્ર એક વાર, 'હું તારો છું' એવી યાચના કરનારને હું સર્વભૂતોથી અભય આપું છું. આ મારું વ્રત છે."

સમર્પણનો સંકલ્પ થાય, તે સમર્પણની યાત્રાનો પ્રારંભ છે.

(૨) સમર્પણનો પ્રામાણિક સંકલ્પ કર્યા પછી સાધક ક્ષણેક્ષણે સમર્પિત જીવનનો અભ્યાસ કરે છે. સાધક પોતાના વિચારો, સંકલ્પો, કર્મો, કર્મોનાં ફળ અને આખરે સમગ્ર જીવન ભગવાનને સમર્પિત કરતાં રહેવાનો જાગૃત અભ્યાસ કરે છે. સમર્પણનો સંકલ્પ એ તો માત્ર કેન્દ્રસ્થ ચેતનામાં પ્રારંભ થયેલો સમર્પણનો એક તણખો છે. આ સમર્પણ સમગ્ર વ્યક્તિત્વમાં, ચેતનામાં વ્યાપી જાય, એ લાંબી સાધના છે. સંપૂર્ણ સમર્પણ સિદ્ધ થવું, તે એક-બે સપ્તાહનો સરળ કાર્યક્રમ નથી. આ તો આજીવન સાધના છે.

સાધકની ચેતનામાં સમર્પણનો ઈન્કાર કરનાર તત્વો હોય છે. આ તત્વો ચેતનામાંથી સદંતર દૂર થાય, તે માટે ઘણી ધીરજ અને ઘણી જાગૃતિની જરૂર પડે છે. આમ છતાં જે ચાલે છે, ચાલતો રહે છે, તે ક્યારેક પહોંચે છે.

(૩) સમર્પણની તૃતીય અવસ્થા પૂર્ણ સમર્પણની અવસ્થા છે. આ અવસ્થામાં સાધકની ચેતનાના બધા ભાગો અંતરાત્મા, મન, પ્રાણ અને શરીર-સમગ્રતયા ભગવાનને સમર્પિત થઈ જાય છે. આવા સમર્પિત સાધકનાં વિચારો, વાણી, વ્યવહાર, સાધના અને સમગ્ર જીવન ભગવત્પ્રેરિત બની જાય છે. સાધક એક બાળકની જેમ ભગવાનની ગોદનો આશ્રિત બને છે.

પૂર્ણ સમર્પણ સિદ્ધ થતાં સાધકની ચેતનાનું ભાગવત ચેતના સાથે પ્રગાઢ અને કાયમી તાદાત્મ્ય સિધ્ધ થાય છે. સાધક સર્વ કર્તવ્યોથી મુક્ત થાય છે અને માત્ર ભાગવત સંકલ્પને અનુસરે છે. પૂર્ણ સમર્પણ એટલે પૂર્ણ ક્રાન્તિ. પૂર્ણ સમર્પણ એટલે અદ્વૈત. પૂર્ણ સમર્પણ એટલે મુક્તિ.

સમર્પણની આ વિકાસયાત્રા સામાન્ય ક્રમ છે, પરંતુ મીરાં સામાન્ય ક્રમને અનુસરતાં નથી, કારણ કે મીરાં સામાન્ય નથી. મીરાં માટે સમર્પણનું પ્રથમ સોપાન તે જ સમર્પણનું અંતિમ સોપાન છે. મીરાં પ્રથમ પગલે જ પૂર્ણ-સમર્પિત છે. મીરાંનું સમર્પણ સંકલ્પજન્ય કે અભ્યાસજન્ય નથી. મીરાંનું સમર્પણ પરમ પ્રેમમાંથી જન્મેલું સમર્પણ છે. મીરાંનો કૃષ્ણપ્રેમ પરિપૂર્ણ છે, તેથી મીરાંનું કૃષ્ણને સમર્પણ પણ પરિપૂર્ણ છે.

સમર્પણ વિશે કેટલીક ભ્રામક માન્યતાઓ પણ પ્રવર્તે છે. જેમ કે -

૧. સમર્પણ પણ ભગવાન કરાવશે. ૨. સમર્પણનો મનોમય સંકલ્પ કરનારને કોઈ સાધનાની જરૂર નથી. ૩. સમર્પણ એક મનોમય માન્યતા કે નિર્ણય છે. ૪. સમર્પણથી વ્યક્તિનું વ્યક્તિત્વ નાબૂદ થાય છે. ૫. સમર્પણ કરનાર વ્યક્તિના સ્વાતંત્ર્યનો લોપ થાય છે. ૬. સમર્પણ એક પ્રકારનું બલિદાન છે.

આ માન્યતાઓ સાચી નથી.

સમર્પણ માત્ર મનોમય સંકલ્પ નથી. સમર્પણ તો પરમ ક્રાન્તિની ઘટના છે. સંકલ્પ કર્યા, પછી પ્રદીર્ઘ અને સંનિષ્ઠ સાધના આવશ્યક છે.

સમર્પણ માત્ર માન્યતા કે નિર્ણય નથી. તે તો માત્ર પ્રારંભ છે. સમર્પણ એક આંતરિક ઘટના છે. સમર્પણ કરવાથી તેમ કરનારનું વ્યક્તિત્વ નાબૂદ થતું નથી, પરંતુ વ્યક્તિત્વનો સાચી દિશામાં અને સાચા સ્વરૂપે વિકાસ થાય છે. સમર્પણ કોઈ બલિદાનની ઘટના નથી. સમર્પણ તો પ્રેમમાંથી નિષ્પન્ન નતી એક આનંદદાયત ક્રાન્તિની ઘટના છે. સમર્પણથી જીવનનો અંત નથી આવતો, પરંતુ સાચા જીવનની પ્રાપ્તિ થાય છે.

મીરાંનું જીવન સમર્પણ દ્વારા ધન્ય થયું છે. સમર્પણના કીમિયા દ્વારા મીરાં પરમ જીવનને પામ્યાં છે. યોગીઓના પ્રદીર્ઘ યોગાભ્યાસ દ્વારા જે સમાધિ-અવસ્થાની પ્રાપ્તિ થાય છે, તે અવસ્થાની પ્રાપ્તિ ભક્તિને સમર્પણ દ્વારા પણ થાય છે. 'યોગસૂત્ર' કાર ભગવાન પતંજલિ આ સત્યનો સ્વીકાર કરે છે. ■



**જસ્મીન એસ. ભીમાણી**
લેખક સામાજિક વિષયોના ઉંડા અભ્યાસી છે.

# યોગા નહીં યોગ...

આજે ગલીએ ગલીએ યોગા સેન્ટર અને શહેરે શહેરે યોગગુરુઓ નજરે પડે છે. વાસ્તવમાં શું આ યોગ સેન્ટરના માલિક કે તથાકથિત યોગગુરુ તમને યોગ શીખવાડે છે ખરા?

યોગ એટલે સરસ મજાની યોગા મેટ લઈ શરીર લચીલું બનાવવા કરાતી અંગ કસરત કે અલગ-અલગ પ્રાણાયામ કે પારાવાર પૈસા ખર્ચી શીખવાતી ધ્યાનની ટેક્નિક નથી. યોગ એ મહર્ષિ પતંજલિ એ આપેલું ગહન વિજ્ઞાન છે. જેની વાત ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ ગીતામાં ય કરી છે.

આવો યોગ ને ટૂંકમાં પણ થોડું વ્યવસ્થિત સમજવાનો પ્રયાસ કરીએ. યોગ એ સંસ્કૃતના યુજ ધાતુ પરથી આવેલ શબ્દ છે જેનો અર્થ થાય જોડવું. કોને જોડવું? શરીરથી મન, મનથી આત્મા, આત્માથી પરમાત્મા. યોગ એ એક જીવન દર્શન છે. આ જગતની દરેક ભૌતિક વસ્તું, વ્યક્તિ ક્ષણભંગુર છે એ જ્ઞાન આવી ગયા પછી પરમાત્મા તરફ મનને વાળી દેવાનો પ્રયાસ એનું નામ યોગ. કમ સે કમ આપણું ધ્યેય તો પરમાત્મા પ્રાપ્તિનું રાખીએ. મોત માંગીશુ ત્યારે તાવ તો આવશે. પરમાત્મા પ્રાપ્તિ નહિ થાય તો વાંધો નહીં મન હળવું થશે, મન ઈશ્વરમાં જોડાયેલ રહેશે, આત્માની ઝાંખી થશે. શાશ્વત શાંતિની અનુભૂતિ તો થશે ને.



હિંદુ દર્શનશાસ્ત્રમાં યોગની મુખ્ય શાખાઓમાં રાજયોગ, કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ અને હઠયોગ સામેલ છે. પતંજલિ યોગસૂત્રો સંકલિત અને હિંદુ દર્શનશાસ્ત્રના સંદર્ભમાં યોગ તરીકે જાણીતો રાજયોગ સાંખ્ય પરંપરાનો ભાગ છે અને સૌથી આધારભૂત ગ્રંથ છે.

આ પતંજલિ યોગસૂત્ર પ્રાથમિક ધોરણના આપણા અભ્યાસક્રમમાં આવતું. એના આઠ અંગો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આપણે આ અષ્ટાંગ યોગ સંક્ષિપ્તમાં સમજી એને આધારભૂત યોગ તરીકે જીવનમાં અપનાવવાનો પ્રયત્ન કરીએ.

**૧. યમ (બાહ્ય શિસ્ત/નૈતિક ફરજ) :** જેમાં પાંચ શીખ આવે. ૧. અહીંસા ૨. સત્ય ૩.અસ્તેય (ચોરી ન કરવી) ૪.બ્રહ્મચર્ય (મર્યાદામાં અધિકારીક શારીરિક સંબંધ રાખવા) ૫.અપરિગ્રહ (બિનજરૂરી સંગ્રહ ન કરવો, ખોટો હકદાવો ન કરવો).

**૨. નિયમ (આંતરીક શિસ્ત/ધાર્મિક ફરજ) :** જેમાં પાંચ શીખ આવે. ૧. શૌચ (શરીર અને મનની સ્વચ્છતા રાખવી.) ૨. સંતોષ ૩. તપ (સખત પરિશ્રમ અને નિષ્ઠા.) ૪.સ્વાધ્યાય (અવનવું જાણવું તથા વૈચારિક પ્રગતિ કરતા રહેવું.) ૫. ઈશ્વર પ્રણિધાન (સર્વે કર્મોને પરિણામની ચિંતા કર્યા વગર ઈશ્વર સમર્પિત કરવા.)

**૩. આસન :** શરીરને સ્થિર અને મજબૂત રાખવા કરાતી કસરત જેથી તમે ધ્યાન અવરોધ વગર કરી શકો.

**૪. પ્રાણાયામ :** શ્વાસને લયબદ્ધ કરી મનને નિયંત્રણમાં લેવું.

**૫. પ્રત્યાહાર :** ઈન્દ્રિયોને વશમાં કે અંતર્મુખ કરવી.

# ધર્મ સૃષ્ટિ

**૬. ધારણા :** મનને કોઈ એક વિશિષ્ટ બિંદુ પર સ્થિર અને કેન્દ્રિત કરવું.

**૭. ધ્યાન :** જ્યાં મનને કેન્દ્રિત કર્યું હોય ત્યાં નિરંતર અને અખંડિત એકાગ્રતા લાવવી.

**૮. સમાધિ :** ધ્યાનની ઉચ્ચતમ અવસ્થા જ્યાં ધ્યાન કરનાર (ધ્યાતા), ધ્યાનની ક્રિયા (ધ્યાન) અને ધ્યેય વચ્ચેનો ભેદ સમાપ્ત થઈ જાય છે, તેને સમાધિ કહેવામાં આવે છે.

હવે વિચારો આટલું જ્ઞાન કોઈ યોગગુરુ આપે છે? એ જ્ઞાન વગર તમે કઈ રીતે યોગ કરી શકો? યોગ ન કરી શકીએ યોગા થાય. આપણે આપણી સંસ્કૃતિને બચાવવા માટે કોઈ જ પ્રયત્ન કરતા નથી. યુએનમાં ૨૧ જૂન આંતરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર થયો છે ત્યાં પણ Yoga લખાય છે! અંગ્રેજીમાં Rama, Krishna લખાય છે અને આપણે સનાતન સંસ્કૃતિના રખેવાળ આવું જ લખીએ કે બોલીએ છીએ. અફસોસ!

પતંજલિ યોગસૂત્રના આ આઠ અંગોનો ક્રમસર અભ્યાસ યોગ માટે જરૂરી છે. માત્ર પ્રાણાયામની ટેક્નિક કે ટટ્ટાર થઈ બેસી આંખો બંધ કરી યોગગુરુઓ એ શીખવેલ ધ્યાનની ટેક્નિક એ યોગ નથી. ધ્યાન માટે યમ અને નિયમ અતિ મહત્વના છે. યમ અને નિયમમાં બતાવેલ દસેય શીખ એ પ્રાથમિક અભ્યાસ છે. કોઈ યુવાન એમ કહે કે મારે સીધી બારમાં ધોરણની પરીક્ષા આપવી છે કે સીધી એમબીબીએસની પરીક્ષા આપવી છે તો એ શક્ય છે? આપણે એને ગાંડો નથી ગણતા? આપણે એને એમ નથી કહેતા કે ભાઈ તું પ્રાથમિક ધોરણ ભણી લે, દસ અને બારમાં ધોરણમાં સારા ટકા આવે તો તું ડોક્ટર થવા માટે એલિજીબલ થઈશ. આવું જ યોગનું છે. બાલમંદિર જેવા યમ, નિયમનું ચુસ્ત પાલન કરતા હોઈશું તો બારમાં ધોરણ જેવા અઘરા અભ્યાસક્રમ પ્રાણાયામ અને ધ્યાન લાગશે એ વગર માત્ર ક્ષણિક એનો લાભ થશે. પછી ઠેરનું ઠેર.

**વધુ એક ઉદાહરણ દ્વારા સમજીએ....**

યમની એક શીખ છે ચોરી ન કરવી. એ કઈ રીતે પ્રાણાયામ અને ધ્યાનમાં કામે લાગે એ જોઈએ. માની લો કે તમે તમારા બોસની એક કિંમતી પેન ચોરી કરી છે. હવે તે પેન તમે તમારી બેગમાં મૂકી દીધી. એ પેન લઈને તમે યોગ સેન્ટર ગયા. ત્યાં શું વિચાર આવશે? કોઈ પેન ચોરતા જોઈ તો નથી ગયું ને? સીસીટીવી કેમેરામાં હું પકડાઈ તો નહીં જાવ ને? પકડાઈ જઈશ તો મને નોકરીમાંથી કાઢી મુકશે તો? સમાજમાં મારી પ્રતિષ્ઠા ખરડાશે.... આવા વિચારો ને વિચારોમાં તમારો શ્વાસ કેવો હશે? અનબેલેન્સ! એ શ્વાસને નિયંત્રિત કરવામાં કેટલી મહેનત થશે? ખૂબ જ. તો પ્રાણાયામ એ તો શ્વાસને નિયંત્રિત કરવાની ટેક્નિક છે એમાં કેટલો શ્રમ પડશે? આવા જ વિચારોથી ધ્યાન કરશો તો મન એકાગ્ર થશે? ધ્યાન લાગશે? નહિ.

બસ આ જ વાત મહર્ષિ પતંજલિ આપણને સમજાવવા માગે છે. યમ અને નિયમનું પાલન કરો. હા એ રાતોરાત નહિ થાય પણ જીવનમાં અપનાવો. યમ, નિયમ પ્રત્યે સજાગ થઈ જાવ. પછી આસન કરી શરીર મજબૂત કરો. આ કર્યા પછી પ્રાણાયામ અર્થાત શ્વાસની ગતિ ઓટોમેટિક નિયંત્રિત થશે વધુ  શ્રમ નહિ કરવો પડે. પછી ઇન્દ્રિય સરળતાથી નિયંત્રિત થઈ પ્રત્યાહાર થશે. પછી મન એક વસ્તુમાં કેન્દ્રિત થઈ ધારણ થશે. અને બાદમાં ધ્યાન લાગશે. અને આ ધ્યાન જીવનમાં નિયમિત બનશે તો સમાધિની અનુભૂતિ થશે. આ ક્રમ છે ઈશ્વર પ્રાપ્તિનો. અને ત્યાર બાદ મહર્ષિ પતંજલિએ જે દશા કહી છે એ છે કૈવલ્ય. ચિત્તની તમામ વૃત્તિઓ શાંત થઈ જાય ત્યારે આત્મા પોતાનાં સ્વરુપમાં સ્થિર થાય છે. એ અવસ્થા કૈવલ્ય કહેવાય. જેનો બીજો અર્થ મોક્ષ પણ કહી શકીએ.

તો આ હતું પતંજલિના અષ્ટાંગ યોગસૂત્રનું વિજ્ઞાન. માટે હું ફરી કહું છું યોગ એ અષ્ટાંગ યોગના આઠેય અંગની સાચી સમજ અને પાલન કરવાનું નામ છે, નહી તો માત્ર ક્ષણિક મન શાંત રહેશે ફરી ઠેરનું ઠેર.

સરકારે દરેક યોગ સેન્ટરે અષ્ટાંગ યોગની સમજૂતી ફરજિયાત કરવી જોઈએ. દરેક યોગગુરુને આ અષ્ટાંગ યોગ કડકડાટ મોઢે હોવો જોઈએ. દરેક યોગ શીખતાં વ્યક્તિને આ આઠેય અંગની વ્યવસ્થિત સમજૂતી આપવી જોઈએ. તો જ યોગ સાર્થક છે નહી તો આપણે જે કરીએ એ યોગા છે યોગ નથી.

મો. ૯૯૧૩૬ ૬૮૯૮૦

## કવર સ્ટોરી




**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી


# પ્રજાસત્તાક દિવસ : ગૌરવ, સંકલ્પ અને જવાબદારી

ભારતના રાષ્ટ્રીય તહેવારોમાં પ્રજાસત્તાક દિવસનું સ્થાન અત્યંત વિશિષ્ટ અને ગૌરવપૂર્ણ છે. દર વર્ષે ૨૬ જાન્યુઆરીના દિવસે સમગ્ર દેશ પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરે છે. આ દિવસ આપણી રાષ્ટ્રીય ચેતનાનો સૌથી ગૌરવશાળી દિવસ છે. આ દિવસ માત્ર એક ઐતિહાસિક ઘટનાની સ્મૃતિ નથી, પરંતુ ભારતની લોકશાહી, સંવિધાનિક મૂલ્યો અને નાગરિક અધિકારોની ઉજવણીનો દિવસ છે. પ્રજાસત્તાક દિવસ આપણને યાદ અપાવે છે કે ભારત કોઈ રાજાશાહી કે તાનાશાહી દેશ નથી, પરંતુ જનતા દ્વારા, જનતા માટે અને જનતાનું શાસન ધરાવતું પ્રજાસત્તાક છે.

**૧. ભારતીય સંવિધાન સભા :** ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતે બ્રિટિશ શાસનમાંથી મુક્તિ મેળવી, પરંતુ સ્વતંત્રતા પછી સૌથી મોટો પડકાર હતો - એક સ્વતંત્ર અને સર્વસ્વીકાર્ય સંવિધાનનું નિર્માણ. આ માટે એક સંવિધાન સભાની રચના કરવામાં આવી. ભારતીય સંવિધાન સભા (Constituent Assembly) માં દેશના વિવિધ ક્ષેત્રો અને વિચારધારાઓનું પ્રતિનિધિત્વ કરતાં અનેક દિગ્ગજ નેતાઓને સામેલ કરવામાં આવ્યા હતાં. આ સભામાં કુલ ૩૮૯ સભ્યો હતા. (દેશના ભાગલા પછી ૨૯૯) જેમાંથી મુખ્ય સભ્યો નીચે મુજબ છે.

**ડો. રાજેન્દ્ર પ્રસાદ :** સંવિધાન સભાના કાયમી અધ્યક્ષ

**ડો. બી. આર. આંબેડકર :** સૌથી મહત્વની એવી ખરડા સમિતિ (Drafting committee) ના અધ્યક્ષ તેમને "ભારતીય બંધારણના ઘડવૈયા" માનવામાં આવે છે.

**સરદાર વલ્લભભાઈ પટેલ :** મૂળભૂત અધિકારો અને લઘુમતી બાબતોની સમિતિના અધ્યક્ષ. તેમણે રજવાડાઓના વિલીનીકરણમાં મૂખ્ય ભૂમિકા ભજવી હતી.

**જવાહરલાલ નહેરુ :** તેમણે "ઉદ્દેશ્ય પ્રસ્તાવ" રજૂ કર્યો હતો, જે બંધારણના આમુખનો આધાર બન્યો.

**બી. એન. રાવ :** બંધારણીય સલાહકાર.

**મૌલાના આબુલ કલામ આઝાદ :** શિક્ષણ અને સામાજિક ન્યાયની બાબતો.

**કે. એમ. મુનશી :** ખરડા સમિતિના સભ્ય અને ગુજરાતી સાહિત્યકાર.

**મહિલા સભ્યો** તરીકે સરોજિની નાયડુ, હંસા મહેતા, (ગુજરાત) દુર્ગાબેન દેશમુખ તથા રાજકુમારી અમૃત કૌરનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત એન. ગોપાલસ્વામી અયંગર, ટી. ટી. કૃષ્ણમાચારી, ગોવિંદ વલ્લભ પંત, ગણેશ વાસુદેવ માવલંકર (લોકસભાના પ્રથમ અધ્યક્ષ), જે. બી. કૃપલાણી (મૂળભૂત અધિકારીઓની પેટા - સમિતિના અધ્યક્ષ) જેવા અનેક અગ્રણી નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

લગભગ ત્રણ વર્ષ જેટલી મહેનત બાદ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદાન, એટલે કે બંધારણ અમલમમાં મુક્યું. આ દિવસે ભારત વિશ્વના સૌથી મોટા લોકશાહી રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું. આ દિવસની સર્વોચ્ચ સિદ્ધિ એટલે આપણું પવિત્ર બંધારણ. સંવિધાન સભાએ લાંબી ચર્ચા વિચારણા અને વિમર્શ બાદ ભારતનું બંધારણ ઘડ્યું છે. આપણા દેશના સર્વોચ્ચ પદ પર કોઈ રાજા કે વિદેશી શાસન નહીં, પરંતુ ભારતના નાગરિકો દ્વારા ચૂંટાયેલ રાષ્ટ્રપતિ બેસે છે. આ જ પ્રજાસત્તાકની સાચી ઓળખ અને તાકાત છે.

**૨. બંધારણ માત્ર કાયદો નહીં, રાષ્ટ્રની આત્મા :-** ભારતનું બંધારણ વિશ્વના સૌથી વિશાળ અને વ્યાપક બંધારણોમાનું એક છે. તેમાં દરેક નાગરિકોને સમાન અધિકાર, સ્વતંત્રતા અને ન્યાયની ખાતરી આપવામાં આવી છે. ધર્મ, જાતિ, લિંગ, ભાષા કે પ્રદેશના આધારે કોઈ ભેદભાવ રાખવામાં આવ્યો નથી - આ બંધારણનો આત્મા છે. પ્રજાસત્તાક દિવસ આપણને આ મૂલ્યોને માત્ર પુસ્તકમાં નહીં, પરંતુ જીવનમાં ઉતારવાની પ્રેરણા આપે છે. આપણું બંધારણ એ માત્ર કાયદા કે નિયમોનો સંગ્રહ નથી, પરંતુ ભારતીય

સંસ્કૃતિના ઉંડા મૂલ્યો, વિવિધતા અને સમાનતાના સિધ્ધાંતોનું પ્રતિબિંબ છે. બંધારણની પ્રસ્તાવના (Preamble) તેના મુખ્ય ચાર સ્તંભોની ઘોષણા કરે છે.

**ન્યાય** (Justice) : સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની ખાતરી.

**સ્વાતંત્રતા** (Liberty) : વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા.

**સમાનતા** (Equality) : દરજ્જો અને તકની સમાનતા.

**બંધુત્વ** (Fraternity) : વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા સુનિશ્ચિત કરવી.

આ ચાર સ્તંભો ભારતીય પ્રજાસત્તાકના મૂળભૂત આધારસ્તંભો છે. આ બંધારણ આપણને પ્રજાસત્તાક બનાવે છે, જેનો અર્થ એ છે કે સત્તાનો અંતિમ સ્રોત જનતા છે.

**૩. પ્રજાસત્તાક દિવસની પરંપરા અને સાંસ્કૃતિક મહત્વ :** પ્રજાસત્તાક દિવસની મુખ્ય ઉજવણી નવી દિલ્હીના કર્તવ્ય પથ (અગાઉ રાજપથ) પર યોજાય છે. આ સમારોહ એ માત્ર એક લશ્કરી પરેડ નથી, પરંતુ તે ભારતની અજોડ એવી વિવિધતામાં એકતાની ભાવનાનું પ્રતીક છે.

**લશ્કરી શક્તિનું પ્રદર્શન :** આ પરેડ ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાની તાકાત અને સજ્જતા દર્શાવે છે. સાથે જ તે આપણા સશસ્ત્ર દળોના જવાનોના બલિદાન અને શૌર્યને સન્માનિત કરવાનો અવસર છે. આ આપણી સૈન્ય શક્તિ અને રાષ્ટ્રીય એકતાનું પ્રતિબિંબ છે.

**સાંસ્કૃતિક ઝાંખીઓ** (Tableau) : વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા પ્રસ્તુત થતી આ ઝાંખીઓ દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, પ્રાદેશિક કલા અને પ્રગતિશીલ વિકાસ કાર્યોને પ્રદર્શિત કરે છે. તે એક સાથે ભારતની વિવિધતાને એક મંચ પર રજુ કરે છે.

**રાષ્ટ્રીય સન્માન :** આ દિવસે બહાદુરી પુરસ્કારો અને પદ્મ પુરસ્કારો એવા નાગરિકોને એનાયત કરવામાં આવે છે, જેમણે સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં અસાધારણ યોગદાન આપ્યું છે. આ પરેડ પ્રત્યેક ભારતીયના હૃદયમાં રાષ્ટ્રીય ગૌરવ અને દેશભક્તિની ભાવના પ્રજ્વલિત કરે છે. આ ઉજવણી પાછળનો સાચો હેતુ એ છે કે નાગરિકોમાં દેશપ્રેમ, એકતા અને જવાબદારીની ભાવના મજબૂત બને.

**૪. ૭૬ વર્ષની સફર : પડકારો અને સિદ્ધિઓ :** ગણતંત્ર તરીકેની આપણી ૭૬ વર્ષની સફર સાવ આસાન રહી નથી. આપણે ગરીબી, અશિક્ષા, સામાજિક અસમાનતા અને આર્થિક પડકારોનો સમાનો કર્યો છે. ભ્રષ્ટાચાર, આપણા લોકશાહી મૂલ્યોને નુકશાન પહોંચાડે છે. આ તમામ પડકારોની વચ્ચે ભારતે અનેક મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી છે.

**લોકશાહીની સ્થિરતા :** ભારત વિશ્વના અન્ય ઘણા વિકાસશીલ દેશોની તુલનામાં લોકશાહી મૂલ્યોને મજબૂત રીતે જાળવી રાખવામાં સફળ રહ્યું છે. નિયમિત અને નિષ્પક્ષ ચૂંટણીઓ એ આપણી લોકશાહીનો જીવંત પુરાવો છે.

**હરિત ક્રાંતિ :** ભારતે કૃષિ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી લીધી છે, જે દેશના કોરોડો લોકો માટે અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરે છે.

**આર્થિક પ્રગતિ :** વૈશ્વિક મંચ પર ભારત આજે એક ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે. આર્થિક ઉદારીકરણ અને ટેકનોલોજીના વિકાસે દેશને પ્રગતિની નવી દિશા આપી છે.

**વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ પ્રગતિ :** અવકાશ સંશોધન (ISRO) થી લઈને IT અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ભારતની સિધ્ધિઓ વિશ્વ સ્તરે સ્વીકાર્ય બની છે. "ચંદ્રયાન" અને "ગગનયાન" જેવા મિશનો ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાનો પુરાવો છે.

**૫. 'અમૃત કાળ'નો સંકલ્પ : ભવિષ્યની દિશા :-** પ્રજાસત્તાક દિવસ એ માત્ર ભૂતકાળની યાદ નથી, પરંતુ ભવિષ્ય માટેનો સંકલ્પ છે. વર્તમાન સમયગાળો ભારત માટે 'અમૃત કાળ' તરીકે ઓળખાય છે, જે આવનારા ૨૫ વર્ષોમાં વિકસિત ભારત (Viksit Bharat) ના નિર્માણનો સંકલ્પ લઈને આવ્યો છે. પ્રજાસત્તાક તરીકે આપણે હવે માત્ર વિકાસની ગતિ નહીં, પણ તેની ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. આપણે આપણા રોજિંદા જીવનમાં સમાનતા, સહિષ્ણુતા અને ન્યાયને સ્થાન આપવું જોઈએ. ભેદભાવ

વિના એકબીજાનું સન્માન કરવું જોઈએ.

**સમાન અને સર્વસમાવેશક વિકાસ :** વિકાસના લાભો સમાજના છેલ્લા માણસ સુધી પહોંચે, શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ સમાનરૂપે ઉપલબ્ધ થાય તે પણ આપણે જોવું જોઈએ.

**નવા ભારતનું માળખું :** આત્મનિર્ભરતા, ડિજિટલ ક્રાંતિ અને સ્વચ્છ ઉર્જા તરફ આગળ વધવુ પડશે. 'મેક ઈન ઈન્ડિયા' અને 'સ્કિલ ઈન્ડિયા' જેવા કાર્યક્રમો દ્વારા યુવાનોને સશક્ત બનાવવા જોઈએ.

**બંધારણીય મૂલ્યોનું જતન :** લોકશાહીના સ્તંભો - કારોબારી, ધારાસભા અને ન્યાય તંત્રની સન્માન સાથે સ્વતંત્રતા અને જવાબદારી જાળવી રાખવી જોઈએ. આ સાથે નાગરિકો તરીકે આપણે પણ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો જવાબદારી પૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

**૬. નાગરિક તરીકેની આપણી ભૂમિકા :** પ્રજાસત્તાકનો અર્થ એ છે કે દેશનું શાસન "લોકો દ્વારા, લોકો માટે અને લોકોનું" છે. આથી પ્રજાસત્તાક દિવસની સાચી ઉજવણી ત્યારે જ સાર્થક થશે જ્યારે પ્રત્યેક નાગરિક બંધારણમાં આપેલી ફરજોને સમજે અને તેનું પાલન કરે. જાગૃત નાગરિક એ છે જે પોતાના અધિકારોની માંગણી કરવાને બદલે, રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજો પ્રત્યે સભાન થાય. સૌએ સાથે મળી દેશના પર્યાવરણ અને કુદરતી સંસાધનોનું જતન કરવું જોઈએ. વિવિધ ધર્મ, જાતિ, અને ભાષાના લોકો વચ્ચે બંધુત્વ અને સૌહાર્દની ભાવનાને પ્રોત્સાહન આપવું જોઈએ. દેશના પ્રત્યેક નાગરિકે પોત-પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠતા હાંસલ કરીને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું સકારાત્મક યોગદાન આપવું જોઈએ.

આ દિવસ આપણને યાદ અપાવે છે કે સંવિધાને આપણને માત્ર અધિકારો જ નહીં, પરંતુ ફરજો પણ સોંપી છે. દેશની એકતા અને અખંડિતતા જાળવવી, સંવિધાન અને રાષ્ટ્રધ્વજનું સન્માન કરવું, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અપનાવવો, સામાજિક સમરસતા જાળવવી - આ બધુ દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે. જો આપણે અધિકારોની માંગ કરીએ છીએ, તો ફરજોનું પાલન પણ એટલું જ જરૂરી છે. લોકશાહીને જીવંત રાખવા માટે નાગરિકોની સક્રિય ભાગીદારી અનિવાર્ય છે. મતદાનમાં ભાગ લેવો, કાયદાનું પાલન કરવું અને સામાજિક જવાબદારી નિભાવવી આ બધું પ્રજાસત્તાકને મજબૂત બનાવે છે.

**૭. યુવાનોનું કર્તવ્ય :** યુવાનો દેશનું ભવિષ્ય છે. પ્રજાસત્તાક દિવસ યુવાનોને યાદ અપાવે છે કે દેશને સ્વતંત્રતા સહજમાં મળેલી નથી. અનેક સ્વતંત્રતા સેનાનીઓએ પોતાના પ્રાણોની આહૂતિ આપી છે. જો યુવાનો શિક્ષિત, સંવેદનશીલ અને જવાબદાર નાગરિક બનશે, તો જ સંવિધાનનું સ્વપ્ન સાકાર થશે. સોશિયલ મીડિયા પર દેશ પ્રેમ દર્શાવવાથી આગળ વધીને, વાસ્તવિક જીવનમાં સામાજિક કાર્યમાં જોડાવું આજની આવશ્યકતા છે.

**૮. સામાજિક સંસ્થાઓની ભૂમિકા :** દેશની સામાજિક સંસ્થાઓ માટે પ્રજાસત્તાક દિવસ વિશેષ પ્રેરણાનો સ્ત્રોત છે. સમાજના વંચિત, પછાત અને અવગણાયેલા વર્ગને સંવિધાનિક અધિકારોની જાણકારી આપવી, તેમને શિક્ષણ, આરોગ્ય અને રોજગારીની તકો આપવામાં સહાયભૂત થવું - આ બધું સંવિધાનની આત્માને જીવંત રાખવાનું કાર્ય કરે છે. જ્યારે સમાજનો છેલ્લો વ્યક્તિ પણ ગૌરવ સાથે જીવી શકે, ત્યારે જ સાચું પ્રજાસત્તાક સાકાર થાય છે.

**૯. ગૌરવ અને જવાબદારીનું પર્વ :** પ્રજાસત્તાક દિવસ આપણને યાદ અપાવે છે કે દેશ માત્ર ભૂગોળ નથી, પરંતુ જવાબદાર લોકોનો સમૂહ છે. સંવિધાન એ માત્ર કાનૂની દસ્તાવેજ નથી, પરંતુ કરોડો ભારતીયોના સપનાનું પ્રતિબિંબ છે. આ દિવસ આપણને એ પણ યાદ અપાવે છે કે આપણા મહાન નેતાઓએ આપણને જે સ્વતંત્રતા અને લોકશાહીનો વારસો આપ્યો છે, તે અમૂલ્ય છે. આ વારસાનું જતન કરવું અને તેને મજબૂત બનાવવો એ વર્તમાન પેઢીની પવિત્ર ફરજ છે. જ્યારે રાષ્ટ્રધ્વજ ગૌરવ સાથે લહેરાય છે, ત્યારે તે માત્ર કાપડનો ટૂકડો નથી, પણ આપણા સામૂહિક સપના, બલિદાનો અને ભવિષ્યની આશાઓનું પ્રતીક છે.

**સંકલ્પ**:- આ પ્રજાસત્તાક પર્વે આપણે સૌ સંકલ્પ લઈએ કે દેશના વિકાસમાં સંવિધાનના મૂલ્યોને હૃદયપૂર્વક સ્વીકારીને, એક સશક્ત, સમૃદ્ધ, સમાન અને શક્તિશાળી ભારતના નિર્માણમાં પોતાનો સક્રિય ફાળો આપીશું.

**જયહિન્દ - જયભારત - વંદેમાતરમ - ભારત માતા કી જય**


ZEN GARDEN
4 BHK &
4 BHK ++ FLATS
SAMPLE FLAT READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
Huge Height
Slab Top to Slab Top
Basement | 13′
Ground Floor | 13′3″
First Floor | 14′9″
70% Open Area & 30% Typical Construction
Superior Build & Work Quality
Lavish Amenities For All Age Groups
26000 Sq Ft Podium Garden
2 Allotted Car Parking
2nd Plot From Ring Road Purely Residential Project
Easy Connectivity With Industrial Areas like Shapar, Metoda & Vavdi
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000


ZEN
GARDEN
4 BHK &
4 BHK ++
FLATS
SAMPLE
FLAT
READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
• East - West Open Flats
• Large Beam & Column Less Living & Dining Area
• Water Meter Installed in Flats
• Separate Metered Water Line, Direct From Bore, on 2nd & 3rd Floor for Vaishnav
• Rare 10'8" Slab Top to Slab Top Flat Height
Top Brand Products
TOTO | Sanitary Fittings
GROHE | CP Fittings
DGU | Window
6X4 TILES WITH IPS | Tiles
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000

## શિક્ષણ સૃષ્ટિ



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# શિક્ષણની દિશા બદલીએ

છેલ્લા થોડા મહિનાઓથી શિક્ષણજગત ચર્ચાનો વિષય બન્યું છે. પ્રિન્ટ મિડિયા તથા ઇલેક્ટ્રોનિક મિડિયાના ઊહાપોહથી બધાંનું ધ્યાન આ પ્રશ્ને ખેંચાયું છે. તાજેતરમાં શાળા-કક્ષાએ અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓએ મુખ્યત્વે પરીક્ષાના ભયથી આત્મહત્યા કરી. આથી 'ભણતરનો ભાર'ને કેન્દ્રમાં રાખી જુદા જુદા ક્ષેત્રમાંથી પ્રત્યાઘાતો જોવા મળ્યા છે. બીજું, પાટણ, પી.ટી.સી. કૉલેજ તથા ધરમપુરની કૉલેજમાં અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીનીઓના જાતીય શોષણની ઘટનાથી સંવેદનશીલ દરેક વ્યક્તિને જબરજસ્ત આઘાત લાગ્યો છે. શિક્ષણમાં બધું બરાબર નથી ચાલતું. સહચિંતન કરી માર્ગ કાઢવાની જરૂર છે.

તાજેતરમાં બનેલા આ બનાવો આંખ ઉઘાડનારા છે, પરંતુ આ બનાવનાં મૂળ ક્યાં છે તે શોધી ઉપચાર કરવાની જરૂર છે. રોગનું નિદાન ખોટું થાય તો ઉપચાર પણ ખોટા થાય.

શિક્ષણ અને પરીક્ષણ સાથે જોડાયેલાં છે, પરંતુ આજે પરીક્ષણને એટલું બધું મહત્વ અપાયું છે કે આપણાં બધાં તંત્રો - શિક્ષણખાતું, શાળા-કૉલેજો, યુનિવર્સિટીઓ, વાલીઓ, સમગ્ર સમાજ પરીક્ષાને કેન્દ્રમાં રાખીને જ કાર્ય કરે છે. આપણે ત્યાં મોટા ભાગની યુનિવર્સિટીઓ પરીક્ષા લેવાનું કામ જ કરે છએ. શિક્ષણ અને સંશોધન જાણે ભુલાઈ ગયાં છે. કેન્દ્રમાં શિક્ષણ છે. તે કેવું હોવું જોઈએ તેની ચર્ચાને બદલે શાળા-કૉલેજ-કક્ષાએ પરીક્ષામાં કેમ ગુણ વધુ પ્રાપ્ત થાય તેની ચિંતા કરાય છે. યુનિવર્સિટીની વિદ્યાશાખામાં પ્રવેશ માટે પરીક્ષાના ગુણ મહત્વના છે. નોકરી માટે સર્ટિફિકેટ મહત્વનું છે, માટે યેનકેન પ્રકારેણ વધુમાં વધુ ગુણ પ્રાપ્ત કરવા વિદ્યાર્થી પર દબાણ વધારવામાં આવે છે. માતાપિતા અને શિક્ષણસંસ્થાઓ પણ વિદ્યાર્થીને પરીક્ષાલક્ષી બનવા પ્રેરે છે.

સારી શાળાનો માપદંડ ફક્ત એસ.એસ.સી. - એચ.એસ.સી.માં તેના કેટલા વિદ્યાર્થીઓ બોર્ડમાં નંબર મેળવી આવ્યા છે તે ગણાય છે. આજે શિક્ષણનું ધ્યેય માત્ર પરીક્ષામાં સારા માર્ક્સ મેળવી જેમાં વધુમાં વધુ પૈસા કમાઈ શકાય તેવી વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી ભૌતિક સુખ પ્રાપ્ત કરવાનું જ હોય તેમ મનાય છે. શિક્ષણનું ધ્યેય તો સારી વ્યક્તિનું નિર્માણ - produce a good human being છે. શિક્ષણનું ધ્યેય તો આત્મવિશ્વાસ આપવાનું છે, વિવેક શીખવવાનું છે, કઈ રીતે શીખી શકાય તે શીખવવાનું છે (learning to learn), જવાબદાર અને રુઆબદાર નાગરિક બનાવવાનું છે, સંવેદશીલ માણસ બનાવવાનું છે, જાતિ ધર્મ, રંગ, લિંગ, ભાષા વગેરેના ભેદથી ઉપર ઉઠી વિશ્વના નાગરિક બનાવવાનું છે. આજના મોટા ભાગના પ્રશ્નો આ ધ્યેય ચૂકી જવાથી ઊભા થાય છે.



૧૯૪૭માં આપણે આઝાદી તો પ્રાપ્ત કરી, પરંતુ આઝાદી સાથે સમગ્ર સમાજની કાયાપલટનો કાર્યક્રમ ઘડવાનું અને તેને અમલમાં મૂકવાનું ચૂકી ગયા. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ આઝાદ ભારતનું જે સ્વપ્ન સેવેલું તેવું કશું આપણે અમલમાં ના મૂક્યું.

ગાંધીજીએ શિક્ષણમાં સુધારા કરવા માટે આઝાદી પહેલાં વર્ધામાં દેશના અગ્રગણ્ય કેળવણીકારોને બોલાવી નઈ તાલીમની દિશા બતાવી હતી, પરંતુ આપણે તેને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ન બનાવી. રાષ્ટ્ર આઝાદ, પણ રાષ્ટ્રીય શિક્ષણનીતિ જ નહીં. આજે પણ એજ પુરાણી શિક્ષણનીતિમાં થોડું થીગડથાગડ કરી શાળા-કૉલેજોમાં શિક્ષણ અપાય છે. શિક્ષણ એ આપણા દેશના નેતાઓની પ્રાથમિકતા નથી. શિક્ષણખાતું એ ગૃહખાતા, નાણાખાતા જેટલું મહત્વનું નથી ગણાતું. કોઈ પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે કામચલાઉ ઉપાયો લઈ સંતોષ મનાય છે.

**શું કરવું જોઇએ ?**

(૧) રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઘડાય. બધા જ રાજકીય પક્ષો તેમાં સંમતિ આપે. સરકાર બદલાય તો પણ લાંબા ગાળાની શિક્ષણનીતિ ન બદલાય. શિક્ષણશાસ્ત્રીઓ જ શિક્ષણનીતિ નક્કી કરે. રાજકારણીઓની ડખલ નિવારાય.

(૨) પરીક્ષા અને નોકરીનો સંબંધ તોડી નાખવામાં આવે.

# શિક્ષણ સૃષ્ટિ

(૩) મૂલ્યશિક્ષણ પર ભાર.

(૪) સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પર ભાર મૂકાય.

(૫) શિક્ષણના નવપ્રયોગ કરતી હોય તેવી સ્વાયત્ત શાળા-કૉલેજોને ઉત્તેજન.

(૬) એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા નાબૂદ કરવામાં આવે. દરેક શાળા પોતે જ શાળાંત પરીક્ષા લ્યે.

(૭) યુનિવર્સિટી - પ્રવેશ માટે જુદી વ્યવસ્થા વિચારાય.

(૮) શાળા-કક્ષાએ ર્તઅ ૅક ક્ષીઢહિહક્ષ ને પ્રાધાન્ય આપી શિક્ષણપદ્ધતિ ગોઠવવામાં આવે.

(૯) શિક્ષકને તાલીમ આપતી સંસ્થાઓની ગુણવત્તા વધારાય.

(૧૦) શિક્ષકોની સજ્જતા વધારવાના પ્રયત્નો થાય.

(૧૧) શિક્ષણક્ષેત્રે રાજ્યનો ઓછામાં ઓછો હસ્તક્ષેપ રહે.

(૧૨) ઉત્પાદક નાગરિકની તાલીમ અપાય.

(૧૩)વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંચાલકોની આચારસંહિતા નક્કી કરાય અને તેનું યોગ્ય રીતે પાલન થાય.

(૧૪) વાલીશિક્ષણ માટે વ્યવસ્થા.

(૧૫) સમગ્ર સમાજની માનસિકતા બદલવાની જરૂર.

ઉપરોક્ત પગલાં દ્વારા પરીક્ષાને બદલે શિક્ષણને કેન્દ્રમાં રાખી સમગ્ર શિક્ષણની પ્રક્રિયા બદલવાની જરૂર છે.

વિદ્યાર્થીઓને મા-બાપ, શિક્ષકો અને સમાજે એ શીખવવાની જરૂર છે કે જીવનમાં અનેક નિષ્ફળતાઓ આવશે, પણ નિષ્ફળતાથી ડરવાની જરૂર નથી, સામનો કરવાનો છે. આત્મવિશ્વાસ અને દૃઢ મનોબળથી, ખૂબ મહેનત કરી કસોટીમાંથી પાર ઊતરવાનું છે. પરીક્ષામાં પાસ થવાનાં ધોરણો એટલાં નીચાં રાખ્યાં છે કે એ હાસ્યાસ્પદ લાગે. વિનોબા કહેતા કે, રોટલી સો ટકા ચડેલી જોઈએ, ૯૯ ટકા પણ ન ચાલે. તેમ વિદ્યાપ્રાપ્તિમાં પણ બાંધછોડ ન હોય. એને બદલે આજે વિદ્યાર્થીઓને મહેનત કરવાને બદલે ખોટાં પંપાળીએ છીએ, જે તેમને વિદ્યાર્થીકાળ પછીના જીવનમાં નડવાનું છે.

અબ્રાહમ લિંકને તેમના પુત્રના હેડમાસ્તરને લખેલા પત્રના કેટલાક અંશોને યાદ કરીએ.

"આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે જગત, તું એની કુમળી આંગળી ઝાલી દોરજે અને એને યોગ્ય સૌ વાનાં શીખવજે."

જો બની શકે તો એને આ બધા પાઠ મૃદુતાથી શીખવજે.

એને શીખવું તો પડશે જ. હું જાણું છું કે બધા માણસો ન્યાયપૂર્વક વર્તતા નથી, બધા જ માણસો સાચા નથી. પણ એને શીખવજે કે દર એક કુટિલ માણસે એક વીરપુરુષ પણ હયાતી ધરાવે છે. દર એક પ્રપંચી રાજપુરુષની સામે એક સમર્પણની ભાવનાવાળો રાજપુરુષ છે, જે જગતની સમતુલા જાળવી રાખે છે. એને શીખવજે કે દર એક દુશ્મને એક મિત્ર પણ હોય છે.

ક્રૂર અને ઘાતકી માણસો ઘણી સરળતાથી નમી પડે છે અને તમારા પગ ચાટવા માંડે છે, એ વાત પણ એ શીખે તો સારું.

એને પુસ્તકોની અદ્‌ભુત દુનિયાનાં દર્શન કરાવજે. આકાશમાં ઊંચે ઊડતાં પંખીઓ, સૂર્યના પ્રકાશમાં ગીતો ગાતી મધમાખીઓ અને લીલા ડુંગરાઓ પર ઝૂલતાં પુષ્પોનું શાશ્વત રહસ્ય શોધવા એને થોડીક નિરાંતનો સમય આપજે.

એને શીખવજે કે છેતરપિંડી કરવા કરતાં નિષ્ફળ જવું એ અનેક રીતે બહેતર છે. ભલે બીજાં બધાં એને ખોટો કહે તોપણ એને પોતાના જ વિચારોમાં શ્રદ્ધા રાખવાનું શીખવજે.

જ્યારે સૌ વાયરા પ્રમાણે પીઠ બદલે ટોળાને અનુસરવાને બદલે એ એકલો પોતાના માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજે. બધાંની જ વાત એ સાંભળે, પણ સત્યની ચાળણીમાંથી ચાળીને જે સારું હોય એ જ ગ્રહણ કરે એમ એને શીખવજે.

એનાં મન-હૃદયને એ સર્વોચ્ચ સાહસ માટે સમર્પી દે, પણ આત્મા અને હૃદયનાં દ્વાર એ બંધ ન કરે એ જોજે. ટોળાની બૂમોથી એ નમે નહિં અને જો પોતાની વાત સાચી લાગે તો એને માટે જીવસટોસટની લડાઈ આપતાં અચકાય નહિ એમ એને શીખવજે.

હે જગત, મૃદુતાથી આ બધું એને શીખવજે. પણ એને લાડ લડાવીશ નહિ, કારણ કે અગ્નિમાં તપીને જ સુવર્ણ શુદ્ધ બને છે.

આજે આપણે વિદ્યા(આધ્યાત્મિક વિદ્યા)ને ભૂલી જઈ માત્ર અવિદ્યા(વિજ્ઞાન અને ટેકનોલોજી કે જેના વડે અન્ન, વસ્ત્ર, આવાસ અને સુખોપભોગનાં અનેક સાધનો પ્રાપ્ત કરી શકાય)ના શિક્ષણને મહત્વ આપ્યું છે. તેમાંથી બધી સમસ્યા - વિદ્યાર્થીઓની આત્મહત્યા, પાટણના જાતીય સતામણીના પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે.

જરૂર છે વિદ્યા અને અવિદ્યા બન્નેની સમ્યક્‌પણે ઉપાસના કરવાની. હવે જાગવાની જરૂર છે. ચાલો, ભવિષ્યની પેઢીના હિતાર્થે શિક્ષણની દિશા બદલીએ. ■ ■

## શિક્ષણ સૃષ્ટિ



**ડો. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગ્યકાર
અને નિબંધકાર છે.

# સુખ માટે સંતોનું પ્રિસ્ક્રિપ્શન

માનવમાત્ર જ નહિ, જીવ માત્ર સુખ ઝંખે છે. એ પણ જીવનભર. એમાંયે માનવને તો સુખની સ્પૃહા એટલી ઉત્કટ છે કે પોતાનું ચાલે તો એમણે મરવું પણ નથી. હા, એમાં તેનું જરાય ચાલતું નથી એ ખાતરી થયા બાદ માણસે સ્વર્ગ - નરક, અમરત્વની કલ્પના કરી છે. વિધ વિધ લોકની રસમય કલ્પના કરી છે. મૃત્યુ પછી પણ સુખ જળવાય રહે, ભરપૂર સુખ ભોગવવા મળે એવા આશયથી ધર્મ, ધ્યાન અને ઈશ્વર સુધીના પ્રયોગો કર્યા છે, કરતો રહે છે. એમાં ઓછેવત્તે સફળતા પણ મેળવી છે. છતાં કહેવું જોઈએ કે એને પોતાની મહેચ્છા કે કલ્પના જેટલું સુખ ભાગ્યે જ પ્રાપ્ત થયું છે.

કેટલીક વખત અનેક લોકોના મનમાં એવો ગોટાળો હોય છે કે તેઓ સુખ અને સગવડના સાધનોને જુદાં પાડી શકતા જ નથી. સગવડના પુષ્કળ સાધનો એટલે ભરપૂર સુખ એવું માની લેવું એ મોટી ભૂલ છે. સુખ-સગવડનાં સાધનો જીવન સરળ બનાવે છે. શ્રમ અને સમયનો બચાવ કરે છે. પરંતુ જો વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવામાં ન આવે તો એક નવા જ પ્રકારની ગુલામી ભરડો લે છે. બીજું, સગવડનો વૈભવ તીવ્ર પ્રતિસ્પર્ધા જન્માવે છે. પોતાની શક્તિ હોય કે ન હોય દરેક માણસ એ મેળવવા લલચાય છે. પરિણામે લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય એ કહેવત સાર્થક કરે છે.

એક પેઢીનો જે શોખ હોય છે એ પછીની પેઢી માટે આવશ્યકતા બની જાય છે. ઉપરાંત સુવિધા અને સગવડોથી લથબથ જીવન શ્રમથી વિમુખ થતું જાય છે. એટલે સૌ ઓછી મહેનતે વધારે ને વધારે કમાવા માટેની દોડમાં જોતરાય જાય છે. આખરે એક તબક્કે આ દોડ ગળાકાપ હરીફાઈ તેમજ અનૈતિક માર્ગોને જન્મ આપે છે. જે તણાવ અથવા ગુનાખોરી સ્વરૂપે નજરે ચડે છે. પરિણામે આખા સમાજ સામે પ્રશ્નો ઊભા થતા રહે છે. આ આજની પરિસ્થિતિનો ચિતાર છે.

આપણા સંતો, ચિંતકો અને મનીષીઓએ સુખ, શાંતિ અને પ્રસન્નતા બાબતે બહુ જ ગહન ચિંતન કર્યું છે. એના સારરૂપ બહુ થોડા શબ્દોમાં એ અનુભવો અને એના માર્ગો દર્શાવ્યા છે. આપણે તેને મહાપુરુષો દ્વારા લખાયેલું સુખનું પ્રિસ્ક્રિપ્શન કહી શકીએ. થોડાંક પસંદ કરેલા ઉદાહરણો આ માટે પર્યાપ્ત છે.

**કબીર કહે છે**

**દુઃખ મેં સુમિરન સબ કરે, સુખ મેં કરે ન કોય,**
**જો સુખ મેં સુમિરન કરે, તો દુઃખ કાહે હોય.**

(ભગવાન, ઈશ્વર કે પરમાત્માના સ્મરણનો મહિમા અહીં ખૂબ જ ચોટદાર રીતે વર્ણવાયો છે.)

**તુલસી મીઠે બચન સે સુખ ઉપજે ચહું ઓર,**
**યે હિ બશીકરન મંત્ર હૈ, તજીએ બચન કઠોર.**

(સમાજ જીવનમાં અન્ય સાથેના વાણીવ્યવહારથી બંને પક્ષે સુખપ્રાપ્તિ માટેનો મંત્ર દર્શાવ્યો છે.)

**તુલસી કહે છે -**

**ઉદ્યમ તે સુખી હોત હૈ, બિન ઉદ્યમ દુઃખ પાય,**
**નિકટ અશન બિન કર ચલે, કૈસે મુખમેં જાય.**

(ઉદ્યમ એટલે કે પુરુષાર્થ કરવાથી જ સુખી થવાય છે. બાજુમાં જ ભોજન પડ્યું હોય તોય હાથ હલાવ્યા વગર મોંમાં જતું નથી.) અહીં પરિશ્રમનો મહિમા આબાદ વ્યક્ત થયો છે.

**રામ નામ કી ઔષધિ ખરા નિયમ સે ખાય,**
**અંગ રોગ વ્યાપે નહિ ભવરોગ મીટ જાય.**

(અહીં પણ ભગવદ્ સ્મરણ એ શરીરની નિરામયતા અને પરમ ગતિનો ઉપાય બતાવ્યો છે.)

સંસ્કૃત મહકવિઓએ પણ ખૂબ કહ્યું છે, મહર્ષિ વ્યાસને યાદ કરવા જ પડે.

**श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रंथकोटिभिः ।**
**परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥**

જે વાત કરોડો ગ્રંથોમાં કહેલી છે તે હું - વ્યાસ તમને અર્ધા શ્લોકમાં કહી દઉં છું : બીજાઓને સુખ પહોચાડવામાં, એટલે કે પરોપકાર કરવામાં પુણ્ય છે અને અન્યને પીડાદાયી કર્મ કરવામાં પાપ છે.

જીવન જીવવાની ટિપ્સ આપતા કહે છે,

**दष्टिपूतं न्यसेत् पादं वस्त्रपूतं पिबेज्जलम् ।**
**शास्त्रपूतां वेदद् वाणी मनः पूतं समाचरेत ॥**

અર્થાત્ સારી પેઠે જોઈ, તપાસીને ડગલું ભરવું. વસ્ત્રથી ગાળીને જળ પીવું. શાસ્ત્રસંમત (વિનય યુક્ત) વાણી બોલવી અને મનથી સારી પેઠે વિચારીને પવિત્ર આચરણ કરવું.

આવા સનાતન સત્યો તો આપણી તમામ ભાષાના સાહિત્યમાં મળી રહે છે. માણસ ઈચ્છે તો જીવન શાંતિ, પ્રસન્નતા અને સંતોષથી જીવી શકે છે. ઉપરાંત બીજાને આ રીતે જીવવામાં મદદરૂપ પણ થઈ શકે છે. ■

## શિક્ષણ સૃષ્ટિ




**મિત પટેલ**
નવોદિત યુવાલેખક, અમદાવાદ


# આજનું ભણતર ભારરૂપ કે ભેજારૂપ..?

**"શિક્ષણ સર્જનહારના સર્જકને ખીલવવા માટે છે, નહીં કે ખંખેરવા માટે..!**

શિક્ષણનો મુખ્ય હેતુ માનવ સમાજના શ્રેષ્ઠત્તમ ચારિત્ર્ય નિર્માણનો છે. પરંતુ હાલ શિક્ષણ વ્યવસાયલક્ષી બની ગયું એટલે એમાં માહિતી હોવાની, કેળવણી નહિ. "**सा विद्या या विमुक्तये**" અર્થાત, દરેક પ્રકારનાં બંધનમાંથી જે મુક્તિ અપાવે તે વિદ્યા. વિદ્યા વગર વાસ્તવિકતાને પારખી શકાતી નથી.

અત્યારે... "સૌથી વધુ ભ્રષ્ટાચાર, ક્રાઈમ અને આપઘાત કોણ કરે છે?" - "ભણેલાં..!"

શિક્ષણ મેળવનારાની સાપેક્ષે રોજગારી મેળવનારા કેટલાં? સ્ટ્રેસ અને ડિપ્રેશન જેવી માનસિક બિમારીઓ મોટા ભાગે ભણેલાં લોકોને જ કેમ વરેલી હોય છે? છેતરપિંડી કરવામાં નોન એજ્યુકેટેડ કરતાં એજ્યુકેટેડ પર્સન વધારે છે. ગામને પાદરે ખિલખિલાટ કરતો કરચલી વાળો ચહેરો જોઈને થાય કે કદાચ ઓછું ભણેલા લોકો વધુ મોજથી જીવી જાય છે!

"એ સમયના માસ્તરના હાથમાં સોટી હતી, પણ ભણાવવાની રસમ કે રીત શું ખોટી હતી? મારા અને તારા સમયમાં એ ફરક છે દિકરા, તારા રૂપિયા કરતાં મારી પાવલી મોટી હતી!" — પદ્મશ્રી ખલીલ ધનતેજવી

સફળ શિક્ષણ તરફ મૂકેલી દોટમાં આપણે કશુંક ભુલી રહ્યા હોય એવું નથી લાગતું? શિક્ષણ બાળકને ખીલવા માટે હોય છે, નહિ કે ખંખેરવા માટે..! બિચાકરાંના ખભા પર પહેલેથી જ એટલો ભાર લાદી દેવામાં આવે કે ચાલની શરૂઆતમાં જ પાછળની બાજુ ઢળી જાય. પહેલાં ધોરણમાં ભણતાં બાળકનું સવારના સાતથી સાંજના સાત વાગ્યા સુધીનું શેડ્યુલ ફિક્સ હોય, ઈન્ક્લુડિંગ ક્લાસિસ એન્ડ હોમવર્ક! જોકે હવે ગૃહકાર્ય પણ ગધામજૂરી થઈ ગઈ; માથું ઉંધુ ઘાલીને લખ્યા જ કરવાનું..!

જન્મતાની સાથે જ માને બદલે મોમ બોલાવવામાં આવે છે. શિક્ષણની શરૂઆત કલમના ક ને બદલે એ ફોર એપલથી થઈ ગઈ. ઈંગ્લિશ ન બોલતાં અને માતૃભાષામાં વાત કરતાં બાળકને સમાજમાં ઢગલાનો ઢ ગણવામાં આવે છે..! મિત્રો, ગુજરાતી(માતૃભાષા) ભૂલીને ઈંગ્લિશ શીખવું નિરક્ષરતા બરાબર જ છે. સરખામણીનું સ્તર વધી ગયું, પાડોશીના છોકરાને ૯૦% આવે તો મારા છોકરાને કેમ નહી..??

ઓશોએ અદ્ભુત કહ્યું છે, "સાચું શિક્ષણ શીખવે છે કે જીવનને સંઘર્ષની રીતે નહીં પણ ઉત્સવની રીતે લો. જીવન માત્ર ઉપયોગીતા જ ન હોય, જીવન માત્ર આનંદ જ ન હોય. ગાયન, નૃત્ય, કાવ્ય, સંગીત અને ચિત્રકલા તમામ આ જગતમાં ઉપલબ્ધ છે. અત્યારે શિક્ષણ એ તમામ સાથે પણ તમને એક નચકલી બનવા માટે તૈયાર કરે છે. તમને એ શીખવે છે કે બીજાના જેવું કેવી રીતે બનવું? આ અભણતા છે. સાચું શિક્ષણ તમને શીખવે છે કે કેવી રીતે પોતાને પ્રાપ્ત થઈ જવું. તમે અદ્વિતીય છો, તમે યુનિક છો, તમારા જેવુ બીજુ કોઇ નથી. આ તમારા માટે પરમાત્માનો સૌથી મોટો પ્રસાદ છે." ('શિક્ષણ: ઓશોની દ્રષ્ટિએ' માંથી)

દરેક બાળક પાસે કાંઈક ખાસ હોય છે. દરેક બાળક કલાકાર હોય છે. ખેલકૂદ, ચિત્ર, લેખન, ગાયન કે વકૃત્વ સ્પર્ધામાં ટોપ કરતો વિદ્યાર્થી ભણવામાં ટોપર હોય એવું જરૂરી નથી. ગણિત અને વિજ્ઞાનની ફાવટ વાળો વિદ્યાર્થી સમાજવિદ્યામાં નબળો પણ હોય શકે. વિકટ પરિસ્થિતિમાં બેક બેન્ચર્સ પોતાની સૂઝ-બૂઝ વડે જુગાડ કરીને જેવો ઉકેલ લાવી શકે એવો ઉકેલ લાવવામાં ફસ્ટ બેન્ચર્સ પાછળ પણ રહી જાય. ક્લાસમાં અમુક વાતુડિયાઓની વાણી એટલી મીઠી હોય કે કોઈ પણ શિક્ષક પાસે જઈ માખણના મસ્કા મારી પી.ટી.ના લેક્ચર્સ પાસ કરાવી શકે, ધિસ ઈસ વન ટાઈપ ઓફ કોમ્યુનિકેશન સ્કિલ.

"પ્રત્યેક બાળક કલાકાર હોય છે, પ્રશ્ન એ છે કે એ મોટો થાય પછી કલાકાર રહેશે શી રીતે?" - **પાબ્લો પિકાસો**

બાળક માત્ર પરીક્ષાલક્ષી નહિ પરંતુ જીવનલક્ષી પરિસ્થિતિઓ માટે તૈયાર થાય એ ખાસ જરૂરી છે. જિંદગીના પ્રશ્નપત્રમાં ગોખણીપટ્ટી જરાય સાર્થક નીવડતી નથી. આપણી ભારતીય સંસ્કૃતિમાં શાળાને વિદ્યામંદિરનો દરજ્જો આપવામાં આવ્યો છે. કૃષ્ણ, બલરામ કે સુદામાને સાંદીપનિ ઋષિના આશ્રમમાં પરાણે ઢસડીને મોકલવાં પડ્યાં હોય અને રામ-લક્ષ્મણે વશિષ્ઠમુનિના આશ્રમાં ચાલુ લેક્ચરે બંક માર્યો હોય એવો ઉલ્લેખ મેં ક્યાંય વાંચ્યો નથી. અત્યારે તો શાળા અને કોલેજોમાં મોર્ડન ક્લાસરૂમ હોવાં છતાંય સ્કૂલ કે કોલેજનું નામ સાંભળતાની સાથે વિદ્યાર્થીના ચહેરા પરનું હાસ્ય ખોરવાઈ જાય! સ્ટુડન્ટસને શિક્ષણ પ્રત્યે આટલી હદે નફરત પેદા થવાનું કાંઈક તો છૂપુ કારણ હશે ને..?? જરા વિચારીએ.

ભણતરમાં જ બોજ બેસી ગયો પછી ભાર વિનાનું ભણતર ક્યાંથી મળી શકશે..? અભ્યાસક્રમમાં જથ્થાની નહી પણ ગુણવત્તાની જરૂર છે. આજના વિદ્યાર્થીઓની એવી માનસિકતા બંધાઈ છે કે અત્યારે ભણેલું ક્યાં કામ આવવાનું..? એમનો પ્રશ્ન બિલકુલ વ્યાજબી છે. દુનિયાનું દરેક ક્ષેત્ર દરરોજ અપડેટ થતું રહે છે ને અભ્યાસક્રમ દર પાંચ વર્ષે બદલાય છે. ગમે એટલું શીખ્યા પછી વાસ્તવિક મેદાનમાં ઉતરે ત્યારે પરિસ્થિતિ અલગ જ હોવાનીને.! થિયરીની સાથે અનુભવાત્મક અને પ્રેક્ટીકલ જ્ઞાનની ખાસ્સી જરૂર છે. દેશમાં થતાં હુલ્લડો અને આંતકી પ્રવૃતિ સદવિદ્યાની ઉણપ દર્શાવે છે. બંદૂક કેવી રીતે ચલાવવી એ વિદ્યા દ્વારા શીખવાડી શકાય પરંતુ બંદૂક ક્યાં અને કોની સામે ચલાવવી એ સદવિદ્યા દ્વારા જ શીખવાડી શકાય. જોકે હવે ભગવદગીતા જેવા ગ્રંથોનો અભ્યાસક્રમમાં ઉમેરો કરી શિક્ષણને સાચી દિશામાં એક નવો વળાંક અપાયો છે. જ્યારે ભણતરની સાથે ગણતર કેળવવાનો શોખ અને ઉત્સાહ જાગૃત થશે ત્યારે સર્જનહારનો સર્જક આપોઆપ ખીલી ઉઠશે.

## શિક્ષણ સૃષ્ટિ




**સંજયભાઈ ડી. પટેલ (પોગલુ)**
મહામંત્રી કેન્દ્રિય સામાજિક સંગઠન સમિતિ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, અમદાવાદ


# હિન્દુ લગ્નમાં સપ્તપદીનું મહત્વ

લગ્નની દરેક વિધીનું કંઈક મહત્વ રહેલું છે. પરંતુ તેના વિશે ઘણી વાર આપણે અજાણ હોઈએ છીએ. તેવા જ લગ્નના સાત વચન છે. દરેકને જાણ છે કે, સાત વચન આપવાના હોય પણ તે વચન શું છે તેનાથી અજાણ હોય છે. વર અને કન્યા એકબીજાને સાત વચન આપે છે.

**સાત સોપારી-સાત વચનોનું પ્રતીક**

**પહેલું વચન :** તીર્થવ્રતોધાપન યજ્ઞકર્મ મયા સહૈવ પ્રિયવયં કુર્યા :
વામાંગમાયમિ તદા ત્વદીયં બ્રવીતિ વાક્યં પ્રથમં કુમારી ॥

આ પહેલા વચનમાં કન્યા વર પાસે માંગે છે કે, જો તમે ક્યારેય પણ તીર્થ, યાત્રા પર જાઓ તો મને સાથે લઈને જજો. જો તમે કોઈ પણ વ્રત કે ધર્મનું કાર્ય કરો તો આજની જ જેમ મને તમારી સાથે રાખજો. જો તમે આ વચન આપવા તૈયાર છો. તો જ હું તમારી સાથે જીવન વિતાવવા તૈયાર છું.

**કન્યા દ્વારા વરને અપાતું પહેલું વચન**

પહેલા વચનમાં કન્યા વરને વચન આપે છે કે, તીર્થ, ધર્મ, વ્રત, યજ્ઞ જેવા કોઈ પણ ધાર્મિક કાર્યોમાં હું તમારી સાથે રહીશ.

**બીજું વચન :** પુજ્યો યથા સ્વૌ પિતરૌ મમાપિ
તથેશભક્તો નિજકર્મ કુર્યા :
વામાંગમાયામિ તદા ત્વદીયં
બ્રવીતિ કન્યા વચંન દ્વિતીયમ ॥

વર જોડે બીજા વચનમાં કન્યા માંગે છે કે, તમે તમારા માતા-પિતાનું સન્માન જે રીતે કરો છો, તે જ રીતે મારા માતા-પિતાનું પણ સન્માન કરશો. તથા મારા પરિવારની ગરિમા પ્રમાણે ભગવાનમાં માનતા રહેશો તો, હું તમારી સાથે જીવન વિતાવવા તૈયાર છું.

**કન્યા દ્વારા વરને અપાતું બીજું વચન**

બીજા વચનમાં કન્યા વરને વચન આપે છે કે, તમારા પરિવારમાં બાળકથી લઈને વૃદ્ધ સુધી દરેક પરિવારજનોની સાર-સંભાળ રાખીશ. તથા જીવનમાં જે કંઈ પણ મળશે તેમાં હું સંતુષ્ટ રહીશ.

**ત્રીજું વચન :** જીનવમ અવસ્થાત્રયે મમ પાલનાં કુર્યા :
વમાંગંયામિ તદા ત્વદીયં બ્રવીતિ કન્યા વચનં તૃતીયં ॥



દરેક વ્યક્તિના જીવનમાં શૈશવાવસ્થા, બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા તથા વૃદ્ધાવસ્થા જેવા પડાવો આવે છે. લગ્નની ઉંમર યુવાવસ્થા દરમિયાન આવે છે. ત્યારે કન્યા પતિ પાસે ત્રીજું વચન માંગે છે કે, તમે યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા ત્રણેમાં મારું ધ્યાન રાખશો. તથા મારો સાથ નિભાવશો તો હું તમારી સાથે જીવન વિતાવવા તૈયાર છું.

**કન્યા દ્વારા વરને અપાતું ત્રીજું વચન**

ત્રીજા વચનમાં કન્યા વરને કહે છે કે, હું દરરોજ તમારી આજ્ઞાનું પાલન કરીશ. તથા સમયસર ગળ્યું તથા તમારા મનગમતાં ભોજન તૈયાર કરીને તમારી સામે રાખીશ.

**ચોથું વચન :** કુટુમ્બસંપાલનસર્વકાર્ય કર્તુ યદિ કાતં કુર્યા :
વામાંગમાયામિ તદા ત્વદીયં
બ્રવીતિ કન્યા વચનં ચતુર્થ ॥

ચોથા વચનમાં કન્યા પતિ પાસ માંગે છે કે, અત્યાર સુધી તમે ઘર-પરિવારની ચિંતાથી દરેક રીતે મુક્ત હતા. પરંતુ હવે લગ્નના બંધનમાં બંધાવવા જઈ રહ્યા છો, તો પરિવારની દરેક સમસ્યાઓ અને જવાબદારીઓ તમારા ખભા પર હશે. જો તમે આ ભાર મારી સાથે ઉઠાવવાનું વચન આપો છો તો હું તમારા સાથે જીવન વિતાવવા તૈયાર છું.

**કન્યા દ્વારા વરને અપાતું ચોથું વચન**

ચોથું વચન જે કન્યા વરને આપે છે, હું સ્વચ્છતાપૂર્વક એટલે કે, સ્નાન કરીને દરેક શૃંગારને ધારણ કરીને મન, વાણી અને શરીરથી તમારો સાથ નિભાવીશ.

**પાંચમું વચન :**
સ્વસદ્યકાર્યે વ્યવહારકર્મણ્યે વ્યયે મામાપિ મન્ત્રયેથા :
વામાંગમાયામિ તદા તત્દીયં વચઃ પંચમત્ર કન્યા ॥

લગ્નના પાંચમા વચનમાં કન્યા પતિ જોડે માંગે છે કે, લગ્ન પછી આપણા ઘરનાં કોઈ પણ કાર્ય, લેન-દેન અને અન્ય કોઈ પણ પ્રકારનો ખર્ચો કરતા સમયે જો તમે મારી સલાહ લેશો. તો હું તમારી સાથે જીવન વિતાવવા તૈયાર છું.

### કન્યા દ્વારા વરને અપાતું પાંચમું વચન

પાંચમુ વચન જે કન્યા વરને આપે છે, હું તમારા દુઃખમાં ધીરજ અને તમારા સુખમાં પ્રસન્નતા સાથે રહીશ. હું તમારા સુખ-દુઃખની સાથી બનીશ. હું ક્યારેય પરપુરુષનો સાથ રાખીશ નહિ.

**છઠ્ઠું વચન :**

**ન મેપમાનમં સવિધે સખીનાં દ્યૂતં ન વા દુર્વ્યસનં ભંજશ્ચેત :**
**વામાંગમાયામિ તદા ત્વદીયં બ્રવીતિ કન્યા વચનં ચ ષષ્ઠમ ॥**

છઠ્ઠા ફેરામાં કન્યા પતિ પાસે વચન માંગે છે કે, જો હું મારી મિત્ર અથવા અન્ય કોઇ સ્ત્રીઓની વચ્ચે બેઠી હોઉં, તો ત્યાં તમે કોઈપણ કારણોસર મારું અપમાન નહિ કરો. તથા તમે કોઈપણ પ્રકારના ખરાબ વ્યસ્નથી પોતાને દૂર રાખશો. તો હું તમારી સાથે જીવન વિતાવવા તૈયાર છું.

### કન્યા દ્વારા વરને અપાતું છઠ્ઠું વચન

છઠ્ઠું વચન જે કન્યા વરને આપે છે, હું તમારું દરેક કાર્ય ખુશીથી કરીશ. સાસુ-સસરાની સેવા અને બીજા સંબંધીઓનો સત્કાર કરીશ. તમે જ્યાં રહેશો ત્યાં રહીશ. હું તમને ક્યારેય ઠગીશ નહિ, એટલે કે, તમારો વિશ્વાસ ક્યારે નહિ તોડું.

**સાતમું વચન :**

**પરસ્ત્રિયં માતૃસમાં સમીક્ષ્ય સ્નેહં સદા ચેન્મયિ કૂર્ય :**
**વામાંગમાયામિ તદા ત્વદીયં બ્રૂતે વચઃ સપ્તમત્ર કન્યા ॥**

સાતમા અને છેલ્લા વચનમાં કન્યા પતિ જોડે માંગે છે કે, તમે અન્ય દરેક સ્ત્રીઓને માતા સમાન માનશો. તથા આપણા પતિ-પત્નીના પ્રેમ વચ્ચે અન્ય કોઈને નહિ આવવા દો. જો તમે મને આ વચન આપો છો તો હું તમારી સાથે જીવન વિતાવવા તૈયાર છું.

### કન્યા દ્વારા વરને અપાતું સાતમુ વચન

સાતમા અને છેલ્લા વચનમાં કન્યા પતિને વચન આપે છે કે, હું ધર્મ, અર્થ અને કામ સંબંધી કાર્યોમાં તમારી ઈચ્છાનું પાલન કરીશ. અહીં અગ્નિદેવ, બ્રાહ્મણ અને માતા-પિતા સહિત દરેક સંબંધીઓની સાક્ષીમાં તમને મારા પતિ માનીને મારું તન તમને અર્પણ કરું છું.



## નારી સૃષ્ટિ



**શ્રીમતી ગીતા ઉનડકટ**
ભારતીય સંસ્કૃતિની પક્ષધર અને
નારીવાદી લેખિકા, રાજકોટ.

# સ્ત્રી શિક્ષણ વિના અંધારા કેમ ઉલેચાશે ?

- **સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ કહેવત સ્ત્રીનું અપમાન છે.**
- **અશિક્ષિત દીકરી તો એક અભિશાપ જ બની રહે છે.**
- **જો માતા જ સ્વયં અભણ હોય તો બાળકોને શું શીખવી શકશે ?**
- **અશિક્ષિત સ્ત્રી પતિનું મન વાંચવા પ્રયત્ન કરતી નથી.**

ભારતના ઈતિહાસ તરફ જોઈએ તો પ્રાચીન યુગમાં સ્ત્રીઓને માતૃદેવો ભવઃ જેવા ભાવથી ઊંચા આસને સ્થાપી ઘણું મહત્વ આપવામાં આવતું હતું. વેદોમાં પણ સ્ત્રીઓને પ્રાધાન્ય આપેલ હતું. ઋગ્વેદ, યજુર્વેદ કાળના જમાનામાં સ્ત્રી મુક્ત હતી. ઋચાઓની રચયિતા, લોપા, સૂર્યા, ઘોષા જેવી સ્ત્રીઓ સમાજનું નૂર ગણાતી. પરંતુ રજપૂતયુગમાં સ્ત્રીઓ ઉપરનો ભય વધ્યો અને સ્ત્રીઓને ચાર દીવાલમાં કેદ કરી. બુરખા પ્રથા આવી. ધાર્મિક રિવાજોનો પ્રચાર થયો અને સ્ત્રી જ વેદીમાં હોમાણી.

૨૧ મી સદીમાં આઝાદીનાં આટલાં વર્ષો બાદ સ્ત્રી વિકાસ - સ્ત્રી જાગૃતિનું એક બાજુનું ચિત્ર ઉજ્જવળ છે તો બીજી બાજુ તો અંધકારમય છે. આપણો સમાજ પુરુષપ્રધાન ગણાય છે. અને કુટુંબમાં પુરુષનું ચલણ જ હોય છે. સ્ત્રીઓને પુરુષ કરતાં ઊતરતું સ્થાન આપવામાં આવ્યું છે. શહેરોમાં પરિસ્થિતિ સુધરી છે. પરંતુ ગામડામાં હજીયે અંધશ્રદ્ધા છે. સ્ત્રી હજીયે પછાત, અજ્ઞાન અને નિરક્ષર છે.

આ માટે સ્ત્રીઓએ જાગ્રત થવું પડશે. વર્ષો જુની પુરુષ પ્રધાન જંજીરોને સ્ત્રીઓએ ભેગા થઈને તોડવી પડશે. નવી પેઢી જૂના રીતરિવાજોનો સામનો તો કરી રહી છે. પણ સામાજીક ઈમારત એટલી મજબૂત છે કે તૂટતાં વાર લાગશે. આજે સ્ત્રીશક્તિએ જાગ્રત થવું જ પડશે અને એ માટે જરૂર છે શિક્ષણની. ફક્ત ૮મી માર્ચે વુમન ડે ઊજવવાથી કે ટી. વી. પર પ્રોગ્રામ આપવાથી કંઈ થવાનું નથી.

સ્ત્રીઓ નાનપણથી જ જાતિભેદ સહન કરતી આવે છે. દીકરીને ભણાવીને શું કરવું છે. એને તો સાસરે જ જવાનું છે અને રોટલા જ ઘડવાના છે. આ માન્યતા અને કૌટુમ્બિક જવાબદારીમાંથી સ્ત્રી બહાર આવી શકતી નથી. એક તરફ "નારી તું નારાયણી" કહેવામાં આવે છે તો બીજી બાજુ "નારી તાડનકી અધિકારી" માનવામાં આવે છે. એક બાજુ આંતરરાષ્ટ્રિય નારી દશકની ઉજવણી થાય છે અને બીજી બાજુ નાની વયની બાલિકાઓને સમજણનો વિકાસ થાય તે પહેલાં અપરિપક્વ અને કુમળી વયે પરણાવી દેવામાં આવે છે. આમ શિક્ષણ જ નારીના સામાજિક વિકાસમાં પ્રગતિ લાવી શકે છે.

શિક્ષણ એક સાંસ્કૃતિક પરિબળ છે. શિક્ષણ સ્ત્રીઓના સામાજિક, માનસિક, નૈતિક, વ્યવહારિક અને આર્થિક સ્તરને ઊંચું લાવવામાં બહુ મોટો ભાગ ભજવે છે. શિક્ષણના લીધે જ પારિવારિક અને રાષ્ટ્રીય સ્તર પણ ઊંચું આવે છે. માટે જ સ્ત્રીશિક્ષણ અતિશય જરૂરી છે. સ્ત્રી તો સંરચનાનું કેન્દ્રબિંદુ છે. જો બીજ ઉત્તમ ના હોય તો સર્જન ક્યાંથી ઉત્તમ થાય. પહેલાંના સમયમાં "સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ" કહેવાતું હતું. પરંતુ પાની ઉપર તો આખા શરીરનો આધાર છે ને ! મહાત્મા જ્યોતિબા ફુલેએ કહ્યું છે ને કે,

"If a man is educated, he alone is educated -
But if a woman is educated the whole family is educated."

સ્ત્રી શિક્ષિત હોવાને કારણે સમાજ અને પરિવારમાં તેનું ગૌરવ વધે છે. પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે તે પુરુષ પર આધારિત રહેતી નથી. જરૂર પડ્યે તે પોતાના પરિવારને અને પતિને આર્થિક રીતે મદદ પણ કરી શકે છે. પતિના મુશ્કેલીના સમયે ખભેખભા મિલાવીને, ઘરની અને નોકરીની જવાબદારી પણ ઉઠાવે છે. ભણેલી સ્ત્રી જીવનના કોઈ પણ ક્ષેત્રમાં કામ કરીને પરિવારને ટેકારૂપ બની શકે છે.

શિક્ષણને કારણે જ સ્ત્રીમાં સારાસારનો વિવેક વધ્યો છે. જેને કારણે તે શોષણ, અન્યાય અને અત્યાચારનો નિર્ભયતાથી સામનો કરી શકે છે. આમ, શિક્ષિત સ્ત્રી અબળા મટીને પ્રબળા બની છે. એક ભણેલી માતા જ પ્રેમાળ માળીની જેમ પોતાના બાળકની ભાવાત્મક જરૂરિયાતો પૂરી કરીને ઉત્તમ સંસ્કારોનું સિંચન કરી શકે છે. કેમ કે સો શિક્ષક ભેગા થઈને જે શિક્ષણ ના આપી શકે તે શિક્ષણ એક મા આપી શકે છે. માટે દરેક સ્ત્રી માટે શિક્ષણ મહત્વનું બની રહે છે.

અશિક્ષિત સ્ત્રી અને શિક્ષિત સ્ત્રીના જીવનમાં જમીન - આસમાનનો તફાવત જોવા મળે છે. અશિક્ષિત સ્ત્રી સાચા અર્થમાં પતિની અર્ધાંગિની બની જીવનમાં મદદરૂપ થઈ શકતી નથી અને તેના દામ્પત્યજીવન અને બાળઉછેરમાં ઘણો ફરક પડે છે. શિક્ષિત મા બાળકોના અભ્યાસમાં ને વિકાસમાં વિશેષ રસ લે છે, બાળકને પોતે અભ્યાસ કરાવી શકે છે. જેથી ટ્યુશનના સહારે બાળક રહેતું નથી અને આવી માતાનું બાળક સ્કૂલમાં અલગ જ વ્યક્તિત્વ અને આત્મવિશ્વાસ ધરાવે છે. આમ, બાળકના શારીરિક, માનસિક

## નારી સૃષ્ટિ



**પ્રાગજીભાઈ પટેલ**

લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર છે.

# સ્ત્રી સ્વર્ગનો આનંદ ભોગવી શકે છે

સ્ત્રીની સંપૂર્ણતા અને સાર્થકતા માતૃત્વમાં જ છે. આમ એક વિશેષ ક્ષેત્ર સ્ત્રીઓ માટે અબાધિત રહ્યું છે. જન્મ, પોષણ અને ઉછેર સ્ત્રીથી જ શક્ય છે. કરોડો રૂપિયાના ખર્ચે પણ જે યોજના ન કરી શકાય તેવી સુંદર યોજના કુદરતે કરી છે. બાળકને જન્મતાની સાથે ભૂખ લાગે છે તે સાથે જ માતાના સ્તનમાં દૂધ ઉત્પન્ન થાય છે તેમ જ બાળકને સ્તનપાન કરાવવાની પ્રેરણા પણ કેટલી ભવ્ય છે! ધાવણની ધારા સાથે માતા બાળકને બીજું ઘણું ઘણું આપે છે. માતૃત્વની સ્નેહલ અભિવ્યક્તિ બાળકમાં નિર્ભયતા બક્ષે છે. પ્રેમ બક્ષે છે. લાગણી અને સંવેદનાના પાઠ પણ બાળક માતા પાસેથી સ્તનપાન દ્વારા જ શીખે છે.

માતાનું દૂધ સંપૂર્ણ, સર્વોત્તમ તથા પ્રાકૃતિક આહાર છે. પ્રકૃતિએ તેમાં બધું જ ઘોળી રાખ્યું છે કે જેનાથી બાળક માત્ર આહાર જ નહિ અનેક જાતની બીમારીઓથી પણ રક્ષણ મેળવે છે. એક અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત થાય છે જેમાં એ માનસિક અને ભાવાત્મક સુરક્ષા પણ મેળવે છે. તૈયાર ડબ્બામાં મોટી મોટી કંપનીઓ ભલે બાળકનો ખોરાક તૈયાર કરતી હોય, તેઓ ગમે તેટલા મોટા દાવાઓ કે જાહેરાતો કરે, પરંતુ માતાના ધાવણ જેવા તત્વો તો કેવી રીતે આવા ખોરાકમાં હોઈ શકે!

કોઈ પણ સ્ત્રી આ પ્રક્રિયા માટે બાળકના જન્મ પહેલાથી જ માનસિકરૂપે તૈયાર રહે છે. આમ આ સ્વાભાવિક કુદરતી યોજનાને રૂંધનારી એક વિચારસરણી કેટલીક સ્ત્રીઓએ ઊભી કરી છે. તેઓએ એવો એક ખોટો હાઉ ઊભો કર્યો છે કે સ્તનપાનથી સ્તન સૌંદર્ય અને શરીર સૌંદર્યમાં કમી આવી જાય છે. ખરેખર આ ધારણા બિલકુલ આધાર વિનાની છે. જો યોગ્ય રીતે સ્તનપાન કરાવવામાં આવે કે યોગ્ય ખોરાક લેવાય અને સ્ત્રીઓ જો પોતાના શરીરની યોગ્ય રીતે સંભાળ રાખી શકે તો ઊલટું સ્તનપાનથી તો સ્તનસૌંદર્ય અને શરીરસૌંદર્ય ખીલી ઊઠે છે. મોટા ભાગે છાતીનો પૂર્ણ વિકાસ જ મા બન્યા પછીથી થાય છે. પરંતુ પોતાની દેહદ્રષ્ટિ કે સ્તનસૌંદર્યની ચિંતામાં બાળકનો હક અને યોગ્ય વિકાસની તક છીનવી લેવી એ તો એક મહાન પાપ ગણાય.

શરીર વિજ્ઞાન અનુસાર સ્તનનો સીધો સંબંધ ગર્ભાશય જોડે હોય છે. તેથી સ્તનપાન કરાવતા રહેવાથી ગર્ભ તથા પ્રસવ સમયનું ફેલાયેલું ગર્ભાશય સંકોચવા લાગે છે અને સ્વાભાવિક અવસ્થામાં આવી જાય છે, પણ સ્તનપાન ન કરાવવાથી તો સ્ત્રીઓમાં અનેક પ્રકારનાં રોગ માથું ઊંચકે એવી શક્યતાઓ રહે છે. સ્તનપાનથી માસિક ધર્મ ઘણા દિવસ સુધી બંધ રહે છે. જ્યારે સ્તનપાન ન કરાવવાથી તે ફરી ચાલુ થઈ જાય છે. તેથી ઝડપથી ગર્ભ રહેવાની શક્યતા રહે છે. છેલ્લામાં છેલ્લી શોધ અનુસાર સ્તનપાનથી ગર્ભાધાનની શક્યતા બિલકુલ ઓછી થઈ જાય છે. આ દ્રષ્ટિએ બે બાળકો વચ્ચેનો યોગ્ય સમયગાળો રાખવા માટે આ સહજ પ્રાકૃતિય વ્યવસ્થા જ છે. સ્તન કેન્સરમાં પણ એવું જણાવાયું છે તે સ્તનપાન ન કરાવતી મહિલાઓમાં તેનું પ્રમાણ વધુ જણાયું છે. તે જ રીતે યોગ્ય રીતનાં સ્તનપાનમાં બાળકના સ્તનના સ્પર્શથી સ્ત્રીને અલૌકિક શાંતિ અને આનંદની અનુભૂતિ થતી હોય છે. એ લહાવો તો અજ્ઞાન માતાઓ જ ગુમાવે ! આવી અનુભૂતિ સ્ત્રીના જીવનમાં તણાવો દૂર કરવામાં તેમ જ જીવનમાં ઉદ્‌ભવતા અનેક સવાલોનો ઉકેલ લાવવામાં અત્યંત ઉપયોગી નીવડે છે. મા બનવું એ દરેક સ્ત્રીને સ્વર્ગ મળ્યા જેટલો આનંદ આપે છે.

## સ્ત્રીશિક્ષણ વિના....

વિકાસ માટે મા શિક્ષિત હોય એ ખૂબ જરૂરી છે. બાળકની સાથે સાથે પતિને પણ શિક્ષિત સ્ત્રી ઘણો સાથ આપે છે અને પતિની કાળજી લે છે. તેની સગવડોનું ધ્યાન રાખે છે. જેથી સૌનું જીવન મંગલમય બને છે, અને સુખમય સૌરભથી જીવન મહેકી ઊઠે છે. જ્યારે અશિક્ષિત સ્ત્રી પતિનું મન વાંચવાનો પ્રયત્ન કરતી નથી અને જીવન સંઘર્ષમય બની જાય છે.

આધુનિક યુગની સ્ત્રી શિક્ષણને કારણે જ જાગ્રત બની છે અને વિકાસ તથા પ્રગતિના પંથે આગળ વધી રહી છે અને બધી જ જવાબદારીઓ અફસોસ કે આત્મહીનતાથી નહિ પણ, ગૌરવ અને આનંદ સાથે નિભાવે છે. માત્ર પ્રત્યાઘાતી બનીને બેસી રહેતી નથી પરંતુ જરૂર પડે પરિસ્થિતિનો સામનો પણ કરે છે. શિક્ષણનું બળ એના આત્મગૌરવને વધારે છે. અને જેનામાં આત્મગૌરવ હોય તે અચૂક આગળ વધી જ શકે છે. સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ એ કહેવત પણ સ્ત્રીના ગૌરવનું અપમાન કરનારી છે. ભારતની પ્રથમ મહિલા આઈ.પી.એસ. અધિકારી શ્રી કિરણ બેદીને કોણ નથી જાણતું ? આજની આધુનિક નારી નરકની ખાણ નહીં પણ સ્વર્ગનું દ્વાર સાબિત થઈ છે. સ્ત્રીઓએ જ તો ધાર્મિક, સમાજિક અને સાંસ્કૃતિક વારસો જાળવીને પરિવારમાં અજવાળાં પાથર્યાં છે.


BIS
HUID JEWELLERY
JC SONI JEWELLERS™
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY,
RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103,
NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD,
SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678



**ભદ્રાયુ વછરાજાની**
લેખક જાણીતા કેળવણીકાર અને મોટીવેશનલ સ્પીકર છે.

# જીવન જીવવાના માર્ગ કેટલા ?



આ પ્રશ્નનો કોઈ પુસ્તકિયો જવાબ તો હોય જ નહીં. તેમ છતાં પ્રશ્ન છે કે : જીવન જીવવાના માર્ગ કેટલાં ? પ્રશ્ન છે તો ઉત્તર પણ હશે. ઉત્તર હશે તો તેની શોધ પણ હશે. કદાચ આ શોધ જીવન જીવવાનો એક માર્ગ હોઈ શકે. વીજળીના ચમકારે મોતીડાં પરોવાઈ જાય એ જીવનનો એક માર્ગ અને સાત-સાત હેલોજનના ભડકા વચ્ચે સોય શોધી ના જડે તે જીવનનો બીજો એક માર્ગ. આ બંનેના અણધાર્યા અનુભવ થાય તે વળી નવો માર્ગ ! આપણી સામે દ્વન્દ્વો ઊભાં હોય, પૅરાડૉક્સ હોય, વિકલ્પો હોય અને ત્યારે જ પ્રશ્ન વિશેષ સર્જાય કે : જીવન જીવવાના માર્ગ કેટલા ? સાચા-ખોટાનો માર્ગ પકડવો કે સારા-ખરાબનો ? 'એકાગ્રતા' પર ધ્યાન આપવું કે 'સજાગતા' પર ? 'શ્રેષ્ઠ'ની ઉપાસના કરવી કે 'શુભ' ની ? 'જાણકારી'નું જોર વધારવું કે 'હિતકારી'નું ? 'દુઃખ'થી ડરવું કે 'દોષ' થી ? 'સગવડ'ને વળગવું કે 'સ્વતંત્રતા' ને ? 'જાણીએ' તે મહત્વનું કે 'સમજીએ' તે ? આ રહ્યા સપ્ત માર્ગો. પણ પસંદગી મારે ને તમારે કરવાની. યોગ્ય શું ને અયોગ્ય શું તે નક્કી આપણે કરવાનું.

સાદી ને સીધી વાત કરું ? જીવન જીવવાના બે રસ્તા : 'ગણતરીનો રસ્તો' અને 'કવિતાનો રસ્તો'. કૅલ્ક્યુલેશન અને પૉએટ્રી. Step by step અને of its own. કૅલ્ક્યુલેશનમાં સાયન્સ આવે, ટેકનોલોજી આવે, મૅથેમૅટિક્સ આવે, ઈકૉનોમિક્સ આવે, ગોઠવેલું - પ્રયોજેલું બધું આવે. જ્યારે પૉએટ્રીમાં આર્ટ આવે, મ્યુઝિક આવે, બ્યુટી આવે, લવ આવે, સહજ સ્ફુરતું બધું આવે. સમજી સમજીને જીવો તે ગણતરીનો માર્ગ અને જીવી જીવીને સમજો તે કવિતાનો રસ્તો... એ જુદી વાત છે કે નાનપણથી આપણને ગણતરીના બાદશાહ બનાવવાની કોશિશ આપણી સંસ્કૃતિ કરતી આવે છે. નાનું બાળક કોઈકનું જોયેલું શીખે છે, પછી તે મા-બાપ હોય, શિક્ષકો હોય, મુલ્લા-પાદરી-પૂજારી હોય કે પછી કહેવાતો નેતા-અભિનેતા હોય. બસ, અહીંથી બધું પ્રાયોજિત શરૂ થાય છે. તમને ગમે કે ન ગમે, પણ જે વ્યવસ્થા છે તેમાં ગોઠવાઈ જુઓ, ધીમે ધીમે ગોઠી જશે, તમે conditined થઈ જશો અને તમે કવિતાનો, ખળખળ વહેવાનો, ચીલો ચાતરવાનો, તમને ગમતી વ્યવસ્થા સર્જવાનો માર્ગ હંમેશ માટે ભૂલી જશો. સમાજનું, સંસારનું, કુટુંબનું, સંસ્કૃતિનું આ પ્રાયોજિત ષડ્યંત્ર છે. આપણે તેમાં એવા સલવાઈ જઈએ છીએ કે આપણને સલવાઈ જવું વહાલું લાગે છે...!

આમાંથી બચી જવાનો કોઈ ત્રીજો માર્ગ છે?... હા, જરૂર છે. વિશ્વ આજે પણ જેને ખૂલીને સ્વીકારવા તૈયાર નથી તે તોફાની ચિંતક ઓશો ત્રીજો માર્ગ દર્શાવે છે. તમારી પાસે બે રસ્તા છે. પહેલા ગણતરીના માર્ગે તમે ચાલો તેવું પાકું ષડ્યંત્ર ગોઠવાયું છે, બીજા કવિતાના માર્ગે તમે ચાલવા ઈચ્છો છો પણ તમારી સમજ કે તમારી સ્વતંત્રતા ટૂંકી પડે છે, તો હવે શું કરવું ?.. ઓશો ત્રીજો માર્ગ ચીંધે છે. અને તે છે 'ધ્યાનનો માર્ગ'. ધ્યાનમાર્ગ આપણને જીવન બહુપરિમાણીય સ્તરે જીવવાની મોકળાશ કરી આપે છે. ધ્યાનનો માર્ગ અઘરો નથી જ નથી. હા, ધ્યાનમાં પાટિયાં મારી દુકાનો ખોલી કેટલાય મહાનુભાવોએ પોતાના જીવનનો 'ગણતરીનો રસ્તો' હાઈવે કરી નાખ્યો છે. ધ્યાનમાર્ગે કશું જુદું કરવાનું નથી, જે કરીએ છીએ તે સજગતાથી કરવાનું છે. હું શું કરું છું, તે મારે જોતાં શીખવાનું છે. આ જોતાં આવડે તો સહજતાથી જીવતાં આવડે. મારામાંથી બહાર નીકળી જઈને હું જોઉં કે હું કેમ જીવી રહ્યો છું, તે જીવન જીવવાનો ઉત્તમ માર્ગ. પણ આપણે આપણામાંથી બહાર નીકળી શકીએ ? હા. જરૂર. પણ તે પહેલાં આપણે આપણામાં પુરેપૂરા અંદર ઊતરી જવું પડે. જે છે તે અંદર છે ને ?

## સમાજ સૃષ્ટિ



**ડૉ. ભાવેશ જેતપરિયા**
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કોલેજ - મોરબી)

# સંબંધોની વહેતી સરિતા પર વમળો

હમણા લોકગીતનું સંકલન વાંચવામાં આવ્યું. એમાં ત્રણચાર અમર ગીતોએ લખવાની અપીલ કરી. સમાજ વ્યવસ્થા પુરુષપ્રધાન હતી ત્યારે ગમે તે ભોગે મહિલાને મૂંગી કરીને પરિવારની સમસ્યા દૂર કરવામાં આવતી. એ સમયે પોતાની સંવેદનાઓ દાદા પાસે કે વાદળી, પંખીઓ દ્વારા મોકલતી અને વ્યક્ત કરતી:

**દાદા હો દીકરી, દાદા હો દીકરી,**
**વાગડમાં ના દેજો રે સૈ,**
**વાગડની વઢીયારણ સાસુ દોહ્યલી રે....**

કુળવધૂની ખોજ કરવામાં આવે ત્યારે પ્રથમ મા વિશે તપાસ કરવામાં આવે છે. નણંદ વિશે બહુ તપાસ કરવામાં આવતી નથી કેમકે એ પારકી થાપણ છે. સાસરે ન જાય ત્યાં સુધી એની ખેવના રાખવી પડે છે. ભાભીએ એને ભાવથી ભીંજવી દેવાની રહે છે. નણંદ ખુશ એટલે ઘરમાં આનંદ આનંદ. ધરતીનો છેડો ઘર અને ઘરની શોભા એટલે કુળવધૂ. સંસારના ચાર સુખમાં સજ્જન નારીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અત્યારે સ્ત્રીસશક્તિકરણ અને શિક્ષણથી મૂંગી નારી હવે પોતાનો વિચાર વ્યક્ત કરતી થઈ છે અને અત્યારે સમોવડી બની છે. ઘણી સિરિયલ અને ફિલ્મમાં સાસુ-વહુ સામસામે હોય એવી રીતે ચિતરવામાં આવે છે. એ રીતે જોવા જઈએ તો સાસુ અને વહુ વચ્ચે અહંકાર, વર્ચસ્વ અને જૂની નવી પેઢીના વિચારોનો સંઘર્ષ હોય છે. વિચારધારા બિનજરૂરી હોય અને પરાણે લાદવામાં આવે તો ભારરૂપ લાગે છે. અરસપરસ વ્યવહાર દોષ, દોષારોપણ, નારાજગી, ગેરસમજ, વાદવિવાદ, કોર્ટ-કચેરી વગેરે છાપાના સમાચાર સુધી વિસ્તરે છે.

પારિવારિક, વ્યવહારિક, પ્રાસંગિક અને ભાવનાત્મક રીતે જોઈએ તો લગ્ન પહેલા કુળવધૂના માનસમાં સાસુ વિશેના ખ્યાલો નેગેટિવ હોય છે. સંદેશા વ્યવહાર હતા નહિ ત્યારે પોતાની વેદના, પોતાની વાત કોઈને કહી શકતી નહિ, એકલી કોઈ પાસે ઊભી હોય અને નણંદ ભાભીને વાત કરતી જોઈ જાય એટલે આવી બન્યું. ગામમાં સાસરિયું અને પીયરિયું હોય અને મા દીકરી રસ્તા પર યોગાનુયોગ ભેગી થઈ જાય, ગુપ્તચર નણંદ દેખી જાય તો વાતનું વતેસર કરી નાખે. લોકગીતમાં એનું પ્રતિબિંબ ઝીલાયું છે:

**ગામમાં પીયરિયું ગામમાં સાસરું રે લોલ**
**દીકરી કહેજો સુખદુ:ખની વાત જો**
**આ કવડા સાસરિયાંમાં જીવવું રે લોલ**
**પછવાડે ઊભી નણંદ સાભળે રે લોલ**
**વહુએ વગોવ્યા મોટા ખોરડાં રે લોલ...**

પછીના અંતરાઓમાં નણંદે સાસુને કીધું, સાસુએ સસરાને કીધું. સસરાએ કંઈ તપાસ કર્યા વિના વહુને અલગ અસ્તિત્વ બતાવીને પુત્રને કહ્યું:

**તારી વહુ કરે છે આપણા ઘરની વાત જો...**
**દીકરા માટે ધર્મસંકટ આવી પડ્યું એટલે કહ્યું:**
**લ્યો ગોરી પીવો નહિતર પી જાઉં રે લોલ**
**ઘટક દઈને ગોરાદે પી ગયા રે લોલ..**
**એમાં છેલ્લી પંક્તિનો મર્મ સમજવા જેવો છે.**
**ભવનો ઓશિયાળો હવે હું રહ્યો રે લોલ...**

લગ્ન બે કુળને જોડતી સાંકળ છે. પત્નીના પિયરિયા સાથે લાગણી સભર જોડાણ રાખવાનું હોય છે.એમાં અમારી મનની મરજી ન ચાલે. પોખણાની વિધિ કેટકેટલા નાતો જોડીને પોખેલ હોય છે. વહુએ ઝીણી ઝીણી બાબતે બારીકાઈથી જોવું જઈએ. જૂઈના ફૂલ જેવા આ બધા સાથે નાજુક સંબંધો હોય છે. અન્યોન્ય ઠેસ ન પહોંચે એ વિશે ખેવના રાખવાની હોય છે.

વહુના પારિવારિક સંબંધો માટે નણંદ અને સાસુ આ બે પાત્રોની ગ્રંથીઓ સમાયોજન માટે આડખીલીરૂપ લાગે છે. પારિવારિક ઝઘડાઓમાં સસરો ક્યારેય ચિત્રમાં આવતો નથી. બે ધ્રુવ વચ્ચે સેન્ડવિચ બનતો દીકરો સંતુલન સ્થાપવા માટે પ્રયાસ કરે છે અને જ્યારે સંતુલન તૂટે ત્યારે વિસ્ફોટ થાય છે. એકબીજાને સમજે તો મામલો થાળે પડે છે. ઘટના ઘરની બહાર વિસ્ફોટક બને છે ત્યારે જે ભીંસાય છે તે પુરુષ હોય છે. પતિ પત્નીના ઝઘડાઓમાં વ્યક્તિગત સમજદારીને જવાબદાર ગણી શકાય. સંયુક્ત પરિવારમાં કુળદીપક સેન્ડવીચ થઈ જાય છે. માનો પક્ષ લે તો પત્ની ગુમાવે અને પત્નીનો પક્ષ લે તો પરિવાર ગુમાવે. સાસુ આવું વિચારે છે કે

**મેં જીવનમાં સહ્યું એમ તારે સહ્યા કરવાનું છે,**
**તને ગમે કે ન ગમે બસ સાથે રહ્યા કરવાનું છે.**

# સમાજ સૃષ્ટિ

મુરતિયા પર મા-બાપનું ઋણ હોય એટલે વિવેક જાળવે છે. કૂળવધૂએ મુરતિયા સાથે ફેરા ફરવાના હોય છે એ સાથે પતિ સાથે જોડાયેલી જેટલી વ્યકિતઓ હોય તેની તેણીએ નાતો જોડવાનો હોય છે. લગ્ન સમયે સાસુ-વહુના નાતાને પોંખ્યો છે એ સાથે નથી જોડાયેલા કેટકેટલાની હાજરીમાં વહેવારથી વધાવ્યા હોય છે. દીકરી જન્મે પછી સાસરે બીજો જન્મ થાય છે. રામ-સીતા અને શંકર-પાર્વતીની જ જોડી આદર્શ ગણાય છે.

કૂળવધૂએ લગ્ન પછી તુરત જ શંકાસ્પદ વર્તન ન કરવું જોઈએ. ખૂલ્લાં દિલે ગમો- અણગમો વ્યક્ત કરવો જોઈએ. પીયરનો ફોન આવે અને રૂમમાં એકલી જઈને વાતોમાં ચોંટાઈ રહે તો સમસ્યાનું કેન્દ્ર બની જાય છે કેમકે સાસુ અહિયા સાશંક બને છે. પીયરનો ફોન આવે એટલે વોલ્યુમ ખુલ્લું રાખવામાં આવે તો વિશ્વાસ ઊભો થશે. ફોન સાથે પરિવારના બધા સભ્યોને જોડે તો વેવાઈ પક્ષ દ્વારા આવતી સમસ્યા દૂર થઈ જાય. લગ્ન પછી નવા વાતાવરણમાં સેટ થવામાં વાર લાગે એને ધીરે ધીરે સેટ કરવી જોઈએ. એમ ન થાય તો સાસુ સાથે તાલમેલ તૂટે અને ભારરૂપ લાગે એટલે પીયરનો અતિ મોહ જાગે છે. ઝીણી ઝીણી વાતમાં પિયરિયાની દખલગીરી થાય, સમોવડી હોવાનો એહસાસ કરાવવા પતિ સામે પ્રભાવક રહે તો સાસુને ન ગમે. લગ્નજીવનની શરૂઆતમાં પતિ, સાસરિયા અને સગાઓ સાથેના સંબંધોનો તાલમેલ જાળવવો એ પણ કસોટી છે.

મુરતિયામાં માતાપિતાનું લોહી અને ઋણ રગરગમાં દોડતું હોવાથી લાગણીનો લગાવ ક્યારેય ઢીલો પડતો નથી. સાસુ-સસરા માબાપની જગ્યા લઈ શકે નહીં. સાસુનો વટ હોય એમ વહુનો મૂડ હોય છે. માતા જીવતદાન આપે છે અને અને સાસુ જીવનસાથી આપે છે. દીકરીની ભૂલ મા માફ કરે પણ સાસુ ગાંઠે બાંધી રાખે તો આંટી પડે છે. આ આંટી છોડે તો એકબીજાને સમજી શકે.સાસુને ભણેલી વહુની રસરૂચિ ન ગમે. સાસુને વહુની મુક્તતા ન ગમે. ખરેખર સાસુએ માર્ગદર્શક બનવાનું છે. ઘરની રીતને સમજવા માટે સમય આપવો જોઈએઃ

**સાસુ વહુના સંબધો તુરત સુધરી જાય**
**જો સાસુ મા ને વહુ દીકરી બની જાય.**

ઘરમાં સાસુનો રૂઆબ હોય છે. નવી આવેલી કૂળવધૂને પોતાની અંડરમાં રાખવાનું વલણ ધરાવે છે. અમ વીતી તમ પર વીતે એ રાહમાં વહુ ઈશારે નાચવા તૈયાર થતી નથી. બધું છોડીને નવા વાતાવરણમાં આવેલી છે એટલે સાસુએ વહુને પોતાની દીકરીની જેમ સ્વીકારીને વ્યવહાર કરવો જોઈએ. એને સમજણ આપવી જોઈએ. વહુ ભણેલી અને સ્વતંત્ર મિજાજી હોય અને ધનિક કુળની ચડાવેલી પતંગ હશે તો તેના પ્રભાવમાં સાસુનો રુઆબ ન ચાલે.

પરિવારના સભ્યોએ ભાષા બાબતે બહુ ખેવના રાખવી જોઈએ. વહુના પિયર કેન્દ્રી કટાક્ષ કરતી વાણી ન બોલવી જોઈએ. તલવારના ઘા રુઝાઈ છે પણ વાણીના ઘાવ રુઝાતા નથી. સાસુની ચૂંગાલ ઢીલી પડે પછી વ્યાજ સાથે વળતર મળે છે. પોતાની પત્નીનું અપમાન થતું હોય તે જાણતો હોવા છતાં પતિ મૌન રહે છે. મરમી વાક્યો, મહેણાંટોણાં વગેરે સાસુના વ્યવહારો વહુના મગજમાં સંગ્રહિત થાય છે. વહુ હૈયાભેર દીકરી સમ ખૂલતી નથી. સાસુ કકળાટ કરવાનું ભૂલતી નથી.

લગ્નજીવનનું પહેલું વરસ કાચનાં મંદિર જેવું છે, એમાં સહેજ તીરાડ પડે એટલે ઘરમંદિરની રોનક નંદવાઈ જાય. પતિ, સાસુ કે પરિજન સાથેના સંબંધો જાળવી રાખવા જોઈએ. અલગતાવાદ ન આવવો જોઈએ. સાસુ મનોમન વિચાર્યા કરે કે વહુ સદા અલગ થવા રમત રમવા લાગી છે ત્યારે અંદર અંદર સળગતી રહે છે. સાસુ વિચારે કે મેં જીવનમાં સહ્યું એમ તુ સહ્યા કર અને તને ગમે કે ન ગમે બસ સાથે રહ્યા કર. વહુ હૈયું ખોલીને વાત કરે અને સાસુએ માયાળુ રહેવું જોઈએ. કૂળવધૂ ફળિયાની શોભા છે નાચવા નથી આવી. દીકરી બિમાર તો શ્વાસ અદ્ધર ચડી જાય અને વહુ બિમાર હોય તો ઘરમાં ગણગણાટ વધી જાય છે.

ભૌતિકવાદ અભિમુખ વલણ અને બાયોડેટામાં બતાવવામાં આવેલી માયાવી યાદી આવનાર સમયમાં સંઘર્ષ નોતરે છે. કન્યાદાન એટલે ભૌતિક વસ્તુઓ નહિ પણ એક સંસ્કારી દીકરીનું ઘડતર કરીને બીજા કુળમાં તેનું અજવાળું પાથરવું. ઘરમાં આવેલી કૂળવધુ એની મમતાળી માનો મુલાયમ પાલવ ત્યાગીને ગમે કે ન ગમે તો પણ સાસુના પાલવમાં આવવાનું રહે છે ત્યારે મા સાથે મુક્ત વાતો થાય સાસુ પાસે શિસ્તમાં રહેવું પડે છે. મા જન્મદાત્રી છે અને સાસુ અનુશાસન શીખવતી શિક્ષક છે. દીકરી ઘર છોડે ત્યારે રડીને આવે છે અનુભવી સાસુ એનાં આંસું લૂછવા સક્ષમ હોવી જોઈએ. એમાં ભણતરની જરુર નથી કોઠાસૂઝથી કામ લઈ શકાય. સદસ્યો એકમેકના થઈને રહે તો વિચ્છેદનનું જોખમ ટળી જાય અને ઘર સ્વર્ગ બની જાય.

મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭



**નવીન વી. વાછાણી**
લેખક જાણીતા કેળવણીકાર અને
વિવિધ સામયિકોમાં જ્ઞાનપ્રેરક લેખો
લખવા માટે જાણીતા છે.

# જીવન એક આશીર્વાદ

સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વવ્યાપી ઈશ્વરના આપણે સંતાનો છીએ. આપણું જીવન એ ઈશ્વરની અણમોલ આશીર્વાદરૂપ ભેટ છે. તેને સરસ અને સુંદર કેમ બનાવી શકાય તે અંગે મનુષ્યે પોતે ચિંતન કરવાનું રહે છે. વળી સરસ આશીર્વાદ રૂપ જીવન કોને કહેવું એ વિશે જુદા જુદા મત હોઈ શકે છે. કેટલાકને તેની નકારાત્મક વિરોધી બાજુ દેખાય, તો કેટલાકને તેની હકારાત્મક સુંદર બાજુ દેખાય. દરેક મનુષ્યને પોતાનું જીવન ઉજ્જવલ સુંદર બનાવવાનું ગમતું જ હોય છે. છતા સુંદરતાની વ્યાખ્યા માત્ર શાબ્દિક ન બની રહેવી જોઈએ.

મહાભારતમાં લખ્યું છે, **“માનવ જીવનથી વધુ મૂલ્યવાન આ દુનિયામાં કશું જ નથી.”** સાચે જ ચિંતનથી વિચારીએ તો જણાશે કે **“જીવન એ ઈશ્વરનો અમૂલ્ય આશીર્વાદ છે.”** લાખો પુણ્યકાર્યો કરવાથી મળેલું દેવદુર્લભ માનવશરીર સ્વર્ગપ્રાપ્તિનું સોપાન છે. ખરેખર આપણું સુંદર મજાનું જીવન પૃથ્વી પરનું સર્વશ્રેષ્ઠ અને પ્રભુની અપારકૃપાનું આશિષ-પુષ્પ છે. આપણે આ મનુષ્ય જીવનને દિવ્ય દેવાલય જ કહેવું જોઈએ. આપણે સૌ પ્રભુના વહાલા સંતાનો છીએ. આપણને સૌને કિંમતી અંગો તથા મન, બુદ્ધિ અને આવડત આપ્યા છે. સો વર્ષની આયુષ્યમર્યાદા આપી છે. ઈશ્વરે સૃષ્ટિના બીજા જીવો કરતાં આપણને જીવનમાં વિચાર, શક્તિ, બુદ્ધિ, પ્રેમ અને અહંકાર પણ આપ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા ચાર ચક્રોની જીવનરૂપી ગાડી દ્વારા આપણે ઈશ્વરને ગમે તેવું આશીર્વાદરૂપ જીવન જીવવાનું છે.

આપણા ઋષિમુનિઓ અને સંતો કહે છે કે : “જીવન અમૂલ્ય રત્ન છે.” મહાભારતના એક શ્લોકમાં દર્શાવ્યું છે કે, “પ્રભુના શુભાશિષથી મળેલી આ જીવનભેટ સુરક્ષિત રાખી, તેનો યોગ્ય વિકાસ કરી, ગરીબ ભૂખ્યા લોકોની સેવા કરી, પ્રભુમાર્ગે જવું તે આપણું કર્તવ્ય છે.” પ્રભુએ આપણને જીવનમાં પ્રેમ અને બુદ્ધિ વડે નરમાંથી નારાયણ બનવાની સોનેરી તક પણ આપી છે.

ચિંતકો કહે છે કે, : જેના જીવનમાં સત્ય, અહિંસા, પ્રેમ અને સમર્પણ આવે એનું જીવન ધન્ય બને છે. અને જીવનનો સદ્‌ઉપયોગ થતા જીવન આશીર્વાદરૂપ બને છે.

જીવનને આશીર્વાદરૂપ બનાવવું હોય તો મનુષ્યે પોતાના જીવનમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા ષડરિપુઓને ધીમે ધીમે ત્યાગવા જોઈએ. ઈશ્વર પ્રત્યે સાચી શ્રદ્ધા રાખવી જોઈએ. નિંદા, કુંથલી, ઈર્ષા નફરતને પોતાનાથી દૂર રાખવા જોઈએ. તનાવ, ચિંતા અને ભયનો ત્યાગ કરવો જોઈએ. સૌ સાથે સ્નેહ અને સમભાવથી રહેવું જોઈએ. દીનજનો પ્રત્યે દયા અને પ્રેમભાવ રાખી તેની યથાશક્તિ સેવા કરવી જોઈએ. જો માણસ પોતાના જીવનમાં આટલું અપનાવે તો સુખ, શાંતિ અને સફળતા પ્રાપ્ત કરી શકે છે. જીવનને આશીર્વાદરૂપ બનાવવા માટે મનુષ્યે સમાજમાં સ્નેહ અને સંવાદિતાથી હળીમળી રહેવું જોઈએ.

**જ્યોર્જ બનાર્ડ શોનું કથન છે :** “મને તો જીવન જીવનની ખાતર વહાલું લાગે છે. તે મને ‘થોડા સમયના દિપક જેવું’ નથી લાગતું. તે મને મારા હાથમાં ક્ષણ માટે આવેલી ઝગમગતી મશાલ જેવું લાગે છે. મૃત્યુ પહેલા તે જગતને જેટલો પ્રકાશ આપી શકે. તેટલો બધો જ પ્રકાશ તેની પાસેથી આપવા ઈચ્છું છું.”

ચિંતકો કહે છે કે, “જીવનને તમે સુંદર રીતે આશીર્વાદરૂપ બનાવવા ઈચ્છતા હો તો સમય ગુમાવશો નહીં, કારણ કે જીવન સમયનું બનેલું છે.”

ચિંતક એડવિંગ ફોલિયર કહે છે કે, : “જો તમે જીવન પ્રત્યે મલકાશો તો મોહક લાગશે, ધૂરકશો તો તે બેડોળ બનશે” એટલે કે તમે જીવનને ચાહશો તો એ જીવન જરૂર આનંદમય અને આશીર્વાદરૂપ લાગશે, નહિતર જીવન કુરૂપ લાગશે.

એડમ સ્મિથના વાક્યો છે કે, આપણને બીજાને માટે બહું લાગણી થાય, પોતાની જાતને ભૂલી જવાય, સ્વાર્થને અંકુશમાં રખાય, અને ઉચ્ચ સ્નેહમાં તરબોળ થવાય ત્યારે જ માનવજીવન સાર્થક થયું કહેવાય. આશીર્વાદરૂપ બન્યું કહેવાય.

**હિતોપદેશનુ કથન છે કે, :** આપણે એવી રીતે જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ કે વધુ નહીં તો આપણને અવલ મંઝિલ પર પહોંચાડનાર પણ આપણી ચિતા પર બે આંસુ પાડે.

જીવનને આશીર્વાદરૂપ બનાવવા માટે મનુષ્યે જીવનમૂલ્યોનું જતન કરવું ખૂબ જરૂરી હોય છે. પ્રેમ, સ્નેહ, સદ્‌ભાવના, સદાચાર, દાન, દયા, ત્યાગ, સંયમ, સહનશીલતા, શાંતિપ્રિયતા વગેરે માનવજીનને સુખી અને આશીર્વાદરૂપ બનાવે છે. **ભગવાન બુદ્ધે પોતાના શિષ્યોને કહ્યું છે કે,** “આત્મ દીવો ભવ” એટલે કે જો માણસ પોતાના આત્માના અજવાળે ચાલવાનું શીખે તો એ ચોક્કસ જીવનના અંધકારમાંથી બહાર નીકળી શકે છે ને પોતાના જીવનને પ્રકાશમય આશીર્વાદરૂપ બનાવી શકે છે. આશીર્વાદરૂપ જીવનમાં ઘડીએઘડીએ હર્ષ છુપાયેલો હોય છે. તેને કેમ મેળવવો તે આપણા હાથની વાત છે. જીવનમાં વર્ષો ઊમેરવાની વાત મોટી નથી. પણ વર્ષોમાં જીવન ઊમેરવાની મોટી છે. આપણે કેટલું જીવ્યા એ મહત્વનું નથી, પણ આપણે કેવું જીવ્યા એ મહત્વનું છે. એટલે તો કબીરજી કહેતા હતા કે, : “જબ તું આયા જગમેં, જગ હસે તુમ રોઈ, ઐસી કરની કર કે ચલો, તુમ હસે જગ રોઈ.”

એટલે કે મનુષ્યે એના જીવનકાળમાં એવા સત્કાર્ય કરવા જોઈએ કે લોકો તેના મૃત્ય સમયે રડી પડે. આજ તો સાચું, સાર્થક, સફળ અને આશીર્વાદરૂપ જીવન છે. મનુષ્ય જો પોતાના જીવનમાં પ્રેમ, સંતોષ સદાચાર અને સતકર્મને સ્થાન આપશે તો ચોક્કસ તેમનું જીવન ઈશ્વરકૃપાથી સુખમય, સાર્થક અને આશીર્વાદરૂપ બની રહે છે. “કોણ કહે છે જીવન એ એક સપનું છે. થોડા હોંશમાં આવો અને જુઓ જીવન તો એક આનંદ છે, સુખનો મહાસાગર છે.” રજનીશ ■


SMART EXHAUST
ZERO ELECTRICITY
ECONOMICAL
DURABLE
રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦
વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪
Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items
Shree BALAJI
FIBRE GLASS
2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.
Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564
Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com

## યાત્રા સૃષ્ટિ



**પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# તામિલનાડુના દર્શનીય સ્થળો

''ગગનચુંબી ગોપુરોનો પ્રદેશ એટલે તામીલનાડુ'' સુંદર દક્ષિણમાં આવેલું તામિલનાડુ હજારો વર્ષોથી દ્રવિડ સંસ્કૃતિનું કેન્દ્ર રહ્યું છે. તેની પૂર્વમાં બંગાળાનો ઉપસાગર, પશ્ચિમમાં અરબી સમુદ્ર અને કેરાલા. ઉત્તરમાં કર્ણાટક અને આંધ્રપ્રદેશ અને દક્ષિણમાં હિન્દ મહાસાગર આવેલો છે. તામિલનાડુમાં આર્યોના આગમન પૂર્વેની દ્રવીડ સંસ્કૃતિ વિસ્તરેલી છે. દ.ભારતમાં તામિલનાડુ, કેરાલા, કર્ણાટક અને આંધ્રપ્રદેશ એમ ચાર રાજ્યોનો સમાવેશ થાય છે. તમીલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ત્યાંના રાજ્યોની માતૃભાષા છે. તામિલનાડુમાં દ્રવિડ સંસ્કૃતિની પ્રતિભા એના ગગનચુંબી ગોપુરોમાં પ્રગટી છે. કાંચી, ચિદમ્બરમ, ત્રિચિનાપલ્લી, તાંજોર, મદુરાઈ અને રામેશ્વરમાં ભવ્ય શિલ્પ અને સ્થાપત્ય ધરાવતા મંદિરો આવેલા છે. તામિલનાડુના અભયારણ્યોમાં સોહામણા વન્યપશુઓ આવેલા છે તો બીજી બાજૂ ઉટી, કોડાઈકેનાલ અને કુન્નુર જેવા સુપ્રસિદ્ધ હીલસ્ટેશન અને હરિયાળા સમુદ્ર કિનારા દેશ-વિદેશના પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. આપણે આપણા પ્રવાસમાં તામિલનાડુના સુપ્રસિદ્ધ હીલ સ્ટેશન ઉટી, કોડાઈકેનાલ અને કુન્નુરની મુલાકાત કરવાની છે. ચેન્નાઈ તામીલનાડુનું પાટનગર છે. (જુનું નામ મદ્રાસ)

### પહાડોની રાણી ઉટી :

નિલગિરિ પર્વતમાળામાં દરિયાની સપાટીથી ૨૨૪૦ મી.ની. એટલે કે ૬૦૦૦ ફૂટની ઊંચાઈ એ આવેલ ઉટી તામિલનાડુ અને સમગ્ર દ.ભારતનું લોકપ્રિય હીલસ્ટેશન છે. જે ઉટાકામંડલ તરીકે ઓળખાતુ હતું. તેની નજીકમાં જ કુન્નુર અને કોટાગિરિ બે નાના-નાના શાંત પહાડી વિસ્તાર આવેલ છે. સામાન્યતઃ વર્ષમાં ગમે ત્યારે ઉટી જઈ શકાય છે છતાં એપ્રિલથી જૂન અને સપ્ટેમ્બરથી નવેમ્બર માસ દરમ્યાન જવું વધારે અનુકૂળ છે. ઉટીથી સૌથી નજીકનું એરપોર્ટ કોઈમ્બતૂર ૧૦૫ કીમી. દૂર છે. ઉટીથી સૌથી નજીકનું રેલ્વે સ્ટેશન મેટ્ટુપલાયમ છે. ઉટી તામિલનાડુ, કેરાળા અને કર્ણાટકના ત્રિભેટે આવેલું છે. અહીં બરફના પર્વતો નથી પરંતુ નિલગિરિની રમણીયતાથી ઉટી ગિરિમથકોની મહારાણી ગણાય છે. ૧૯મી સદીના પ્રારંભમાંજ એ મદ્રાસ સરકારનું ગ્રીસ્મવડુમથક થઈ ગયુ



હતુ. ઉટીની પર્વતીય નમણી રેલ્વે ઉટીનું વિલક્ષણ આકર્ષણ છે. એના નાજુક ડબા, એની હળવી નજાકત ભરી ચાલ અને હરિયાળી ગિરિમાળા પર એનું ધીમી ગતિએ ચઢાણ પ્રવાસીઓમાં રોમાંચ જગાવે છે. મેટ્ટુપલાયમ થી ઉટી આવવા ઉપડતી આ ટ્રેન મધ્યમાં કુન્નર વિશ્રામ લઈ ચાર કલાકે ઉટી પહોંચાડે છે. ઉટીમાં અનેક દર્શનીય સ્થળો આવેલા છે.

**ડોડા બેટા :** નિલગિરિના સૌથી ઊંચા ૨૬૩૩ મી. ઊંચા શિખર પર આ સ્થળ આવેલું છે. તમિલ ભાષામાં ડોડાબેટાનો અર્થ થાય છે 'ઊંચુ શિખર' આ સ્થળ ઉટીથી ૧૦ કીમી. દૂર છે. અહીં એક દૂરબીન દ્વારા દૂર દૂર સુધી ફેલાયેલ પર્વતમાળાઓ અને પ્રકૃતિની છટા જોઈ શકાય છે.

**કાલાહટ્ટી ધોધ :** ઉટીથી ૧૪ કીમી. દૂર આવેલ ધોધનું પાણી ૩૬ મી.ની ઉંચાઈએ નીચે પડે છે. આ દ્રશ્ય અને ધોધનું સંગીત પર્યટકને મંત્રમુગ્ધ કરી દે છે. પીકનીક અને ટ્રેકીંગના શોખીનો માટે આ સ્થળ

શ્રેષ્ઠ છે. અહીંની આસપાસનું પ્રાકૃતિક સૌંદર્યપણ એટલું જ મનમોહક છે. (૩ કીમી. પગપાળા)

**બોટનિકલ ગાર્ડન :** ૧૯૪૭માં બનાવેલ આ ગાર્ડન વનસ્પતિ ઉદ્યાન તરીકે પણ ઓળખાય છે. બ્રીટીશ સરકાર દ્વારા બનાવેલો આ ગાર્ડન એટલો મોટો છે કે તેને વ્યવસ્થિત જોવા માટે ઘણો સમય ફાળવવો પડે છે. આ ઉદ્યાન વચ્ચે નાનકડુ સુંદર તળાવ આવેલ છે. ઉદ્યાનમાં જુદા જુદા પ્રકારના સુંદર વિદેશી ફૂલ-છોડ આ ઉદ્યાનને અતિ રમણિય બનાવે છે. તળાવમાં નૌકાવિહારની અને કિનારે બાળકો ટટ્ટુ સવારી કરવાની પણ મોજ માણી શકે છે. અનેક ફિલ્મોના શુટીંગ અહીં થાય છે. દર વર્ષે અહીં ફૂલોનું પ્રદર્શન યોજાય છે. પ્રવાસીઓ ટીકીટ લઈને પ્રવેશી શકે છે. કેમેરાની અલગ ટીકીટ લેવી પડે છે. ગાર્ડનની મધ્યમમાં ૨ કરોડ વર્ષ જુનું એક વૃક્ષ આવેલું છે. અહીં ૧૦૦૦ થી વધુ જાતિના વૃક્ષો છોડ વિગેરે છે.

**લેક ગાર્ડન :** બસ સ્ટેશન અને રેલ્વે સ્ટેશન પાસે આવેલ આ અત્યંત સુંદર અને મનોરમ્ય બાગ છે. અહીં વિવિધ રંગ અને જાતિના ફૂલો, વૃક્ષો અને છોડની છટા નિરાલી છે.

**ઉટી લેક :** શહેરથી ૩ કીમી. દૂર આવેલ આ સરોવરમાં નૌકાવિહારનો આનંદ લઈ શકાય છે. પહાડીઓથી ઘેરાયેલ આ સરોવરનું દ્રશ્ય ખૂબસૂરત લાગે છે. બાળકો માટે બેબીટ્રેનની વ્યવસ્થઆ પણ છે.

### પ્રમુખ શહેરનું અંતર

| | |
|---|---|
| મૈસુર : ૧૫૮ કીમી. | કોઈમ્બતુર : ૦૮૮ કીમી. |
| બેંગ્લોર : ૨૯૮ કીમી. | કોડાઈકેનાલ : ૨૬૫ કીમી. |
| ત્રિવેન્દ્રમ : ૪૯૮ કીમી. | ત્રિચિનોપલ્લી : ૩૦૨ કીમી. |
| મદ્રાસ : ૫૩૫ કીમી. | કોચીન : ૨૮૧ કીમી. |
| કુન્નુર : ૦૧૭ કીમી. | |

## કોડાઈ કેનાલ

તામિલનાડુમાં ૭૦૦૦ ફૂટની ઊંચાઈએ પલાની પર્વતમાળાથી ઘેરાયેલ કોડાઈ કેનાલ ભારતભરના લોકપ્રિય સ્વાસ્થવર્ધક પર્વતીય સ્થળોમાનું એક છે. કોડાઈકેનાલ એના સઘન અરણ્યો, સતત ઘૂઘવતા જલપ્રપાતો, વિવિધ ગિરિમાળાઓ, રંગબેરંગી ફૂલો, રસદાર ફળાફળાદી, સુંદર તળાવ અને દૂધ જેવા



સ્વચ્છપાણીના વહેતા ઝરણાં માટે સુવિખ્યાત છે. આ સ્થળે દર બાર વર્ષે માત્ર એકજ વાર ખીલતુ 'કુરીંજનું ફૂલ' કોડાઈનું ગૌરવ છે. કોડાઈકેનાલ જવા માટે અનુકૂળ સમય એપ્રિલથી જૂન અને સપ્ટેમ્બરથી નવેમ્બર છે. કોડાઈકેનાલ માત્ર ૩ કીમી.મા જ ફેલાયેલુ છે. મદુરાઈ અને કોઈમ્બતુર સુધી પ્લેનની સુવિધા છે. મદુરાઈ અને કૌડે રોડ સુધી સેવા ઉપલબ્ધ છે.

**કોડાઈકેનાલ લેક :** એક અંગ્રેજ ઓફિસર દ્વારા સ્વીટઝરલેન્ડના સરોવરના આકારને આધારે આ તારાકૃતિ સુંદર તળાવ બંધાવ્યું હતું. આ તળાવ કોડાઈકેનાલનું મુખ્ય આકર્ષણ છે. સરોવર ૬૦ એકરના વિસ્તારમાં ફેલાયેલું છે. સરોવરમાં નૌકાવિહાર પણ થઈ શકે છે. સરોવર ૫ કીમી. પાકી સડકથી ઘેરાયેલું છે.

**બ્રાયંટ પાર્ક :** સરોવરની પૂર્વે પાઈન અને યુકેલીપ્ટસના વૃક્ષોની હારમાળા થી શોભતુ આ સ્થળ તેના ફૂલોના વેપાર માટે વિશ્વપ્રસિધ્ધ છે. અહીં અનેક પ્રકારના ફૂલો જોવા મળે છે. ૧૯૯૨માં બાર વર્ષે માત્ર એક જ વાર ખીલતું 'કુરીંજીનું ફૂલ' આ સ્થળે જ ખીલ્યું હતું.

**કોકસ વોર્ડ :** તળાવથી ૧ કીમી. દૂર આ ઘાટીમાં પ્રાકૃતિક દ્રશ્યોનો આનંદ લેવા માટે પગપાળા જવુ પડે છે. અહીંથી મેદાનનું ક્ષેત્ર અને શહેરનું દ્રશ્ય મનમોહક અને આકર્ષક છે. કોડાઈકેનાલથી મદુરાઈ ૮૦ કીમી., કોઈમ્બતૂર : ૧૫૪ કીમી., મદ્રાસ : ૩૧૯ કીમી., ત્રિચિ. ૧૨૨ કીમી. દૂર આવેલ છે. **મો. ૯૪૨૭૪૯૫૧૭૫**

# આરોગ્ય સૃષ્ટિ



**ડો. શાંતિ ભૂષણ પ્રસાદ**
લેખક : શેલ્બી મલ્ટી-સ્પેશશિયાલિટી હોસ્પિટલના ક્રિટીકલ કેર સ્પેશિયાલિસ્ટ છે. યુ.કે. ઓસ્ટ્રેલિયા અને ભારતમાં બે દાયકા કરતાં વધુ સમયથી સેવારત છે.

# પોલીટ્રોમાના દર્દીઓની ક્રિટિકલ - કેર : જીવન અને મૃત્યુ વચ્ચેનો જંગ

રાત્રિના સાડા નવેક વાગ્યા હશે. ૨૮ વર્ષનો રાહુલ ઓફિસથી ઘરે જઈ રહ્યો હતો. દિવસ દરમ્યાન પડેલ મુશળધાર વરસાદને કારણે રસ્તો ખૂબ ભીનો હતો. સામેની બાજુથી આવી રહેલ કારના ચાલકે અચાનક નિયંત્રણ ગુમાવ્યું અને કાર રાહુલની બાઈક સાથે જોરદાર અથડાઈ. અથડાવાનો અવાજ એટલો ભયાનક હતો કે લોકો તુરંત જ તેમના ઘરો, દુકાનો અને ઓફિસોની બહાર દોડી આવ્યા.

લોકો જ્યારે ઘટના સ્થળે ધસી ગયા ત્યારે રાહુલ રસ્તા ઉપર કણસતો હતો. અકસ્માતનું આ વરવું દ્રશ્ય હચમચાવી નાંખે તેવું હતું. રાહુલને માથામાં ગંભીર ઈજા થઈ હતી. તેના માથા. મોં, નાક, હાથ અને પગમાંથી સતત લોહી વહી રહ્યું હતું. આ બધું જ એક સાથે થઈ ગયું હતું. રાહુલ શ્વાસ લઈ શકતો નહોતો, તેની નાડી નબળી પડી રહી હતી, અને તે સાવ જ બેભાન થઈ ગયો હતો.

રાહુલના સદનસીબે ઘટના સ્થળે એકત્રિત થયેલ ટોળામાંથી કોઈકે તાત્કાલિક ૧૦૮ નંબર ડાયલ કરીને એમ્બ્યુલન્સ બોલાવી. પળભરનો વિલંબ હવે પરવડે તેમ નહોતો. પસાર થઈ રહેલ પ્રત્યેક સેકન્ડ રાહુલના જીવન માટે સોનાથી વધુ કિંમતી હતી. એમ્બ્યુલન્સ શેલ્બી મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલના ઈમરજન્સી અને ટ્રોમા સેન્ટર ખાતે આવીને ઉભી રહી.

વ્હાલા વાચક મિત્રો, રાહુલ સાથે ઘટિત ઉક્ત ઘટના આપણને સમજાવે છે કે કોઈ વ્યક્તિને ગમખ્વાર અકસ્માત જેવી દુર્ઘટનાઓમાં એક સાથે અનેક ગંભીર ઈજાઓ થાય છે ત્યારે તે સ્થિતિને મેડિકલ ભાષામાં પોલીટ્રોમા (Polytrauma) કહેવાય છે. દાખલા તરીકે માથામાં ઈજા, છાતી અને પેટમાં આંતરિક રક્તસ્ત્રાવ તેમજ હાથ-પગના અનેક ફ્રેક્ચર એક સાથે થવા. આવી પરિસ્થિતિ તબીબી જગતની સૌથી પડકારજન્ય પરિસ્થિતિઓમાંની એક છે. આવા દર્દીઓને તાત્કાલિક, સુવ્યવસ્થિત અને અત્યંત વિશિષ્ટ સારવારની જરૂર પડે છે, જે હોસ્પિટલના ઈન્ટેન્સીવ કેર યુનિટમાં પુરી પાડવામાં આવે છે.

અહીં આપણા સહુ માટે સૌથી અગત્યનું છે ગોલ્ડન અવર (Golden Hour)ને સમજવું. ગંભીર ઈજા પછીનો પ્રથમ કલાક 'ગોલ્ડન અવર' તરીકે ઓળખાય છે. આ સમય દરમ્યાન પૂરી પાડવામાં આવતી સારવાર દર્દીના જીવ બચાવવા તથા દર્દીના સ્વસ્થ થવાની શક્યતાઓ ઉપર નોંધપાત્ર અસર કરી શકે છે. આ સમયનો મુખ્ય ધ્યેય દર્દીને શક્ય તેટલી ઝડપી અદ્યતન ટ્રોમા-કેરની સુવિધા ધરાવતી હોસ્પિટલમાં પહોંચાડવાનો છે જ્યાં નિષ્ણાતોની ટીમ તેમની રાહ જોતી હોય છે.



જ્યારે પોલીટ્રોમાનો દર્દી ICUમાં આવે છે ત્યારે નિષ્ણાતોની એક આખી ટીમ તરત જ કામે લાગી જાય છે. આ ટીમમાં વિવિધ નિષ્ણાતોનો સમાવેશ થાય છે જેમ કે -

(૧) **ઈન્ટેન્સીવિસ્ટ** (Intensivist): ઈન્ટેસીવિસ્ટ ICUના ઈન્ચાર્જ હોય છે. દર્દીની થઈ રહેલ તમામ સારવારનું સંચાલન તેમજ દર્દીને જરૂરી લાઈફ સપોર્ટ સિસ્ટમનું સંચાલન ઈન્ટેન્સીવિસ્ટ ડોક્ટર સંભાળે છે.

(૨) **ટ્રોમા સર્જન :** ટ્રોમા સર્જન દર્દીને થઈ રહેલ ઈજાઓનું તુરંત મૂલ્યાંકન કરી થઈ રહેલ રક્ત-સ્ત્રાવને રોકવા અને ક્ષતિગ્રસ્ત અંગોને સુધારવા માટે તાત્કાલિક ઓપરેશન કરે છે.

(૩) **એનેસ્થેટીસ્ટ :** ઓપરેશન અને અન્ય પ્રક્રિયાઓ દરમ્યાન દર્દીને શીશી સુંઘાડવાનું અર્થાત બેભાન કરવાની સાથોસાથ તેમના શ્વાસ અને બ્લડ-પ્રેશર વગેરેને સ્થિર રાખવાનું કાર્ય એનેસ્થેટીસ્ટ સંભાળે છે.

(૪) **વિશેષ તાલીમ પામેલ નર્સિંગ સ્ટાફ** : ઈમર્જન્સી અને ટ્રોમા જેવી કટોકટીની પરિસ્થિતિમાં વિશેષ તાલીમ પામેલ નર્સિંગ સ્ટાફ અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. આ નર્સો ૨૪ × ૭ દર્દીની સંભાળ રાખે છે, દવાઓ આપે છે અને દર્દીની સ્થિતિમાં થતાં નાનામાં નાના ફેરફારો ઉપર પણ નજર રાખે છે.

(૫) **અન્ય નિષ્ણાતો** : મગજની ઈજા માટે ન્યુરોસર્જન, હાડકાના ફ્રેક્ચર માટે ઓર્થોપેડિક સર્જન તથા આવશ્યકતાનુસાર અન્ય નિષ્ણાતોને પણ બોલાવવામાં આવે છે.

ટ્રોમાની પરિસ્થિતિમાં પ્રાથમિકતા પ્રમાણે સારવાર આપવી તે સૌથી મહત્વનું છે. ABCDE તરીકે ઓળખાતા પદ્ધતિસરના નિયમનું શેલ્બી

# આરોગ્ય સૃષ્ટિ

## POLYTRAUMA CARE

મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ્સ ખાતે પાલન કરવામાં આવે છે. જે આ પ્રમાણે છે,

(૧) A-Airway (**શ્વાસનળી**) : શું ઈજાગ્રસ્ત દર્દીના શ્વાસ લેવાનો માર્ગ ખુલ્લો છે ? જો ના, તો અમે તુર્ત જ શ્વાસનળીમાં ટ્યુબ નાંખીને તેને સુરક્ષિત કરીએ છીએ.

(૨) B-Breathing (**શ્વાસોશ્વાસ**) : શું દર્દી યોગ્ય રીતે શ્વાસ લઈ રહ્યો છે ? ફેફસાંની ઈજા કે પાંસળીઓના ફ્રેક્ચરને કારણે શ્વાસ લેવામાં તકલીફ પડી શકે છે. જરૂરિયાત મુજબ વેન્ટીલેટર મશીન વડે પણ કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવામાં આવે છે.

(૩) C-Circulation (**રક્ત-પરિભ્રમણ**) : શું દર્દીને આંતરિક કે બાહ્ય રક્તસ્રાવ થઈ રહ્યો છે ? અમારું મુખ્ય કામ રક્તસ્રાવ બંધ કરવાનું અને નસમાં બોટલ અને લોહી ચઢાવીને બ્લડ-પ્રેશર જાળવવાનું છે.

(૪) D-Disability (**મગજની સ્થિતિ**) : અમે દર્દીના મસ્તિષ્કની સ્થિતિ તપાસીએ છીએ. તે આપણને માથામાં કોઈ ઈજા છે કે નહીં તે ઓળખવામાં મદદ કરે છે.

(૫) E-Exposure : માથાથી પગ સુધીની સંપૂર્ણ તપાસ. આ તપાસ અત્યંત જરૂરી છે કે જેથી દર્દીના શરીરમાં થયેલ કોઈપણ ઈજા ડોક્ટર અને તેની ટીમથી નજરથી ચૂકાઈ ના જાય.

દર્દીને થયેલ ઈજાની તીવ્રતા તથા શરીરના ચોક્કસ ભાગમાં થયેલ ઈજાને યોગ્ય રીતે સમજવા માટે હંમેશા ઝડપી અને સચોટ સાધનોનો ઉપયોગ કરવે અત્યંત જરૂરી છે. દર્દીને સ્થિર કર્યા બાદ તુરંત જ, ઈમરજન્સી વિભાગમાં જ FAST (Focused Assessment with Sonography for Trauma) સ્કેન કરવામાં આવે છે જે પેટ કે છાતીમાં આંતરિક રક્તસ્રાવ છે કે કેમ તે આપણને તુર્ત જ બતાવી શકે છે. આ પછી વધુ વિગતવાર માહિતી માટે સીટી સ્કેન કરવામાં આવે છે. જે દર્દીને થયેલ મગજ, છાતી, કરોડરજ્જુ, પેટ અને હાડકાંઓની ઈજાનું સ્પષ્ટ ચિત્ર આપે છે. લોહીના વિવિધ પરીક્ષણો દ્વારા દર્દીના શરીરમાં ઓક્સીજન, હિમોગ્લોબિન અને અન્ય મહત્વપૂર્ણ ઘટકોનું સ્તર સતત માપવામાં આવે છે.

પોલીટ્રોમાના દર્દીઓ ICUમાં હોય છે ત્યારે અમારું ધ્યાન માત્ર ઈજાઓની સારવાર પર જ નહી, પરંતુ સંભવિત જટિલતાઓને રોકવા ઉપર પણ હોય છે. શેલ્બી મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ્સ ખાતે અમે અત્યાધુનિક મોનીટરનો ઉપયોગ કરી હૃદયના ધબકારા, બ્લડપ્રેશર અને ઓક્સીજન લેવલ જેવા મહત્વપૂર્ણ પરિણામો પર સતત નજર રાખીએ છીએ. શ્વસનક્રિયા યોગ્ય રીતે ચાલતી રહે તે માટે વેન્ટીલેટર અને બ્લડપ્રેશર જાળવવા માટે ખાસ દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. કેટલાક સંજોગોમાં દર્દીઓ લાંબી સર્જરી માટે સ્થિરતા જાળવી રાખવા સક્ષમ ન હોય તેવા કિસ્સાઓમાં ટ્રોમા સર્જન રક્તસ્રાવ અને ચેપને નિયંત્રિત કરવા માટે ઝડપી અને જીવનરક્ષક પ્રક્રિયાઓ કરે છે તથા દર્દી જ્યારે યોગ્ય રીતે સ્થિર થાય ત્યારે સંપૂર્ણ સર્જરીનું આયોજન કરવામાં




આવે છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ દર્દીઓમાં ચેપનું જોખમ ખૂબ વધારે હોય છે. આથી, શેલ્બી મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ્સ જેવી મોટી હોસ્પિટિલોમાં સ્વચ્છતાના નિયમોનુ કડક પાલન થાય છે તથા ચેપને રોકવા માટે એન્ટીબાયોટીક્સનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે. શરીરને પુનઃસ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે યોગ્ય પોષણ મળવું પણ અત્યંત જરૂરી છે. જો દર્દી મોં વાટે આહાર લેવા માટે અસમર્થ હોય તો તેવા દર્દીઓને ટ્યુબ (નળી)ની મદદ વડે પોષણ આપવામાં આવે છે. ઉપરાંત, પોલીટ્રોમાના દર્દીઓને શક્ય બને તેટલી જલ્દી, સ્નાયુઓને નબળા પડતાં અટકાવવા માટે હળવી ફિઝીયોથેરાપી પણ શરૂ કરાવવામાં આવે છે. પોલીટ્રોમાના દર્દીઓની સાથે-સાથે તેમના પરિજનો માટે પણ આવી કટોકટી સમયે ધીરજ અને હિંમત રાખવી ખૂબ જ મુશ્કેલ હોય છે. તેઓ ખૂબ જ ચિંતા અને તણાવમાંથી પસાર થઈ રહ્યાં હોય છે. આથી, હું અને મારી ટીમ નિયમિતપણે પરિવાર સાથે વાતચીત કરીએ છીએ તથા તેમને દર્દીની સ્થિતિ અને સારવાર યોજના વિશે માહિતગાર કરીએ છીએ. દર્દીની રીકવરીમાં પરિજનોનો સહકાર અને હકારાત્મકતા ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ICUમાંથી બહાર આવ્યા બાદ પણ, પોલીટ્રોમાના દર્દીઓ માટે પુનર્વસનનો માર્ગ લાંબો હોઈ શકે છે જેમાં ફીઝીયોથેરાપીસ્ટ, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ અને કાઉન્સેલરની મદદ પણ લેવામાં આવે છે.

વ્હાલા વાચક મિત્રો, પોલીટ્રોમાના દર્દીઓની ક્રીકીટકલ કેર સારવાર એક લાંબી, જટિલ અને પડકારજનક પ્રક્રિયા છે. તેમાં અત્યાધુનિક ટેકનોલોજી અને પદ્ધતિસરના અભિગમનો ઉપયોગ કરીને નિષ્ણાતોની એક સમર્પિત ટીમ સામેલ હોય છે. બચાવેલો દરેક જીવ ટીમવર્ક અને આધુનિક ક્રીટીકલ કેરની શક્તિ અને સામર્થ્યનો પુરાવો છે. આ સાથે એ પણ યાદ રાખવું જરૂરી છે કે મોટાભાગના અકસ્માતો અટકાવી શકાય છે. ટ્રાફિકના નિયમોનું પાલન કરવું, સીટ બેલ્ટ અને હેલ્મેટ પહેરવા જેવી સાવચેતીઓ આપણને તથા આપણા પ્રિયજનોને આવી ગંભીર પરિસ્થિતિઓમાંથી બચાવી શકે છે.


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN®
SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડીયા**
પંચવટી બાગ, માલપરા
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકોથી વિભૂષિત થયેલ છે.

# બસ ! આટલી બાબતે ખ્યાલ, ખેતીમાં કાયમ ન્યાલ!

"ખેડૂત" એટલે શ્રમ થકી શરીર તોડનારો માત્ર મજૂર નહીં, "ખેડૂત" નો અર્થ છે- સમગ્ર ખેત વ્યવસ્થાનો એક "ઉત્તમ વ્યવસ્થાપક!" હા, એ વાત સાચી કે ખેડૂતના ભાગે બીજા ધંધાની સરખામણીએ શરીરશ્રમ ઠીક ઠીક વધારે કરવાનો થતો હોય છે. પણ એનો અર્થ એવો નથી કે આ ધંધાર્થીએ પંડ્ય તૂટી જાય એટલું માત્ર 'બળ' જ કર્યા કરવાનું અને બુધ્ધિને સાચવીને અભરાયે ચડાવી દેવી ! પંડ્ય મહેનતથી બહુ બહુતો પેટ ભરાય. અને પેટ તો આ ધરતી પર જન્મેલો દરેક જીવ ક્યાં નથી ભરતો ? ખેડૂત તો ધરતી માતાને યે સાચવનારો રળાવ દીકરો છે. એણે પોતાનું પેટ ભરવા ઉપરાંત બીજા પ્રાણીઓનાયે પેટ ભરવાનો પુરુષાર્થ કરવાનો છે. ખેડૂતે તો કેટલાયે જીવોને પોષનારી એવી ખેતીને ચલાવવા માત્ર મજૂરનો રોલ નહીં પણ એક ઉત્તમ વ્યવસ્થાપકનો પાઠ ભજવવો પડે!

હાથપગના બળ સાથે જ્યારે આંખ, કાન, મગજ અને હૃદય બધાનો પૂરો સથવારો સાંપડે ત્યારે તે પ્રક્રિયા માત્ર શરીરશ્રમ ન રહેતાં જીવમાત્રને પોષનારી આ ધરતીની પૂજા બની જાય છે. ખેતી માત્ર પેટ ભરવાનો ધંધો નથી.અગણિત જીવો વચ્ચે રહી અગણિત જીવોની રખેવાળી છે, કુદરત તરફથી વરસતી રહેતી કૃપા સૌમાં વહેંચનારી વ્યવસ્થા છે. આ વ્યવસ્થા કે વ્યવસાયની રખેવાળી માટે પણ કેટલીક વાતો ધ્યાન પર રાખવી પડે તેમ છે. સેવાના સાધનનેય સક્ષમ તો રાખવું જ પડેને ભાઇ ! તો આટલું કરીએ.

**(૧) આજનું કામ આવતી કાલ પર કદિ ન છોડવું :** બીજું બધું ઘણું મળે પણ વહી ગયેલો વખત પાછો મળતો નથી. "આજ" અને "આવતી કાલ" વચ્ચેનો સમયગાળો તો હોય ૨૪ કલાકનો. અત્યારનું સૂર્યકિરણની ઝડપે આગળ વધતું વિજ્ઞાન જ્યાં પળે પળે નવા પરિણામો દેખાડી રહ્યું હોય ત્યાં ૨૪ કલાકનો ફેર જો આપણે પડવા દઈએ તો ક્યારેક ધાર્યું પરિણામ મેળવવામાં માપથી ઝાઝા મોડા પડી જઈએ હો ભૈલા ! ઘોડાની દોડમાં માત્ર ફેર 'કાનહોરી' નો હોય, કાંઇ બેત્રણ 'નાડાવા'નો ન હોય ! નવી લાગતી વાતને અપનાવવામાં કે કંઇ જોખમી લાગતી વાતને છોડી દેવામાં વિલંબ થાય તો પાલવે જ કેમ ? 'ફટ' નિર્ણય ને 'ઝટ અમલ' માં અરધો પોણો દિવસ જો મોડા પડી જઇએ તો ક્યારેક કેટલું નુકશાન વહોરવું પડે તેનો અંદાજ હું કે તમે કરી શકીએ તેટલો સામાન્ય નથી હોતો. આજ કરવી જરૂરી હોય તેવી "વાવણી" કાલ પર ધકેલીએ કે આજે "હીટ"માં આવેલી ગાયને "આવતીકાલે ખૂંટ ભેગી કરી દેશું" તેમ માની તેના તરફ બેદરકારી રાખવી એટલે પરિણામ ? પરિણામમાં મળે મોટું મીંડું જ હો !

**(૨) ઉલળી કૂદકો ક્યારેય ન મારીએ :** કોઇ નવી વાત, પધ્ધતિ કે બિયારણ વિષેનું આશ્ચર્યજનક પરિણામ સાંભળીએ એટલે પ્રયોગશીલ ખેડૂતનું મન તે અપનાવવા કુદાકૂદ કરવા માંડે જ ! પંદરેક વરસ પહેલાં મને અમારા જૂના ગ્રામસેવક ભાઈએ હળદરની ખેતી જોવા રૂબરૂ આવવાનું આમંત્રણ આપ્યું. અમે પાંચ-છ જણા હળદરની ખેતી વિષે બધું જાણવા સમજવા 'ગોપાળગ્રામ-ઢસા' ગામે ગયા તો પાક પૂરો થઈ ગયેલો અને ખેંચી કાઢેલી હળદરનો ઢગલો ફળિયા વચ્ચે પડેલો ભાળ્યો. વાવેતરની અને કરવી જોયતી માવજત વગેરેની વિગતો તે ખેડૂત પાસેથી જાણી. અમને લાગ્યું કે સાહસ છે કરવા જેવું ! એટલે આખે આખો ૩૦૦ મણનો ઢગલો એ ખેડૂતે કીધો એ ભાવે ખરીદી લીધો અને હળદર લગાડી દીધી સામટી જમીનમાં. ઘણીબધી માવજત, લાંબો સમયગાળો અને પિયતની પૂરતી સુવિધા દીધા પછી પણ પરિણામ ? ન અમને પૂરું ફાવ્યું પકવતા કે ન ફાવ્યું સરખી રીતે વેચાણ કરતા ! ઉત્પાદન તો થયું બમણું, પણ રાખી રાખીને એટલી સંગ્રહી રાખી કે તે .....અંતે ઢગલામાં જ સડી ગઈ ! (વેચાણ ન ફાવ્યું) અને અમારે ખાડ ભેળી કરવી પડી !

અમારો વિસ્તાર નપાણિયો ! હળદરને વાવવી પડે ચોમાસા પહેલાં- અરે, ઉનાળે આગોતરી ઓરવાણ કરીને. નર્યા તડકા કરતાં તલકછાંયડી વધારે ફાવે તેવી હળદરને મનપસંદ ઝાડની છાયાં અમારે કાઢવી ક્યાંથી ? અને વળી વેચાણ બાબતે કશી હથરોટી તો હતી નહીં ! એટલે એવા ફસાયા કે હળદરનું નામ લેતાં બંધ થઈ ગયા ! મારો ઇરાદો નવી વાતની પહેલ બાબતે દુર્લક્ષ સેવવાનો જરાયે નથી. નવી વાત જરૂર પકડીએ પણ તેને સ્પર્શતી બધી બાબતોનો અભ્યાસ કરી લઇએ અને પહેલા તેનો થોડી જમીનમાં પ્રયોગ કરી જોઇએ, પરિણામો ચકાસીએ અને પછી સારું લાગેતો જરૂર વિસ્તાર વધારીએ. આવું જો નહીં કરીએ તો ક્યારેક ઊંડા કૂવામાં ઉતરી ગયા પછી ઉપર ચડી બહાર નીકળવાનું દોરડું હાથ ના લાગે અને જે સ્થિતિ ઉતરનારની થાય તેવી આપણી થઈ રહેશે.

**(૩) "કરકસર" નાનો ભાઇ છે તે કદિ ન ભૂલીએ :** આપણા રોજિંદા વ્યવહારમાં, ઘર વપરાશમાં જે ખાદ્યસામગ્રી, કપડાં-લતા કે વાહનવ્યવહાર વગેરે વપરાશમાં "માપથી વધુ તો વપરાઈ નથી જતું ને ?" - "પથારી કરતાં સોડ્ય લાંબી તો નથી થઈ જતી ને ?" (નહિતર ટાટિયા ઉઘાડા રહે !) તેનું સતત ધ્યાન રાખતા હોઇએ છીએ.બસ એમ જ, ખેતી પણ એક વ્યવસાય છે. બાર મહિને આવક અને ખર્ચનો છેડામેળ તો જ ઉતરે જો કાયમખાતે ખર્ચ બાબતે ઝીણું કાંતવાની ટેવ હોય ! ખેત વપરાશી માલ-સામાન, મજૂરી અને અન્ય ખરીદીઓ વખતે કસીને કામ લેવાતું હોય.

મારો પાડોશી છે હરખોભાઇ ! એણે કડવો કપાસ વાવેલો. એગ્રોની દુકાને ચૂસિયા મારવાની દવા લેવા ગયેલો. પરત આવતાં અમારો ભેટો થઈ ગયો. કંપનીની જાહેરાતની છાપ વાળો આખો થેલો દવાઓના કેનથી ભરેલો ભાળી હું પૂછી બેઠો , " શું હરખાભાઇ ! આખો થેલો દવાઓનો ભર્યો છે કે શું ?" તો કહે, " ગયો હતો 'ગળો' મારવાની દવા લેવા પણ શેઠિયો છે ઓળખીતો –કહે ' આજ નહીં તો કાલ, ઇયળો પણ પાકમાં આવવાની જ છે ને ? તે દિ દોડાદોડી ને હડિયાપાટી ન કરવી પડે માટે થેલામાં સાથોસાથ જ ભરતો જાને ! હું ક્યાં પૈસા અત્યારે માગુ છું ? માલ વેચાશે ત્યારે બિયારણ-ખાતર-પોતર અને આ દવાયું બધાનું ભેગું જ સમજી જાજે તુંતારે ૧' એટલે થયું કે લાવને લેતો જાઉં- તે દિ' બીજો ધક્કો નહીં ને !"

# કૃષિ સૃષ્ટિ

હું તમને કહું-એ તો વેપારી એટલો સારો કે હરખાભાઈને માત્ર રાસાયણિક ખાતર, બિયારણ અને દવાઓ જ ઉધારે આપ્યાં, બાકી ઉધારેથી ટ્રેક્ટર કે જીપ પણ લેતો જા એમ કહ્યું હોત તો મોઢાના મોળાં હરખાભાઈ ન જોયતાં આવાં રાક્ષસી સાધનો પણ ઘેર વસાવી અભરાઈઓ પર ખડકત !

જેની જરૂર નથી તેવી ચીજ મફતમાં મળે તો પણ વહોરવી શું કામ ? જ્યાં પાંચથી હાલતું હોય ત્યાં સાત ન ખરચાય. હિસાબ બારું પગલું ભરીએ તો "આંધળો વણે અને વાછડો ચાવે" એવો ઘાટ થાય ! એક વાત તો સૌ ખેડૂતોએ ડાબા કાળજે લખી રાખવી કે ઝીણી-મોટી ખરીદી માટે જરૂરી રકમ બેંક કે મંડળીમાંથી છેવટે એકસામટી ઉપાડીને ઘેર રાખી મૂકીએ અને એમાંથી જોયતો માલ-સામાન વેપારી પાસેથી કસાય તેટલો કસીને , ગુણવત્તામાં સારો હોય તેવો પણ રોકડેથીજ ખરીદવાનો આગ્રહ રાખીએ. ઉધારી તો કરવી જ નહીં. ઉધારી કરી એટલે આપણે તો મર્યા જ સમજવું ! ઝીણો ઝીણો ઉધારીનો ભાર આપણા મનની ગણતરીમાં નથી આવતો હોતો અને છેલ્લે જતાં એ બધાનો સરવાળો અને ઉપર ચડેલ "રામ" (વ્યાજ) ભેળા થાય ત્યારે એ ચૂકવવા આપણે તો ગોઠણભેર થઈ જવું પડે ! વગર જોયતું બોલવું પણ જો નુકશાની વહોરી શકતું હોય તો વગર જોયતી વસ્તુની આડેધડની ખરીદી કેટલું નુકાશાન વહોરાવી દે એનું થોડું નક્કી છે મિત્રો !

**(૪) "નિરાશ કદિ થવું નહીં"** આવી વાત કરવી બહુ સહેલી છે. જ્યારે એનો અમલ કરવો એટલો જ અઘરો છે. આ બાબતે આપણે બાળકોને ગુરૂ બનાવવા જોઈએ. તે નાનું હોય અને બોલતાં કે ચાલતાં હજુ ના શીખ્યું હોય-પણ બોલવા અને ચાલવા બાબતના જે પ્રયત્નો કરતું હોય છે તે નિરાંતવા થઈ નિરખજો ક્યારેક ! ઉચ્ચારો તોતડા કરે, ખોટા કરે, અરે ! એના કહેવાનો ભાવાર્થ આપણે ન સમજી શકીએ તો ફરીવાર કહે, ત્રીજી-ચોથી-અનેકવાર કહે. હાથ અને મોઢાના હાવભાવ અને સંકેતો એમાં ઉમેરે, પણ તેની વાત સમજાવ્યે જ રહે ! જુઓને ચાલતાં શિખવું હોય ત્યારે કેટકેટલી વાર તે પડી જાય છે ? છતાં તે બેસી નથી રહેતું. ફરીવાર તે ઊભું થાય છે અને સતત પરિશ્રમ કરતાં રહી, અંતે નિર્ભયરીતે ચાલતા શીખી જાય છે. અરે ! એક રસ્તો બંધ કરી આપણે આડા ઊભા રહી જઈએ તો ઘડીક આપણને હટાવવા મહેનત કરે, ન હટીએ એટલે બીજો રસ્તો ખોળી કાઢે ! આપણને ખબર પણ ન હોય તેમ આપણા બે પગ વચ્ચેથી સરકીને પેલી બાજુ ગયે પાર કરતું હોય છે. તો પછી આપણે તો બાળક કરતાં ક્યાંયે મોટા છીએ.

ખેતીના ધંધાની તાસીર જ એવી છે કે એમાં મુશ્કેલીઓ અને મુંઝવણોનો પાર હોતો નથી. ડગલે ને પગલે મુસીબતો મારતે ઘોડે આવી ચડતી હોય છે. ક્યારેક રોગ-જીવાત કે હવામાનનો કવા લાગી જવાથી આખી મોસમ નલ્લે પણ થઈ જાય તોયે શું ? "ચોમાસું" બગડ્યું, કંઈ જીંદગી થોડી હારી ગયા ? કાલ સવારે શિયાળુ મોલના મંડાણ થઈ જવાના હોય ! અને માનો કે એમાં પણ નબળું રહ્યું તો ? તો ઉનાળોયે જોતજોતામાં નીકળી જશે, અને પાછું ચોમાસું શરુ થવાનું જ છે ને ? "ઓણ" ન મળ્યું તો "પોર" મળી રહેશે, દિવસોના ક્યાં દુકાળ છે ભૈલા! હા, થોડી કષ્ટિ જરૂર વેઠવી પડે, પણ જે જમીનમાં આપણે ખાતર-માવજત કર્યાં હોય અને પૂરું વળતર કોઇ કારણોસર મળવા ન પામ્યું હોય, તો પછીની સાલ એનીએ ધરતી સવાયું દોઢું આપ્યા વિના રહેતી નથી એવો વરસોનો જાત અનુભવ છે, એટલે જ કહુ છું કે આપણો પુરુષાર્થ ચાલુ હોય તો સવા-કવા કે ભાવ બાબતે પાછો ટન આવ્યા વિના રહેતો નથી. હા, એ માટે જરૂર હોય છે બસ ધીરજ અને હિંમત રાખવાની જ !

**(૫) ઇશ્વર ઉપરની શ્રદ્ધા કદિ ખોવી નહીં :** હું નથી કહેતો કે દેવ-દેવીઓના દેવળોના દાદરા ચડવા અને પથ્થર એટલા દેવ બનાવી ખોટી અંધશ્રધ્ધા અને વહેમોના વમળમાં ઘસડાયા કરવું. વિચારો ! ખેતી આખો વ્યવસાય જ કુદરત સાથેના જીવંત નાતાનો વ્યવસાય છે. તમે જુઓને ! જમીન જીવતી, તેમાં વવાતું બીજ જીવતું, તેમાંથી ઉગેલ ઝાડ કે છોડવોયે હોય જીવતો ! અરે, અંદર લાગતી જીવાતો પણ જીવતી ! મોલાતની અંદર કામ કરતા મજૂરો અને પશુઓયે જીવતા ! અને કુદરતી પરિબળોની પાછી ધંધા પરની એવી અસરો કે વયવસાયમાં એકધારાપણું ક્યારેય જળવાય નહીં-તે વાત સાવ સાચી હોવા છતાં, આ ધંધાનું જમા પાસું એ છે કે બીજા બધા ધંધા તૈયાર માલને રૂપાંતરિત કરવાના. જ્યારે ખેતી ધરતીમાંથી નવું ઉત્પન્ન કરનાર. વળી સંપૂર્ણ પણે પ્રાકૃતિક હોવાથી તેમાં એક પણ પૈસાનું ખોટું કરવાનું આવતું નથી. પળે પળે કુદરત તરફથી નવી ચેતનાઓ પ્રગટતી રહેતી હોય છે. એટલે માણવા ધારી તો સઘળું કુદરતનું જ સાંન્નિધ્ય ગણાય ! માત્ર આર્થિક કમાણીને જ આપણા ધંધાના મુલ્યાંકનની ફૂટપટ્ટીમાં માપશું કે તેના દ્વારા જળવાઇ રહેતું શરીર સ્વાસ્થ્ય બાબતનું સુખ, ચોખ્ખાં દૂધ-ઘી, ખોરાક અને હવાપાણી, પ્રામાણિક કમાણી દ્વારા પ્રાપ્ત થતો રોટલો અને એમાંથી મળતો અનેરો આનંદ, એક જાતનો સંતોષ અને મનની શાંતિ, આ બધું શું વ્યવસાય મૂલવણીમાં જમા પાસું ન ગણાય? કીડીને કણ અને હાથીને મણ એનોએ દેવાવાળો છે. આપણે તો યોગ્ય દિશામાં પુરુષાર્થ કર્યે જવાનો. "મહેનતનું ફળ મળ્યા વિના રહેતું નથી" એવી કુદરત પરની શ્રધ્ધામાંથી કદિ ચલિત ન થઈએ.

**(૬) કોઇ વાત "ખાનગી" શું કામ ?** સારી વાતનું વિસ્તરણ કરીએ : જેવી જેની મહેનત અને જેવી જેની દ્રષ્ટિ-એ પ્રમાણે સૌને ઓછી-વધતી ઉપજ મળી રહેતી હોય છે. પણ આપણને સારી લાગતી વાત બીજાને જણાવીએ નહીં તો એકલપેટા અને સ્વાર્થી-નર્યા "પેટભર્યા" જ ગણાઇએ ને ? સુખ વહેંચવાથી વધે છે. એક સફળ અનુભવ બીજા પાંચ જણાને કહીએ તો તેઓ પણ તેનો અમલ કરતા થાય. અને તો બધાને લાભ મળે. વળી કોઇ માઠો અનુભવ થયો હોય તો તેની પણ સૌને જાણ કરીએ કે "ભાઈ! અહીં તો ઊંડો કૂવો છે, હું પડી ગયો હોત તો માંડ નીકળ્યો, તમે ધ્યાન રાખજો ! તો બીજા તો તેમાં પડતા બચી શકે ?

**દુઃખ પણ વહેંચવાથી ઘટે છે :** વરસો પહેલાં "સાગની ખેતી" વિશે અમે અંજાઈ ગયા હતાં. વાડીમાં સારામાં સારી જમીન આપી, ફોરેસ્ટ વિભાગની ખડાધાર નર્સરીમાંથી સાગના સ્ટંપ લાવી ૨૫ વિઘામાં રોપાણ કરેલું. ખાતરનો ધરવ, ટપકથી પિયત, સંરક્ષણમાંયે કોઈ જાતની મણા નહીં,

(અનુ. પેઈજ ૪૫ ઉપર)

# કૃષિ સૃષ્ટિ



**ગિરિશ પટેલ - પ્રાકૃતિક ખેડૂત પુત્ર**
લેખક પ્રાકૃતિક ખેતી ઈન્ચાર્જ
ગુજરાત પ્રદેશ ભા.જ.પા
૧૦૮ ટીમના સભ્ય, વિશ્વ ઉમિયાધામ

# કિચન ગાર્ડન માટે ઉપયોગી બિયારણો તથા ખાતરો

કિચન ગાર્ડનમાં ઉપયોગી એવા શાકભાજી બિયારણો જેવા કે, મેથી, ધાણા, પાલખ, ફ્લાવર, ડુંગળી તથા ખાતરોમાં જરૂરી એવા દીવેલી ખોળ, લીમડાનો ખોળ, કોકોપીટ, ડી.એ.પી. યુરિયા વગેરે જેવા ખાતરોનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત ઘર આંગણાના બાગમાં ખુણામાં નાનો કમ્પોસ્ટ પીટ રાખવો જોઈએ જેથી બાગનો કચરો, ઘાસ તેમજ રસોડાનો જીવંત કચરો તેમજ પાન તેમાં તેને સડાવી નાખી તેનો કમ્પોસ્ટ તરીકે ઉપયોગ કરી શકાય.

**કિચન ગાર્ડનમાં ઔષધીય બગીચો :**

ઔષધીય પાકો જેવા કે, કુવારપાઠું, તુલસી, અરડૂસી, હળદર, અશ્વગંધા, કરીયાતુ, શતાવરી, જેઠીમધ, લેમનગ્રાસ વગેરે ઘર આંગણે ઉગાડી શકાય છે.

તાવ, શરદી, ઉધરસ વગેરે જેવા રોગ સામે ઔષધીય વનસ્પતિઓનો ઉપયોગ કરી ઘરગથ્થું ઉપાયોમાં કરી શકાય છે.

**કિચન ગાર્ડનમાં ઉગાડવામાં આવતાં ફળપાકો :**

ઘર આંગણાના બગીચામાં વિવિધ પ્રકારના શાકભાજી પાકો ઉપરાંત ફળપાકો જેવા કે, પપૈયા, કેરી, કેળા, ચીકુ, લીંબુ, અમળાં, સ્ટ્રોબરી વગેરેની વાવણી કરી સીઝન મુજબ તંદુરસ્ત ફળનો સ્વાદ માણી શકાય છે.

**કિચન ગાર્ડનમાં ફૂલપાકો :** ઘર આગણાંના બગીચામાં વિવિધ પ્રકારના શાકભાજી પાકો ઉપરાંત ફુલ પાકો જેવા કે, ગુલાબ, જાસુદ, ગલગોટા, મોગરા, બારમાસી, સેવંતી, ચમેલી, ચંપા વગેરેની વાવણી કરી ઘરની શોભામાં વધારો કરી ઘરનું વાતાવરણ સુગંધમય બનાવી શકાય છે.

**કિચન ગાર્ડનમાં પાકસંરક્ષણ અંતર્ગત જીવાતો નું ધ્યાન રાખવાના મુદ્દાઓ :**

કિચન ગાર્ડનમાં નુકશાન કરતી જીવાતોનું નિયંત્રણ : ઘર આંગણે ઉગાડવામાં આવતાં શાકભાજીના પાકોમાં શરૂઆતમાં જીવાતનો



ઉપદ્રવ છોડના અમુક ભાગો (કળી, ફૂલ, ફળ) પર જોવા મળતો હોય છે. તેથી શરૂઆતમાં આવા ઉપદ્રવિત ભાગોને તોડી લઈ તેનો યોગ્ય નિકાલ કરવો. જીવાતની વિવિધ અવસ્થાઓ નાશ કરી શકાય છે. વધારે પડતું પિયત ન આપવું. સેન્દ્રિય ખાતરો (છાણિયુ ખાતર, ખોળ, વર્મિકમ્પોસ્ટ, પ્રેસમેડ વગેરે) અને જૈવિક ખાતરો (બાયોફર્ટિલાઈઝસ)નો બહોળો ઉપયોગ કરવાથી ઉધઈનો ઉપદ્રવ નિવારી શકાય છે. લીમડાનો ખોળ અને મરઘાં-બતકાંની હગારનું ખાતર (પોલ્ટ્રી મેન્યોર) વાપરવાથી કૃમિ સામે પાકને રક્ષણ પુરું પાડે છે.

કેટલીક સ્થાનિક વનસ્પતિઓ (લીમડો, કરંજ, મહુડો, અરડુસી, મત્સ્યગંધાતી, પીળી કરેણ, ધતૂરો, ફૂદીનો, સીતાફળ, બોગનવેલ)ના પાનનો અર્ક શાકભાજી પાકોમાં છાંટવાથી જીવાતો સામે રક્ષણ પુરું પાડે છે. આ બધી જ વનસ્પતિઓ પૈકી જીવાત નિયંત્રણ માટે લીમડો ખૂબ જ મહત્વનો પુરવાર થયેલ છે. લીમડાના તાજા પાન (૧૦%) અને લીમડાની બીજનો ભૂકો (૫% અર્ક) વસ્તી ઘટાડવામાં અસરકારક માલુમ પડેલ છે. આવી વનસ્પતિજન્ય બનાવટનો ઉપયોગ કરવાથી તે જીવાતને ઈંડા મુકતી અટકાવે છે અને છંટકાવ કરેલ ભાગ ખાઈ ન શકતાં જીવાત ધીરે ધીરે મરણ પામે છે. આ ઉપરાંત ફેરોમોન, ટ્રેપ, પીળા હજારી ગોટાનું વાવેતર, સ્ટ્રીકી ટ્રેપનો ઉપયોગ કરી જીવાતોનું દવાઓ સિવાય નિયંત્રણ કરી શકાય છે. તેમ છતાં જંતુનાશક

# કૃષિ સૃષ્ટિ

દવાઓનો છંટકાવ કરવાની જરૂરિયાત ઊભી થાય તો આડેધડ ઉપયોગ ન કરતાં નિષ્ણાંત પાસેથી માહિતી મેળવી ઉપયોગ કરવો.

કિચન ગાર્ડનના રોગ અને જીવાતોના નિયંત્રણ માટે ઘરગથ્થું દવાઓ અને ઉપયોગ કરવાની પદ્ધતિ :

**(૧) ડુંગળી, લસણ :** ડુંગળી અને લસણ તીવ્ર વાસ ધરાવે છે. તેના નાના ટુકડા કરીને મિક્ષરમાં ક્રશ કરી પેસ્ટ બનાવવી. આ તૈયાર કરેલ પેસ્ટને પાણીમાં નાખી આ પાણીને છોડ પર સ્પ્રે કરવાથી કીડી - મકોડા જીવાતોથી છુટકારો મળે છે.

**(૨) મીઠું :** ૪ લિટર પાણીમાં ૨ ચમચી મીઠું ઓગાળીને સ્પ્રે કરવાથી જીવાતોનું પ્રમાણ ઘટી જશે.

(૩) ચૂસિયાં પ્રકારની જીવાતો / ઈયળોનો ઉપદ્રવ ન થાય તે માટે લીંબોળીના મીંજનું દ્રાવણ અથવા લીંબોળીના તેલનો ઉપયોગ છંટકાવ માટે કરવો.

(૪) ફુગજન્ય રોગો માટે છાસ/ગૌ મૂત્રનો ઉપયોગ કરવો.

કિચન ગાર્ડન માટેની યોજના અંગેની માહિતી :

રાજ્યમાં બાગાયત ખાતાની વડી કચેરી બાગાયત નિયામકશ્રીની કચેરી, કૃષિભવન, સેક્ટર-૧૦/એ ગાંધીનગર ખાતે આવેલ છે.

### કિચન ગાર્ડનમાં શાકભાજી પાકોનું વાવેતર અંતર કેટલું રાખવું જોઈએ.

| ક્રમ | પાક | વાવેતર અંતર (સે.મી.) |
|---|---|---|
| ૧ | મરચી | ૭૫ × ૬૦, ૬૦ × ૬૦ |
| ૨ | રીંગણી | ૯૦ × ૭૫, ૭૫ × ૬૦ |
| ૩ | ટામેટી | ૯૦ × ૭૫, ૭૫ × ૬૦ |
| ૪ | કોબીજ, ફલાવર | ૪૫ × ૩૦, ૩૦ × ૩૦ |
| ૫ | ડુંગળી | ૧૫ × ૧૦, ૧૦ × ૧૦ |

રાજ્યના દરેક જિલ્લાઓમાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીઓ આવેલી છે. જ્યાંથી કિચન ગાર્ડન યોજના વિશે માહિતી મેળવી શકાય છે. તદ્‌ઉપરાંત રાજ્યના ૧૮ જિલ્લાઓમાં આ યોજના હેઠળ નવીવન કિચન ગાર્ડનની સ્થાપના માટે સ્થળ ઉપર તાંત્રિક માર્ગદર્શન તથા શાકભાજી બિયારણો તથા જરૂરી ખાતરોના પેકેટો તૈયાર કરી નહિ નફો કે ખોટના ધોરણે પ્રજાજનોને વેચાણ કરવામાં આવે છે.

### કિચન ગાર્ડનમાં ઋતુ મુજબ લેવાતા શાકભાજી પાકો

| ક્રમ | ઋતુ | વાવેતર સમય | શાકભાજી |
|---|---|---|---|
| ૧. | શિયાળો (રવી ઋતુ) | ઓક્ટોબર-નવેમ્બર | ટામેટી, મરચી, રીંગણ, કોબીજ, ફલાવર, લસણ, ડુંગળી, મૂળા, ગાજર, વાલ, વટાણા વાલોળ-પાપડી, તુવેર, મેથી, પાલક, ધાણા, શક્કરીયાં વગેરે પાકો |
| ૨. | ઉનાળુ | ફેબ્રુઆરી - માર્ચ | ભીંડા, ચોળી, ગુવાર, દુધી, કારેલા, તુરીયા, ગલકાં, ઘીલોડી, પરવળ, કાકડી, તરબૂચ, શક્કરટેટી, મેથી, ધાણા, રીંગણ વગેરે પાકો |
| ૩. | ચોમાસું (ખરીફ ઋતુ) | જુન-જુલાઈ | રીંગણ, મરચી, ટામેટી, ભીંડા, ગુવાર, ચોળા, દૂધી ગલકાં, તુરીયા, કારેલા, તુવેર, કંકોડા, ઘીલોડા, કાકડી, ડુંગળી, પરવળ વગેરે પાકો. |

# બાલ સૃષ્ટિ




સંપાદક :
**ડો. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી, સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.





: લેખિકા :
ગિરા પિનાકીન ભટ્ટ
સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકાર
અને દિલ્હી સાહિત્ય
અકાદમી એવોર્ડ વિજેતા
મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨


# જિરાફનો ન્યાય

ધોળો-ધોળો બગલો ખૂબ ઘંમડી હતો. આખો દિવસ નવરો ફરે, વળી ના હોય ત્યાંથી નવા-નવા ફતવા કાઢે. ગધેડાને તાવ આવે તેવાં ગતકડાં જોડી કાઢે... પોતે સાવ ધોળુંધબ હોવાને કારણે અભિમાનમાં ને અભિમાનમાં રહે. એણે એક પછી એક બધાં કાળાં પંખીઓ ને પશુઓ સાથે વ્યવહાર કાપી નાખ્યો.

કાળો કાગડો, કોયલ, કાબર, ભેંસ, સાપ એમ બધાં જ કાળાં પશુ-પંખી સાથે વિના કારણે દુશ્મની ઊભી કરી. બધાં બગલાને ભગત સમજી એની વાતમાં આવી જતાં, એની વાત સ્વીકારતાં. આમ ને આમ વન-વગડામાં કાળાં-ધોળાં પશુ-પંખીઓના ભાગ પડી ગયા. ધોળા પશુ-પંખીઓ તો એજ ભ્રમમાં જીવે ને એક જ ગતકડાં ગાયે રાખે...

**'કાળાં જાણે કોલસાની ખાણ, કાઢો એમનો કચ્ચરઘાણ.**

આવું બોલતાં-બોલતાં બગલો, સફેદ કબૂતરો, ગધેડો એ બધાં જ તૂટી પડતાં કાળાં જીવ ઉપર. એમાંય વળી અક્કલ વગરનો ગધેડો તો સહૂને લાતે-લાતે ફરી વળતો. ગાયની વાત કોઈ કાને ધરતું નહીં, આમ ને આમ કાગડો, કોયલ, કાબર, ભેંસ એ બધાં બિચારાં થઈ ગયાં હતાં. તેઓ જાણે ઓશિયાળું જીવન જીવતાં.

એક દિવસ કાળાં પંખી-પશુઓ ભેગાં થયાં અને આવો અન્યાય ક્યાં સુધી સહન કરવાનો એમ એક-બીજાને કહેવા લાગ્યાં. કાગડાએ કા...કા... કરતાં પોતાની ચાંચ ખોલી, 'ચાલોને... આપણે બધાં ભેગાં થઈ હંસ પાસે જઈએ.... હંસ ન્યાયી છે, તે ન્યાય કરે તે બરાબર, આપણે આમ વિના વિના વાંકે...'

'ના ભાઈ ના, હંસ આપણા ઉપરાણામાં ન બોલે. એ તો ધોળાઓનું જ ખેંચશે. આપણું નહીં.' કોયલે એનો મત સંભળાવી જ દીધો.

પછી તો કાળાં-ધોળાં સહુ જિરાફ પાસે ગયાં. જિરાફ પાસે આવી કહેવા લાગ્યાં, 'જિરાફજી.... શું કાળી જાત સઘળી ખરાબ છે ?...'

જિરાફ બોલ્યું, 'મારા ડિલે કાળા પટ્ટા પણ છે, ને સફેદ પટ્ટા પણ છે. હું તો ન્યાય જોખી-તોલીને કરીશ.' જિરાફની આ વાત બંને પક્ષોએ માન્ય રાખી. પછી વિચાર કરીને જિરાફે કહ્યું, સાંભળો મારા સાથી મિત્રો, આપણે સહુ વગડાના જીવ. આ કાળું ને પેલું ધોળું, અરે! આ માણસોમાં પડેલો ભેદભાવ આપણામાં ક્યાંથી આવ્યો ?... આપણામાંથી કોઈને આવો વિચાર સુધ્ધાં આવ્યો ન હતો. અરે ! ભલા જીવ, માણસોની પણ મતિ ફરી ગઈ છે, એટલે એમની પાસેથી પણ લેવા જેવું ને સારું જ્ઞાન લેવું. બાકી.... એ બધાં આપણામાંથી પ્રેરણા લે એવું આપણે કરવું જોઈએ....' આમ કાળા-ધોળાના વિવાદોમાં તો યુગો વીતી જાય.

જિરાફની આવી સમજદારીભરી વાણી સાંભળી બગલો નમી ગયો અને બધાં કાળાં પશુ-પંખીઓને પ્રેમથી ભેટી પડ્યો. એ તો જિરાફ પાસે બેસી ગયો અને આભાર માનવા લાગ્યો. જિરાફની સમજાવટથી બધાં સંપી ગયાં, સમજી ગયાં ને સાથે રહેવા લાગ્યાં.

(અનુ. પેઈજ ૪૨નું શરૂ)

## આટલી બાબતે ખ્યાલ....

સરભરામાં બસ, ગાદલું ને ગોદડું જ આપવાનું બાકી રહ્યું હતું. અને માળે શરૂ શરૂમાં હોંકારોયે એમ આપેલો ! રાજાની કુંવરની જેમ સડસડાટ વધીને વીસ પચીસ પચીસ ફૂટ સુધીની ઉંચાઈ પકડી ગયેલો ! અરે, આકાશવાણી રાજકોટ રેડિયો - "ગામનો ચોરો" પરથી અમે તો બે વાર્તાલાપ આપેલા કે "આવી સોના જેવી સાગની ખેતી બાજુ સૌરાષ્ટ્રના ખેડૂતોનું ધ્યાન કેમ ગયું નથી ?" પણ સાત આઠ વરસ પ્રભુને રીજવવા આગતા સ્વાગતા અને પૂજા રૂપી સેવા-ચાકરી કર્યા પછીયે એના થડિયાએ જોઈએ એટલી જાડાઈ ન પકડી ત્યારે પછી મુંઝાયા અને કારણો શોધવા લાગ્યા કે સાગની ખેતીમાં આપણે નાપાસ કેમ થયા ? અને અમે પકડ્યું કે પંચવટીબાગની જમીનમાં નીચે ખુબ ચીકણી એવી "ગોરમટી" માટી અને સુંઠિયા પથ્થરનો મોટો દળ અને પછી તરત જ બેસી જાય કાળમીંઢ પથ્થર ! અને સાગ ચોપાણના સમય પછીથી વરસાદ બાબતે ઘણા ચોમાસાં રહ્યાં હતાં સાવ નબળાં, એટલે એને રેશનિંગથી ભાગે પડતું "ટપક"થી મળતું પિયત એને મન ઓછું પડતું હોય પાણી- બધાં કારણો એવા થયાં ભેળાં કે સાગને અમારી વાડી ન ફાવી ! ને અમારે સાગનો વિદાય કાર્યક્રમ કરવો પડ્યો ! આ "અમે નાપાસ થયા એવી જાણ અન્ય ખેડૂતોને પણ કરવી જોઈએ" એને અમે ફરજ માની સૌને જાણ કરી. જેથી અન્ય ખેડૂતો તો સૌરાષ્ટ્રમાં સાગની મોટી ખેતી કરતાં પહેલાં પૂરી રીતે વિચારે.

કોઈ વાત ખાનગી રાખવી શું કામ ? એક કરતા બે ભલા ! એકબીજાને મદદ કરીએ તો સંગઠનની એક તાકાત ઊભી થાય અને અનુભવોનો સરવાળો થાય તો ખેતી વધારે મજબૂત થાય ભલા !

- મો. ૯૩૨૭૫૭૨૨૯૭

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## ઉંઝા ખાતે શ્રી ઉમિયા માતાજીના મૂળ સ્થાનક ગાંખ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ







શ્રી ઉમિયા માતાજી મૂળ સ્થાનક ગાંખ મંદિર, ઉંઝા ખાતે યોજાયેલ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખ શ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી પ્રહલાદભાઈ એ. પટેલ, શ્રી વી. પી. પટેલ, શ્રી ડી. એન. ગોલ, કાંતિભાઈ પટેલ - ખજાનચીશ્રી, શ્રી ભગુભાઈ પટેલ તથા ટીમ ઉપસ્થિત રહી મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી. આ શુભ પ્રસંગે પ્રમુખશ્રીએ પોતાના વક્તવ્યમાં સમાજના સશક્તિકરણ - એકત્રીકરણ માટે દરેક સમાજ - સંસ્થા - સંગઠનને એક મંચ પર લાવવાની જરૂર છે. જેથી સમાજમાં અખંડતા - એકતા અને આસ્થાના સંકલ્પ સાથે સુખી - સંપન્ન અને સંગઠિત સમાજનું નિર્માણ થશે.

## પરમ પૂજ્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સાથે મુલાકાત





વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા અને પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબે SGVP ખાતે પરમ પૂજ્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની તબિયત પૂછપરછ અંતર્ગત મુલાકાત લીધી. સ્વામીજીના ઉત્તમ આરોગ્યલાભ અને સંપૂર્ણ સ્વસ્થતા માટે જગતજનની મા ઉમિયાના પાવન ચરણોમાં હૃદયપૂર્વક પ્રાર્થના કરી.

# બોટાદ ખાતે રથ પરિભ્રમણ સમાપન સમારોહ ધામધૂમથી યોજાયો












બોટાદ શહેરમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૨૧ ડિસેમ્બરના રોજ આયોજિત ઉમિયા માતાજીના રથનું ભવ્ય અને ઐતિહાસિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રથયાત્રામાં પાટીદાર સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ૫૦૦૦ થી વધુ બાઈક, ૨૦૦૦ થી વધુ કાર તેમજ ટ્રેક્ટરમાં બેઠેલા મહિલાઓ અને બાળકો સાથે હજારોની જનમેદની ઉમિયા માતાજીના જયઘોષ સાથે જોડાઈ હતી. ટ્રેક્ટરમાં માતાજી તથા વિવિધ ભગવાનના વેશ ધારણ કરેલા બાળકો લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સમગ્ર શહેરમાં ભક્તિભાવપૂર્ણ માહોલ સર્જાયો હતો. ઉમિયા માતાજીના આ રથનું કડવા પાટીદાર સમાજ સાથે લેઉવા પટેલ સમાજના આગેવાનો દ્વારા પણ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. રથ પરિભ્રમણ દરમિયાન વિવિધ સમાજોના લોકોએ પણ ઉમિયા માતાજીને નમન કરી સ્વાગત કર્યું હતું. જેનાથી સમાજમાં એકતા અને સમરસતાનો સંદેશ પ્રસરી ગયો હતો.

પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, બોટાદમાં તમામ સમાજના લોકોને ઉમિયા માતાજીના દર્શનનો લ્હાવો મળ્યો છે અને આવનાર સમયમાં કડવા પાટીદાર સમાજ તમામ સમાજને સાથે રાખી બોટાદના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરશે. રથયાત્રા બાદ સભાખંડ ખાતે સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સમાજોના આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આવી હતી. સમગ્ર કાર્યક્રમ બોટાદ માટે ગૌરપૂર્ણ અને ઐતિહાસિક બની રહ્યો હતો. ઉપપ્રમુખ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દિલીપભાઈ સાબવા, શંકરભાઈ ધોળું ઉપરાંત બોટાદ જિલ્લાના પાટીદાર સમાજના નામી અનામી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ યુવા ટીમ, મહિલા ટીમ, ઉમા છાત્ર ટીમ તથા ૧૦૮ ટીમના સહકારથી સફળ બન્યો હતો.



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## સામાજિક સંગઠન - ૧૦૮ ટીમ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ









વિશ્વ ઉમિયાધામ જાસપુર ખાતે સામાજિક સંગઠન અને ૧૦૮ ટીમ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં કુલ ૬૪ ટીમો ભાગ લઈ સામાજિક સંગઠન અને ૧૦૮ના કાર્યકર્તાઓ એકબીજા સાથે સંગઠન મજબુત કરવા માટે આ ટુર્નામેન્ટનું આયોનજ કરવામાં આવ્યું હતું.

આ મેચમાં દરેક હોદ્દેદારોએ ભાગ લઈ પોતાના કૌશલ્ય ઉજાગર કરવાનો પ્રયત્ન કરેલ અને આ મેચના કારણે સંગઠનમાં ખૂબ મોટા પ્રમાણમાં નવા નવા કાર્યકર્તાઓને જોડવાનો પ્રયત્ન કરવામાં આવેલ.

## સુરત ખાતે નવીન કાર્યાલયનો શુભારંભ





વિશ્વનુ સૌથી ઊંચામાં ઊંચું(૫૦૪) જગતજનની મા ઉમિયાનું મંદિર અમદાવાદ ખાતે જાસપુરમાં તેજ ગતિથી નિર્માણ પામી રહ્યું છે, જેમાં ધર્મ ઉપરાંત અનેકવિધ પ્રવૃતિઓ અવિરતપણે ચાલી રહેલ ત્યારે દક્ષિણ ઝોન ગુજરાતના સર્વે પરિવારો સંસ્થાની વિવિધ પ્રવૃતિઓથી માહિતગાર થાય તે અંતર્ગત સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ સુરત શહેરમાં નવીન કાર્યાલયમાં મંગલ પ્રવેશ કરવામાં આવ્યો. આ પ્રસંગે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવેલું જેમાં સંસ્થાના ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ, શ્રી દીપકભાઈ એમ. પટેલ, મંત્રીશ્રી દામોદરભાઈ બી. ભાવાણી, કેન્દ્રીય સામાજિક સંગઠન કો. ચેરમેનશ્રી પ્રવીણભાઈ બી. પટેલ તથા દક્ષિણ ગુજરાત ઝોન પ્રભારીશ્રી સુરેશભાઈ એ. પટેલ તથા દાતાશ્રીઓ, હોદેદાશ્રીઓ અને ઉમાભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગંગાજળથી ભરેલા ૧૦૮ કળશ ગર્ભગૃહમાં સ્થાપિત કરાયા













જાસપુર ખાતે વિશ્વ ઉમિયાધામમાં જગતજનની મા ઉમિયાનું વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટના ભવ્ય મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. ૧૪ ડિસેમ્બરનો રોજ મંદિરમા કળશ પૂજન વિધિ યોજાઈ હતી. તેમાં ૧૦૮ દંપતિ/યજમાન દ્વારા ગંગાજળથી ભરેલા ૧૦૮ કળશ ગર્ભગૃહમાં સ્થાપિત કરાયા. સાથે જ દેશની ૧૦૮ પવિત્ર નદીના જળથી સમગ્ર ગર્ભગૃહ પવિત્ર કરવામાં આવ્યું હતું. આ પવિત્ર જળ કાશ્મીરથી હિમાલય, અરૂણાચલથી દક્ષિણ ભારત સુધીના વિદ્વાન બ્રાહ્મણોના માર્ગદર્શન હેઠળ એકત્ર કરાયું છે.

વિશ્વ
ઉમિયાધામ
અમદાવાદ

# "મારી ઈંટ મા ના મંદિરે"
## ઈંટદાન અભિયાન

Vishv UMIYA Foundation



"વીરતા પરમો ધર્મ" અને "એકતા પરમો ધર્મ" ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે "હું સનાતની છું" ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં "મારી ઈંટ મા ના મંદિરે" અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

મિત્રો, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ.

"ધર્મો રક્ષતિ રક્ષિતઃ" મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.

## મારું ઈંટદાન
## મા ના ચરણોમાં

એક ઈંટદાન
રૂા.૧૦૦૦/-

બેંક વિગત : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA mastercard Google Pay UPI PhonePe

**ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો**

Mob. Play store માં જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

"વિશ્વ ઉમિયાધામ-જાસપુર", વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Registered Under “R.N.I. No. GUJGUJ/2023/84401” Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721




siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઈ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN